સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

આપણા કૌટુંબિક જીવનની માવજત કરી
આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને વ્યક્તિ ઘડતર દ્વારા
સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-
PUBLICATION : 2ND DATE OF MONTH

# ઘરશાળા

વર્ષ : ૪૧ | સળંગ અંક : ૫૦૨ | અંક : ૧૨ | માર્ચ - ૨૦૧૯



## ફાગણ આયો રે...

## 'પ્રેમની પરબ'નો વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી







શ્રી રાજસૌભાગ આશ્રમ પ્રેરિત સાયલા 'પ્રેમની પરબ' શૈક્ષણિક અભિયાનનો વાર્ષિક ઉત્સવ આશ્રમના પ્રાંગણમાં બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ 'રંગ રંગ વાદળિયા' રજૂ થયો. ગૌરવ સમારોહમાં શ્રેષ્ઠતાના એવોર્ડ એનાયત થયા. આ પ્રસંગે બ્રહ્માનંદ વિદ્યાધામ ચોપરડાના (જિ. જૂનાગઢ)ના સંત પૂ. મુક્તાનંદજી બાપુ, મનસુખભાઈ સલ્લા, મીનળબેન શાહ, ગીરીશભાઈ ગઢવી, ચંદ્રકાન્તભાઈ વ્યાસ હાજર રહ્યા. શિક્ષકો-વિદ્યાર્થીઓ મહેમાનો મળી ૨૦૦૦થી વધુ લોકો કાર્યક્રમના સહભાગી બન્યા.

## સરસ્વતી કુમારશાળા નં.૨









# ઘરશાળા

**માર્ચ - ૨૦૧૯**

**વર્ષ : ૪૧    સળંગ અંક : ૫૦૨**



સ્થાપક તંત્રીઓ : **હરભાઇ ત્રિવેદી**
**રઘુભાઇ નાયક**

તંત્રીઓ : **જશીબહેન નાયક**
**જ્યોતીન્દ્રભાઇ દવે**
**સજુભા ઝાલા**

પરામર્શ : **મૃદુલાબહેન ત્રિવેદી**
**અમીતાબહેન પાલખીવાલા**
**અશોકભાઈ સોમપુરા**
**હેતલબહેન શાસ્ત્રી**

લે-આઉટ - ડિઝાઈન : **મનીષ પટેલ**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**

| લવાજમ : | ભારત | પરદેશ | |
|---|---|---|---|
| વાર્ષિક : | ૧૫૦/- | ૪૦ $ | ૨૫ ¤ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦/- | ૨૦૦ $ | ૧૦૦ ¤ |


**કાર્યાલય :**
**'ઘરશાળા' શૈક્ષણિક માસિક**
**સરસ્વતી વિદ્યામંડળ**
**ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ,**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૮.**
**ફોન : ૨૨૯૨૦૫૩૭, ૨૨૯૨૫૫૭૦**
Email : gharashala@saraswatividyamandal.org
website : saraswatividyamandal.org


## અનુક્રમ


મારી શૈક્ષણિક વિભાવનાઓ — ડૉ. મોહનભાઈ પંચાલ / ૪
સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫
સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૭
રઘુભાઈની અનોખી શાળા — અમીતાબહેન પાલખીવાલા / ૧૪
ગાંધીજીની દોઢ સદી - ૨૦૧૯ જ્હોન રસ્કિન અને અર્થચિંતન — હીરજીભાઈ નાકરાણી / ૧૯
"શાળા અને રાષ્ટ્રના ઉત્સવો" — જશીબહેન નાયક / ૨૪
૫૦ વર્ષના મા-બાપ પાસે બાળકોની અપેક્ષા — ડૉ. નાનક ભટ્ટ - શિશુવિહાર / ૨૭
સત્ય-અસત્યની સાઠમારી — રણછોડ શાહ / ૨૯
હવે તો નીકળો ભેરુ...! — ઈશ્વર પરમાર / ૩૦
મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન અને વર્તમાન સમયમાં ઔચિત્ય — ડૉ. સંજય કે. કોરિયા / ૩૧
પાયાની હૂંફ — ડૉ. હિતેષ બી. શાહ / ૩૪
કામચોરીનો કીમિયો - ૧ — ડૉ. વિજય ઠક્કર / ૩૬
ગાંધીજી અને કાકા કાલેલકર : હિન્દુ ધર્મમાં તપ અને ભક્તિયુક્ત કર્મની કેળવણી — પ્રવીણ કે. મકવાણા / ૩૮
કેળવણીનાં મૂળતત્ત્વો — કાકાસાહેબ કાલેલકર / ૩૯
નિષ્ઠાવાન શિક્ષકનો જાદુ — અશોક સોમપુરા / ૪૦
શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧



# "ઘરશાળા" શૈક્ષણિક માસિક

**લેખક જોગ - વાચકો જોગ**

**માહિતી મોકલવા માટે ઈ-મેઈલ**

**gharashala@saraswatividyamandal.org**

**વાંચવા માટે**

**www.saraswatividyamandal.org/publication**

# મારી શૈક્ષણિક વિભાવનાઓ

**ડૉ. મોહનભાઈ પંચાલ**

મંથન, ૪૦, જનવિશ્રામ સોસાયટી, સહજાનંદ કૉલેજ પાછળ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

## વર્ગખંડનું પ્રેરક પર્યાવરણ

આપણે જાણીએ છીએ, કે ભણવું અને ભણાવવું એ માનસિક પ્રક્રિયાઓ છે તેથી બાળકોના મનની ખુશી, આનંદ અને રુચિ રસ જળવાઈ રહે, તેવું વાતાવરણ પેદા કરવાનું અને પ્રેરણા પ્રદાન કરે તેવો વ્યવહાર કરવાનું પ્રત્યેક જાગૃત અને નિષ્ઠાવાન શિક્ષકનું પ્રથમ દાયિત્વ બની રહે છે.

આ હેતુ સિદ્ધિ કરવા માટે વર્ગખંડની ભૌતિક વ્યવસ્થા ને આંતરિક ગોઠવણ કરવાનું પ્રથમ પગલું ભરવું ઘટે. સંભવ છે, કે પ્રત્યેક વર્ગખંડનું બાંધકામ સિમેન્ટ-કૉંક્રિટનું પાકું અને આધુનિક નહિ હોવાનું. વર્ગખંડ ભલેને ઝૂંપડીમાં હોય કે તંબુમાં, તેમાં પૂરતાં હવાઉજાશ, સ્વચ્છતા, સુઘડતા અને સુવ્યવસ્થા હોવાં ઘટે. ઉનાળાની અતિ ગરમી, શિયાળાની કડકડતી ઠંડી અને ચોમાસાની ભીનાશનું યત્કિંચિત નિયંત્રણ કરવાનું આયોજન કરવાની સૂઝ અને આવડત શિક્ષકે કેળવવાં જોઈએ.

વર્ગખંડની દીવાલો અને છત, આંશિક રીતે પણ સુશોભિત, શણગારેલી અને સ્વચ્છ હોય, તેના ઉપર થોડાંક શૈક્ષણિક ચિત્રો, ચાર્ટ અને એક-બે નકશા લટકતા હોય, તો તે થકી વર્ગખંડનું પર્યાવરણ પ્રેરક અને પ્રસન્નતાજનક બની જાય છે.

અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાને પ્રેરક અને પૂરક બની રહે તેવાં ખૂબ જરૂરી પ્રસાધનો-શ્યામફલક, ચિત્રો, મૉડલ્સ વગેરે-યોગ્ય સ્થાને ગોઠવવાની કાળજી શિક્ષકે રાખવી ઘટે. વર્ગખંડમાં જેમને દિવસના ચાર-પાંચ કલાક બેસીને અધ્યયન કરવાનું છે, તેમની બેઠક વ્યવસ્થા મોકળાશવાળી, સ્વચ્છ અને સુખદાયક હોવી અતિ જરૂરી છે.

અને છેલ્લી, છતાં અતિ મહત્ત્વની વાત, એ છે કે વર્ગખંડના ભૌતિક પર્યાવરણ કરતાં માનસિક પર્યાવરણ જાળવવાનું-પરસ્પર પ્રેમ, ભાવના, માધુર્ય અને આત્મીયતા-અધ્યયન-અધ્યાપનને પ્રેરક બની શકે છે.

# સંપાદકીય

**જ્યોતીન્દ્રભાઈ દવે**

## ભય અને ભાર સાથેનું ભણતર

### આનંદ લોકે મંગળા લોકે પધારો શ્રી સત્ય સુંદરમ્

આ સત્ય અને સુંદરમ્‌ની આરાધના આનંદ નહીં પણ ભય અને ભારરૂપ બની છે. માર્ચ મહિનામાં તે પરાકાષ્ઠાએ પહોંચે છે. મહા અને ફાગણ મહિનાના વસંત ઉત્સવ તેમજ સરસ્વતી પૂજા, ભયગ્રસ્ત થઈ જાય છે. આનંદની જગ્યાએ તનાવનું વાતાવરણ વિદ્યાર્થી જગતમાં અને વાલીઓમાં પ્રસરે છે. શિક્ષકો અને ટ્યૂશનવાળા છેલ્લી ઘડીની સલાહ, સૂચનો, ટિપ્સ આપવામાં વ્યસ્ત છે. બોર્ડ અને શિક્ષણખાતુ પોલીસખાતા (ફલાઈંગ સ્કૉડ)માં તબદીલ થઈ જાય છે. દરોડા પાડવાની ટુકડીઓ બને છે. ફલાઈંગ સ્કૉડ સીસીટીવીના ફૂટેજની ચકાસણી અને રેકોર્ડિંગ ગુનેગારોને શોધવાની મદદ આવે છે. પરીક્ષાર્થીઓને ચોરની નજરે જોવામાં આવે છે. શિક્ષકો, સુપરવાઈઝરની ભૂમિકામાં ગુનાશોધક શેરલોક-હોમ બની જાય છે. શિક્ષણ સાથે સ્નાન સૂતક ન હોય તેવા સરકારી નોકરો જમાદારની ભૂમિકામાં પરીક્ષાકેન્દ્રોમાં દંડા પછાડવા આવે છે.

એક સાચો સંનિષ્ઠ શિક્ષક કે કેળવણીકાર ખૂણામાં કોચલું બની ખિન્ન   દયે આ તમાશો લાચાર થઈને જોવે છે. આ વાસ્તવિક ચિત્ર છે.

આવું કેમ? પરીક્ષાનો ભય શા માટે? ભણતરને આપણે કેમ ભાર વાળું બનાવ્યું છે? તનાવગ્રસ્ત કિશોરો શા માટે આપઘાત કરી જીવન ટૂંકાવે છે? આવા અનેક પ્રશ્નો ઊઠે છે. જવાબ સંતોષકારક મળતો નથી.

વિદ્વાનોએ અનેક કારણો આપ્યા છે, નિવારણ નથી આપ્યુ. પરીક્ષાલક્ષી ભણતર, હરીફાઈ, તકોનો અભાવ આ કારણો છે, પણ આપણી મૂળભૂત માનસિકતા જ પરીક્ષાલક્ષી છે. પરીક્ષા ન હોય તો અભ્યાસ અને શિક્ષણ તરફ દરેક કક્ષાએ ઉદાસીનતા આવે છે. આર.ટી.ઈ.માં ધો. ૧ થી ૮ સુધી પરીક્ષાઓને દૂર કરી તો શું પરિણામ આવ્યું? ભણીએ તોય શું અને ન ભણીએ તોય શું? ઉપરના ધોરણમાં તો જવાનું જ છે તેવી શિથિલ માનસિકતા વિદ્યાર્થીઓમાં, વાલીઓમાં અને શિક્ષકોમાં આવી અને પરિણામે આજે શું પરિસ્થિતિ છે તે આપણે સૌ જાણીએ છીએ.

આમ પરીક્ષાલક્ષી શિક્ષણ ભણવા માટે મજબૂર કરે છે પરીક્ષા વગરનું શિક્ષણ આપણને શિક્ષણથી વિમુખ બનાવે છે આ બે ધ્રુવો વચ્ચે વિદ્યાર્થી ફંગોળાય છે.

છેલ્લા વર્ષોમાં સરકાર પણ તેના પરિપત્રોમાં ભય અને ધમકીની ભાષામાં વાત કરે છે. મોટા ભાગની સૂચનાઓ હુકમ રૂપે થાય છે. શૈક્ષણિક શાલિનતાનો અભાવ અને ધાક-ધમકી વધુ હોય તેવું પણ જોવા મળે છે. પરિપત્રના અંતે એક વાક્ય તો અવશ્ય હોય જ "માન્યતા રદ કરવામાં આવશે"

શિક્ષણમાં માન્યતા એ ધંધાના લાયસન્સનો પર્યાય બની ગઈ હોય તેમ લાગે છે. સરકારે તેની ભાષા અને પત્રવ્યવહારમાં ભયને સ્થાને સૌજન્ય દાખવવાની જરૂર છે.

શિક્ષણમાં પરીક્ષા અને ભયની સાથે સાથે વિદ્યાર્થીઓના દફતરના ભારનો પણ વિચાર કરવો જરૂરી છે. "ભાર વિનાનું ભણતર" નો વિચાર પ્રો. યશપાલે આપ્યો પણ અમલ અને વાસ્તવિકતા જુદી છે. સવારે સ્કૂલ બસના સ્ટૅન્ડ ઉપર ઊભા રહો તો સમજાશે કે દફતરનો ભાર કેટલો છે. બસમાં ચડતી વખતે મજૂરને જેવી રીતે ટેકો કરવો પડે તેવો ટેકો મા-બાપો સ્કૂલ બસમાં ચડતા બાળકોને કરે છે. આ પરિસ્થિતિના મૂળમાં શિક્ષણને આપણે ધંધો બનાવ્યો છે.

નોટબુક, ગાઈડો, પુસ્તકો, પ્રોજેક્ટ, કામની સાધન સામગ્રી, રમત-ગમત માટે જુદા બૂટ-મોજા, યુનિફૉર્મ, આ તમામનું એક બજાર ઊભું થયું છે. શાળાઓ કમિશન એજન્ટ બની છે. બાળકો માટે અને વાલીઓ માટે ભાર છે તો ક્યાંક પ્રતિષ્ઠા પણ છે.

આમ માર્ચ-એપ્રિલ ભય અને ભારનો મહિનો છે. શિક્ષણ જગત આ પરિસ્થિતિમાંથી ક્યારે છુટકારો મેળવશે ?

## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ?, આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે ?, આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ?, આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવા વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઈ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂા. : ૧૫૦/- ● આજીવન રૂા. : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ,**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

## સ્મરણયાત્રા

**જશીબહેન નાયક**

મૈત્રી સોસાયટી, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.

# સરસ્વતીની સુવાસ પ્રસરે છે અસારવામાં...

"તમે અમેરિકાથી આવ્યા પછી તેના અનુભવની વાત કરી નથી. પેલા પ્રિય એવા લીમડાની નીચે ઠંડી હવામાં આપણે તેની વાતો કરીએ." મેં રઘુભાઈને કહ્યું. અને "મિનેસોટામાં તમારો અનુભવ બરફની સાથે સંકળાયેલો છે ખરું ને ? એની તો વાત કરો ?" અમે લીમડા નીચે જઈને બેઠા, અરે ! મિનેસોટાનો બરફ એવો કે શાળા-કૉલેજો તો બંધ થાય પણ જીવનવ્યવહાર પણ બંધ થઈ જાય ! આમ અમારી વાત શરૂ થાય ત્યાં તો સામેથી જયંતીભાઈ ગજ્જર, હિંમતભાઈ અને અસારવામાંથી આવતા વિદ્યાર્થીઓના વાલીઓને આવતા જોયા. હસીને રઘુભાઈ કહે ચાલો આપણે વાતો બંધ કરીએ. આ લોકો પ્રત્યે ધ્યાન આપીએ.

અમારી સામેના બાંકડા પર તેઓ પણ ગોઠવાઈ ગયા. હિંમતભાઈએ બોલવાનું શરૂ કર્યું : "રઘુભાઈ, આ બધા મારી સાથે આવેલા ભાઈઓનાં બાળકો અહીં સરસ્વતીમાં ભણે છે. તેઓ તમારી સાથે વાત કરવા માંગે છે. આથી તેઓ મને તેમની સાથે અહીં લેતા આવ્યા છે. ધીરગંભીર અવાજે રઘુભાઈ બોલ્યા, "તમે સાથે ન આવ્યા હોત તો પણ હું આ વાલીઓ સાથે વાત કરત." હાંકુમાને સાદ કરી તેમણે સારી મસાલેદાર ચા લાવવાનું કહ્યું.

એક વાલીએ વાત શરૂ કરી : "રઘુભાઈ સાહેબ", તેમને બોલતા અટકાવી રઘુભાઈએ કહ્યું, "હું વળી સાહેબ ક્યારથી થયો ?" ફરીથી તેઓ હસીને બોલ્યા, "અચ્છા, રઘુભાઈ, અમારા અસારવા લત્તામાંથી સોએક જેટલા વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. શરૂમાં દસ હતા. તેમાંથી ૧૦૦ વિદ્યાર્થી થયા છે. અમે આપને વિનંતી કરવા આવ્યા છીએ કે સરસ્વતીની એક બીજી બ્રાન્ચ અસારવામાં ખોલો.

રઘુભાઈ થોડીવાર વિચારમાં પડી ગયા. આ નવી શાળા ખોલવા માટે ઘણું બધું પ્લાનિંગ અને વિચારો જરૂરી છે. હિંમતભાઈ અને જયંતીભાઈ રઘુભાઈના વિચારો જાણી ગયા હોય એમ બોલ્યા, "સર, આ વાત ઉપર આપણે વિચારણા અને પ્લાનિંગ કરીને આ વાલીઓને વાત કરીએ." રઘુભાઈએ કહ્યું કે તમે સૌ અહીં આવ્યાં છો તેમના સૌના સાથની અને શાળાને યોગ્ય મકાનની પણ જરૂર પડશે. અસારવા વિસ્તારે અમારામાં વિશ્વાસ મૂક્યો છે તેનો અમને આનંદ છે. હું વિચારી રહી હતી કે સરસ્વતીની સુવાસ અસારવા સુધી પહોંચી છે. આ મંડળીને નિરાશ ન કરવી પડે તો સારું.

•

પંદરેક દિવસ બાદ એક રવિવારે સવારે શ્રી હિંમતભાઈએ આવીને કહ્યું કે, અસારવા લત્તામાં એક સાકર મહાજનની વાડી છે અને એ લોકો આપણને શાળા શરૂ કરવા એ મકાન આપવા તૈયાર છે, એ લોકો નવા આઠ વર્ગો તાત્કાલિક બાંધી આપવા તૈયાર છે.

"તો તો શાળા શરૂ કરવાનાં એંધાણો સ્પષ્ટ થતાં જાય છે. આશાના નવાં કિરણો જાણે અસારવાના બાળકો પર પ્રગટ થઈ રહ્યાં છે !"

•

તે જ દિવસે રઘુભાઈ મને કહે, "આપણાં કેળવણીના મિશનને સમજે એવાં મારી આંખ સમક્ષ અત્યારે તમે એક જ છો. સરસ્વતીના આદર્શો, પ્રણાલિકાઓ તમે ત્યાં સારી રીતે વ્યવહારમાં મૂકી શકશો એમ હું માનું છું. વળી, અસારવાથી આવતા બાલયુવાનો તમને ઓળખે પણ છે. એટલે ત્યાંના પ્રથમ આચાર્યા તરીકે તમે જાઓ એવી મારી ઇચ્છા છે."

રઘુભાઈની કોઈપણ વાતને મેં કદી નકારી ન હતી. આજે વારંવાર વિચારોના વમળમાં મન હતું. હું વિચારી રહી હતી કે આજ સુધી રઘુભાઈની કોઈ વાતને મેં નકારી નથી, એમના કહેવા પાછળ જરૂર વાસ્તવિક કોઈ કારણ

હોવું જોઈએ. ભાવનગરના કામ મૂકીને માધુભાઈ મિલના ધુમાડિયા વાતાવરણમાં કામ કરવાનું જ્યારે મેં મનથી સ્વીકાર્યું હતું ત્યારે પણ મેં મારા મન સાથે કોઈ દલીલો કરી જ ન હતી. રઘુભાઈએ આદરેલા યજ્ઞને સફળતા મળે એ જ એ મારા મનનો આદર્શ હતો. કારણ તેઓ માત્ર મારા પતિ ન હતા પણ મિત્ર હતા. કેળવણીના ક્ષેત્રે સહ-કાર્યકર્તા હતાં. આ વાત અજાગ્રતપણે મારા મનમાં કાયમને માટે લખાઈ ગઈ હતી. કોઈપણ નવી વાતને કહેતી વખતે રઘુભાઈ બોલતાં ઓછું પણ એ બે કે ચાર વાક્યોમાં પણ એમનાં વિચારો સમજી લેતા મને મુશ્કેલી પડતી નહિ. તેથી એક આ નવા રસ્તાના પથિક બનવા મેં રઘુભાઈની વાત મનોમન સ્વીકારી લીધી.

સવારમાં ઊઠીને ચા પીતાં પહેલાં મેં રઘુભાઈને કહ્યું, “તમને કદાચ એમ થયું હશે કે અસારવાના આચાર્યા બનવાની તમારી વાતનો મેં જવાબ આપ્યો નથી, પરંતુ મેં ના પણ પાડી નથી. ખરું ને ?” હસીને તેમણે શૅક હૅન્ડ કરીને કહે, “મને વિશ્વાસ હતો કે, તમે ના નહિ પાડો એટલે મેં કોઈ બીજાનું નામ વિચાર્યું પણ ન હતું.

સરસ્વતીનું પ્રસારણ એટલે કે એક લત્તામાંથી બીજા લત્તામાં સરસ્વતીનો પ્રવેશ એ અમારે મન એક ગૌરવની વાત હતી. શ્રી હિંમતભાઈ અને શ્રી જયંતીભાઈ ગજ્જર પણ અમારાં જેટલું જ ગૌરવ અનુભવતા હતા.

અસારવાના લત્તામાં સરસ્વતી એક શાળા ખોલે છે એ વાત પ્રસરી ગઈ. સરસ્વતીમાં ભણવા આવતાં વિદ્યાર્થીના હરખનો પાર નહોતો. તેઓ બીજાઓને કહેતા કે અમારી શાળાની એક શાખા અસારવામાં ખૂલે છે. એનો પ્રતિભાવ વાલીઓ ઉપર વધારે થયો અને નવાં વર્ષે વાલીઓ પોતાનાં બાળકોને બીજી શાળામાંથી લઈને અસારવા વિદ્યાલયમાં મૂકવા લાગ્યાં. હવે મને ખાતરી થઈ ગઈ કે શાળા શરૂ થવાની વાત વાસ્તવિક બની ગઈ. વાલીઓ હિંમતભાઈ અને જયંતીભાઈ પાસે નામો લખાવવા આવતા. મારા મનની ગમતી પંક્તિ હોઠે આવ્યા કરતી હતી. ‘પ્રયાણ પંથ સામને બઢા કદમ બઢા કદમ.’

**સરસ્વતીનું પ્રયાણ અસારવા તરફ :**

અસારવા લત્તો અમદાવાદનો જૂનામાં જૂનો લત્તો હતો. એ લત્તાનું નામ પહેલાં આસાવરી હોવું જોઈએ એમ સાંભળેલું. બેઠકથી આગળ વધો એટલે અસારવા ચકલા આવે અને અસારવાથી ચમનપુરા તરફ જઈએ ત્યાં એક સાકર મહાજનની વાડી આવેલી છે. આવા ભરચક લત્તામાં આ વાડીનું મકાન અને અંદરની જગ્યા શાળાને લાયક હતી.

જયંતીભાઈ અને હિંમતભાઈ પાસે શાળામાં દાખલ થવાનાં નામોની સંખ્યા વધતી જતી હતી. પાંચમીથી આઠમી સુધીના વર્ગો શરૂ થવાની શક્યતા દેખાતી હતી. આમ અણધાર્યું પણ છતાં અસારવા વિદ્યાલયનું અસ્તિત્વ વાસ્તવિક બની ગયું. કેટલાક ઉત્સાહી કાર્યકરોએ આ વિદ્યાલયના ઉદ્‌ઘાટન માટે શ્રી મોરારજીભાઈ દેસાઈને આમંત્રણ આપ્યું. તેઓ સંમત પણ થયા. તેમણે કહ્યું કે ‘અમદાવાદના પૂર્વ વિસ્તારમાં રહેતા લોકોને માટે રઘુભાઈ જે કામ કરી રહ્યા છે એ માટે હું જરૂર આવીશ. ખરી રીતે તો આ કામ રાષ્ટ્રનું કહેવાય. ગરીબ લત્તામાં સારી શાળા અને સારી કેળવણી રઘુભાઈ આપે છે. રઘુભાઈ પૂર્વ વિસ્તારમાં રહેલા યુવાન વિદ્યાર્થીઓનાં જીવનને ઉજ્જવળ બનાવે છે. આ રઘુભાઈની પ્રશંસા તેમને કહેશો નહિ.’ મોરારજીભાઈ તરત જ હસી પડ્યા.

ઉદ્‌ઘાટનનો દિવસ આવી પહોંચ્યો. તારીખ ૮મી જૂન હતી. સરસ્વતીના સૌ કાર્યકરો આજે સાકર મહાજનની વાડીને શણગારવામાં મશગૂલ હતા. આસોપાલવનાં તોરણો બંધાઈ ગયાં હતાં. ચાકળા અને તોરણો સભાના સ્થળને શોભાવી રહ્યા હતા. ભાઈશ્રી ભગવતીભાઈ મંગલ ગીતની તૈયારી કરી રહ્યા હતા. આમ આ વાડીમાં ઉત્સવનું વાતાવરણ જામી ગયું હતું. એ વાતાવરણમાં અગરબત્તીની સુવાસ વાતાવરણને વધારે મધુર બનાવી રહી હતી. સરસ્વતી દેવી જાણે અદશ્ય રીતે આકાશમાંથી શાળાના કાર્યકરોને અને વિદ્યાર્થીઓને આશીર્વાદ આપી રહ્યાં હતાં. ‘આ કાર્યમાં તમને સૌને સફળતા મળે એવા મારા આશીર્વાદ છે’ સરસ્વતી દેવીના આશીર્વાદ અમારા સૌ

ઉપર જાણે વરસી રહ્યા હતા. એના પ્રતીકરૂપે બે-ચાર નાની વાદળીઓ જાણે આવીને વહેતી ગઈ અને સભાખંડની થોડી ઘણી ધૂળ હતી તે પણ બેસી ગઈ અને માટીની સોડમ સૌના મનને પ્રેરણા આપી જતી હતી.

શ્રી મોરારજીભાઈને આવવાનો વખત થયો. સરસ્વતીનાં બાળકોનું બૅન્ડ દરવાજામાં ગોઠવાઈ ગયું હતું. શ્રી મોરારજીભાઈ સફેદ વસ્ત્રોમાં અમારા અસારવા વિદ્યાલયમાં પ્રવેશ્યા. શ્રી રઘુભાઈ, શ્રી હિંમતભાઈ તેમની સાથે કદમ બઢાઓ.... આજ તુમ્હારે પથ પર નઈ દિશા, નયા ઉજાલા, આગે કદમ બઢાઓ...' શ્રી મોરારજીભાઈ આ સ્વરો સાથે સ્ટેજ પર પહોંચી ગયા. સભા ગોઠવાઈ ગઈ. ભગવતીભાઈએ રવીન્દ્રનાથ ટાગોરનું ગીત શરૂ કર્યું. 'હે મંગલ.... ચરણતલ...' અને સંગીત પૂરું થતાં કાર્યક્રમમાં શ્રી મોરારજીભાઈની શુભેચ્છાઓ અસારવા વિદ્યાલયને મળી. આમ આખો ઉદ્‌ઘાટન કાર્યક્રમ પૂરો થતાં અસારવાથી આવતા સરસ્વતીના વિદ્યાર્થીઓએ રઘુભાઈને ઊંચકી લીધા અને ખૂબ આનંદ વ્યક્ત કર્યો. આમ અસારવા વિદ્યાલયમાં કેળવણીનો કાર્યક્રમ શરૂ થયો. આજે અમારા સૌના માટે એક ગૌરવનો દિવસ હતો.

આમ, શ્રી મોરારજીભાઈ દેસાઈના આશીર્વાદ સાથે અસારવા વિદ્યાલયની શરૂઆત થઈ.

## મનની અંગત અકળામણ

એક બહેનપણી જે અમદાવાદની અગ્રણી સામાજિક કાર્યકર ગણાતી તેણે દોસ્તીના ભાવે કહ્યું : 'અરે જશીબહેન !, આ ચમનપુરા જેવા લત્તામાં તમે સ્કૂલ બનાવી, તમને ખબર છે આ લત્તાની ? આ લત્તો એક ક્રિમિનલ એરિયા ગણાય છે, જ્યાં નજીવા કારણે ખૂન પણ થાય છે. સ્ત્રીઓ તો જતાં પણ ડરે છે. મેં મોઢું હસતું રાખ્યું, પણ મનમાં વિચાર તો આવી ગયો કે આ એક ક્રિમિનલ લત્તો છે. "મેં કહ્યું દોસ્ત, તારી વાત સાચી છે. આ લત્તાના વિશેષ નામ તરફ મારું ધ્યાન દોર્યું એ માટે હું તારી ઋણી છું, પણ સરસપુરમાં જ્યારે શાળાની જવાબદારી લીધી ત્યારે છઠ્ઠે દિવસે આધેડવયની સ્ત્રીઓની મશ્કરી થતાં મેં જોઈ છે. દોસ્ત, આવા લત્તામાં કામ કરવું એ એક શિક્ષક તરીકે મને કસોટીએ ચડાવશે. હું જોઉં છું જે બાળકો આવે છે તેમાંના પચાસ ટકા બાળકો તદ્દન અભણ પરિવારના હોય છે. જ્યારે બીજા પચાસ ટકા અસારવાના પટેલ કુટુંબોના શિક્ષિત બાળકો છે. આ બધાને ભેગા મળીને ભણાવવા એ પણ એક કસોટી જ છે ને."

આમ અમે ક્યાંય સુધી વાતો કરતા રહ્યા. ચમનપુરા લત્તાની ઓળખાણે હું ઢીલી પડી, પણ ફરી મનમાં દઢ નિશ્ચય કર્યો. સારા લત્તામાં કામ કરવું સહેલું છે. સાચી પરીક્ષા તો મારી અહીં જ થવાની છે. હું મનમાં ને મનમાં સરસ્વતીનો પહેલો દિવસ યાદ કરી રહી હતી.

વૈશાખનો એ બપોર હતો. મિલોના ભૂંગળામાંથી ધુમાડો આકાશમાં ચારેકોર પ્રસરતો. એ આકાશને કાળું ધબ્બ બનાવી દેતો. એવે વખતે મિલોનું ભૂંગળું વાગ્યું. ટિફિન લઈ મજૂરો ઊભા થયા. એક મજૂરે રોટલાનો વધેલો કટકો દૂર ફેંક્યો અને એ રોટલાના વધેલા કટકાને લેવા એક ભિખારી એ ટુકડા તરફ દોડ્યો. તો બીજી બાજુથી કૂતરું દોડ્યું. આખરે ભિખારી ભૂખ્યો રહ્યો. એ દશ્ય મારી સ્મરણયાત્રાનું પહેલું ચરણ હતું. ભયંકર ગરમી, કાળું આકાશ, ભૂખ્યો ભિખારી, કૂતરું આ બધા પાત્રો માધુભાઈ મિલના રૂથી ભરેલા કંપાઉન્ડમાં મારી નજર સમક્ષ આવીને ઊભાં રહ્યાં. મારા મનને મેં કહ્યું, "હે મન ! તે દિવસ તો પહેલો દિવસ હતો જેનો મને પરિચય થયેલો. પછી તો આવા અનેક અનુભવોમાંથી પસાર થયા પછી તું આ ચમનપુરા લત્તાના ક્રિમિનલ લત્તામાં આવીને ઊભી છો. હિંમત એકઠી કર, આમ તે કંઈ ઢીલા થવાતું હશે ?" મન સ્વસ્થ થયું. એ લત્તાના બાળકોને હું જોવા લાગી. ગુનેગારોની વાત ભૂલી જવાનો સૌથી સારો માર્ગ બાળકોને યાદ કરવાનો હતો. ચાલો, મને નિશ્ચય કર્યો. અસારવા વિદ્યાલયમાં આવતા બાળકો કદી ગુનેગાર ન થાય અને સારા નાગરિકો બને. તેઓ અમને ચાહે. અમે તેમને ચાહીએ. એવી સારી શાળા ચલાવીએ. આ સ્વપ્ન ૫૧ વર્ષના ઉત્સવ વખતે સત્ય બન્યું હતું.

એ જ પાંચમી-છઠ્ઠીમાં ભણતાં સૌ ગૃહસ્થી બનીને ચમનપુરા લત્તામાં હાર-તોરાથી અમારું સ્વાગત કર્યું હતું. આ ટોળીના સંપર્કમાં આવેલા એક ભાઈએ તો જે વર્ણન કર્યું એ સાંભળીને આજે પણ મન ગૌરવ અનુભવે છે અને આંખ ભીની થાય છે.

અસારવા વિદ્યાલયમાં ૧૯૫૩માં ભણેલા વિદ્યાર્થી સુવર્ણજયંતી વખતે નાગરિકો બની ગયા હતા. સુવર્ણજયંતી પ્રસંગે સરસ્વતીની રેલી અસારવા-ચમનપુરામાં આવવાની છે તેવી વાત પ્રસરતાં, અસારવા-ચમનપુરાના એ સજ્જન નાગરિકોએ તેની આગલી રાત્રે ઉજાગરો કરી આખું ચમનપુરા શણગાર્યું હતું. જાણે દિવાળી આવી ન હોય ! ચમનપુરા લત્તાની અનેક નામી-સંસ્થાના એ તમામ કાર્યકરોએ હાર-તોરા અને બૅનરો બનાવ્યાં. સરકારી કર્મચારીઓએ રેલીનું સ્વાગત કરવા રજા આપી. આખા ચમનપુરા-અસારવામાં જાણે મોટો તહેવાર-ઉત્સવ હોય તેવું વાતાવરણ ઊભું થયું. જ્યારે દબાણપૂર્વક રેલી આવી ત્યારે સૌએ ફૂલહાર-બૅન્ડવાજા અને ફટાકડાના મોટા પડઘમ વચ્ચે સ્વાગત કરી શ્રી રઘુભાઈને ઊંચકી લીધા. આખું અસારવા-ચમનપુરા આજે હરખના હિલોળે નાચી રહ્યું હતું.

અમારો સુવર્ણજયંતી ઉત્સવનો એ દિવસ દસ દિવાળી ભેગી ઉજવાતી હોય તેવો લાગતો હતો.

મુ. શ્રી રઘુભાઈને જ્યારે ઊંચકી લીધા ત્યારે ફૂલોથી ઢંકાઈ ગયેલા રઘુભાઈને હું જોઈ રહી હતી. પૂલના નાકેથી તો બાલભારતીના પ્રવેશદ્વાર સુધી હર્ષનાદ સાથે એ નાગરિક બનેલા વિદ્યાર્થીઓના હર્ષનાદો સાંભળી રહી હતી. બીજી બાજુ જોયું તો શ્રી વિઠ્ઠલભાઈનું શરીર પણ ફૂલોથી ઢંકાયેલું જ હતું. બૅન્ડવાજા પણ વિદ્યાર્થીના માલિકીનાં જ હતા. આ આખા પ્રસંગ વચ્ચેનો સમય અને આજના પ્રસંગે ક્રિમિનલ શબ્દ સ્મરણમાંથી ક્યારનોય ભૂંસી નાખ્યો હતો અને સૌ નાચતા અને ગાતા હતા. મીઠાઈ એકબીજાના મોંમાં મૂકતા હતા. સરઘસમાં રહેલા શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલન મંડળના સભ્યો, શ્રી ઉષાબહેન, શ્રી જ્યોતીન્દ્રભાઈ, પાંચ હજાર વિદ્યાર્થીઓ સાથે ચમનપુરા લત્તામાં ફેલાઈ ગયા હતા. સરસ્વતી જીવંત બની ગઈ હતી. માનવતાના પાઠોનો સાક્ષાત્કાર થતો હતો ત્યારે અસારવા ક્રિમિનલ એરિયા છે તે ભુલાઈ ગયું.

●

હે મન ચાલ હવે ૧૯૫૩ની સાલમાં પાછું આવી જા. મન કેવું ચંચળ છે. ૧૯૫૩ની અકળામણમાંથી હું તો ક્યાં પહોંચી ગઈ. અસારવા વિદ્યાલયની શરૂઆતમાં જે બધા નવા શિક્ષકો હતા એ નવા શિક્ષકોનો પરિચય ધીરે ધીરે મને થતો જતો હતો. મનમાં હું એવાં સ્વપ્નાં સેવતી કે આવેલા સૌ શિક્ષકોનું ટોળું એક સરસ મજાની ટીમ બની જાય અને એ ટીમ બનાવવા માટે જે કોઈ પ્રયત્નો કરવા ઘટે તે માટે હું તૈયારી કર્યા કરતી.

એક વખત રજાના દિવસે મેં રઘુભાઈને વાત કરી કે વિદ્યાલયના શિક્ષકો જાણે મારાથી અતડા રહેતા હોય તેવું લાગે છે. તો એનું કારણ તમે શોધી કાઢો ને ? શું કારણ હશે ? રઘુભાઈના સૂચન પ્રમાણે એ લોકોના અતડાપણાના કારણ શોધવાના પ્રયત્નો મેં શરૂ કર્યા. જયંતીભાઈ ગજ્જરને પણ મેં વાત કરી કે આપણે એક સારી ટીમ બનાવવી છે એટલે આપણે પરિચય વધારીએ. રિસેસમાં શિક્ષકોની સાથે બેસીને ચા-પીવાનું મેં શરૂ કર્યું. એકાદ અઠવાડિયામાં મેં એ લોકો પાસે એક સૂચન મૂક્યું કે આપણે એક ટી-કલબ શરૂ કરીએ તો ? તે વખતે સો મૌન રહ્યા પણ હું નિરાશ ન થઈ. બીજા દિવસે મેં સરક્યુલર કાઢ્યો કે આપણે ટી-કલબ શરૂ કરીએ છીએ. એમાં જેને જોડાવું હોય તે તેની સંમતિ આપે. હેમુભાઈ, જયંતીભાઈ, નારણભાઈ અને હું આ ટી-કલબમાં જોડાયા અને અમે સ્ટાફરૂમમાં જઈને ચા પીવાનું શરૂ કર્યું. જોયું તો કોઈ શિક્ષક કેળા, સિંગ વગેરે લાવીને ખાતા હતા. પાંચ-છ દિવસ બધાની સાથે બેઠા પછી અમે પૂછ્યું કે આપણે સૌ આમ એક-એક ખાઈએ છીએ એના કરતા સૌ સાથે ખાઈએ તો કેવું ? નવા બે શિક્ષકોને મારી વાતમાં રસ પડ્યો. સૌ સાથે એટલે કે દરેક શિક્ષક એકવાર સૌ માટે ખાવાનું લઈ આવે. બે-ત્રણ શિક્ષકોનો આમાં સહકાર મળશે એમ મને લાગ્યું. સૌથી પહેલો વારો મારો, મેં કહ્યું. શ્રી હેમુભાઈ અને

જયંતીભાઈએ પણ વારાફરતી તેમના વારા લઈ લીધા અને આમ એક અઠવાડિયું ગોઠવાઈ ગયું. પ્રયોગ તરીકે આપણે એક મહિનો આ પ્રમાણે કરીએ. જો નહિ ફાવે તો આપણે તેને બંધ કરી દઈશું. આમ ચા-નાસ્તાની અમારી ક્લબ દસેક દિવસમાં તો સૌને ગમવા લાગી. ચા પીતી વખતે હું વર્ગમાં કેટલાક બાળકોના વર્તન વિશે ક્યારેક વાત કાઢતી અને પૂછતી કે તમે આ વિદ્યાર્થીઓના વર્તન વિશે કંઈ વિચારો આપી શકો ? તરત જ એક શિક્ષક બોલ્યા કે મારા પિરિયડમાં પણ એ આવું જ વર્તન કરે છે. ધીરે ધીરે અમારા કોમન પ્રશ્નો વધતા ગયા. પછી તો તોફાની બાળકો, સારા બાળકો, ઘરકામ નહિ કરનારા બાળકો, ઝઘડાખોર મા-બાપો વગેરેની વાતો ધીરે ધીરે થવા લાગી અને આવા પ્રશ્નો ઉકેલ કેમ આવી શકે એના વિચારો એ લોકો સમક્ષ મૂકતી ગઈ. એમના હાવભાવ ઉપરથી લાગતું હતું કે તેમને મારા ઉકેલો ગમતા હતા અને કદાચ યોગ્ય પણ લાગતા હશે પછી તો ક્લાસમાં કંઈપણ મૂંઝવણ ઊભી થાય તો તેઓ વ્યક્તિગત પણ મારી પાસે આવવા લાગ્યા. પ્રશ્નો પૂછવા લાગ્યા. આમ, મારાં અને શિક્ષકો વચ્ચે પરિચય વધતો ગયો. આ તકનો લાભ લઈને સાહિત્ય પ્રવૃત્તિ નીચે કેટલાક સામાજિક વિષયોની ચર્ચાઓ કરવા લાગ્યા. એ દરમિયાન મારી નજીક આવેલા એક-બે શિક્ષકોએ કહ્યું : "કે બહેન, અમે ધાર્યા હતાં એના કરતાં તો તમે જુદાં જ નીકળ્યા. કેમ મિ. મહેતા ? હું ખરાબ આચાર્યા હોઈશ એવું તમે ધાર્યું હતું ? "ના મેં ખરાબ છો એવું નહોતું ધાર્યું પણ, અમારા સૌના મનમાં એક વાત હતી તે તમને ખોટું ન લાગે તો કહું ? જરૂર કહો. મને ખોટું લાગશે નહિ. "બહેન તો સાંભળો," "તમારી ઓળખાણ થયા પછી એમ લાગે છે કે તમે ખોટું નહિ લગાડો. અમારા સૌના મનમાં એમ હતું કે એક સ્ત્રીના હાથ નીચે કામ કરવું એ કેવું ? અમારા મનમાં એનો વસવસો ખૂબ હતો. મેં પૂછ્યું. તો હવે વસવસો નથી ? તો પછી હું એક સ્ત્રી છું એટલે તમને મારી સાથે કામ કરવાનો ક્ષોભ હતો કેમ ખરું ને ? તમારી વાત ખૂબ સાચી છે મિ. મહેતા, મારા જેટલી જ ડિગ્રી અને સમજણ ધરાવનાર પુરુષ આચાર્ય હોત તો તમને વસવસો ન હોત કેમ ખરું ને ? તમે તો બહુ સીધો જ પ્રશ્ન પૂછ્યો બહેન. આ તો યોગ્ય જ કહેવાય ને ? તેઓ ચૂપ રહ્યા. મેં કહ્યું. મિ. મહેતા, યુગો જૂની પુરુષ પ્રધાન સમાજની જે માન્યતા છે એ હજી પુરુષના મનમાંથી ગઈ નથી. તેથી તમારા સૌના મનમાં આવી કોઈ લાગણી ઊભી થાય એમાં મને નવાઈ નથી લાગતી. મારા મનમાં તો એવું કદી થયું નથી કે હું આટલા બધા પુરુષોની હેડ છું. કોઈ ઉચ્ચસ્થાને બેઠી છું અને તમને હુકમ કરવાનો છે. હા, આપણી મંડળીની હું નેતા છું એ વાત ચોક્કસ છે પણ એ નેતાને સ્થાને હું છું માટે સૌના ઉપર હુકમ છોડવાનું મારું કામ નથી. તમારા ઘરમાં તમારી માતાનું સ્થાન એટલું જ મહત્ત્વનું સર્વોચ્ચ સ્થાન છે જે તમે સ્વીકારો છો. એક માતા ઘર ચલાવી શકે તો શાળાની આચાર્યા પણ બની શકે એવા વિચારો નહિ આવે કે તમે એક સ્ત્રીના હાથ નીચે કામ કરો છો. મંડળીમાં આપણે સૌ શિક્ષણનું કામ કરવા ભેગા થયા છીએ હું તો બસ એટલી જ ઇચ્છા રાખું કે આ ભાવના, મનની આવી સ્થિતિમાંથી તમે સૌ જલદી મુક્ત થાવ. આપણે સૌ એક સરસ કામ કરવા અહીં ભેગા થયા છીએ અને તે છે બાળકોને શિક્ષણ આપવાનું. પછી અમે સૌએ સાથે ચા પીધી અને અમે સૌ છૂટા પડ્યા. મેં કહ્યું મિ. મહેતા મારી વાત પર તમે જરૂર વિચાર કરશો તો આપણે વધારે સારું કામ કરી શકીશું.

એકાદ અઠવાડિયામાં સ્ટાફરૂમનાં વાતાવરણમાં હળવાશ આવતી હોય એવી લાગણી હું અનુભવવા લાગી. ચા-નાસ્તાની અમારી ક્લબ વધારે મજબૂત બનતી ગઈ. રિસેસમાં રોજ મળવાનું બનતું હતું. આચાર્ય અને શિક્ષક વચ્ચેનો ભેદ-અંતર લગભગ અદૃશ્ય થવા લાગ્યાં હતાં. ધીરેધીરે સૌ પોતાના પ્રશ્નો સંકોચ વિના મારી પાસે લાવવા માંડ્યા. હું એનો ઉકેલ આપતી અને તેઓ સ્વીકારવા લાગ્યા. અમારા સૌ વચ્ચે પરસ્પરની એકતા ઊભી થઈ. સ્ત્રીને નીચી માનવાની માન્યતાને પણ હું આ શાળામાંથી કાઢી શકી તેનો મને ઘણો આનંદ હતો. પછી તો કોઈવાર અગત્યના કામે હું રિસેસમાં સ્ટાફરૂમમાં ન જઈ શકું તો

શિક્ષકો જ કહેતા કે આજે રિસેસ, રિસેસ જેવી જ ન લાગી. બહેન, તમારે બધું કામ છોડીને રિસેસમાં અમારી સાથે જરૂર બેસવાનું છે તે યાદ રાખજો. મારું મન આ વાત સાંભળીને આનંદથી નાચી ઊઠતું. હું વિચારતી, "હાશ, હવે શિક્ષણનું કાર્ય આ મંડળીની સાથે કરવાની અનોખી મજા પડશે." અને આમ અનુકૂળ વાતાવરણ સર્જાયું.

## લત્તાની એક અનોખી અકળામણ

ચમનપુરા લત્તામાં મજૂરોની વસ્તી ઘણી હતી. આમ તો સરસપુરમાં પણ મજૂરોની વસ્તી ઘણી હતી. પણ અહીંનો અનુભવ જરા જુદો થયો. શાળા સરસ રીતે શરૂ થતી. અસારવા-ચમનપુરાનાં બાળકો એકબીજા સાથે હળીમળી ગયાં હતાં. તેથી મનમાં થતું કે હવે શાળાનું કામકાજ પાડે ચડી ગયું છે. સાંજ પડે હેમુભાઈ અને જયંતીભાઈ બેસીને વાતો કરતા કે આજનો દિવસ ખૂબ સારો ગયો અને એ અનુભવથી ખુશ થતા, પરંતુ ક્યારેક અણધારી સ્થિતિ ઊભી થઈ જતી.

એક વખત રિસેસ પૂરી થતાં પટાવાળો મારી પાસે આવ્યો અને કહે, "બહેન, સાત-આઠ મજૂરો તમને મળવા માંગે છે," મેં કહ્યું, પ્રવેશકાર્ય પૂરું થયું છે એટલે એ જૂનમાં આવીને ભલે મળે. "ના, ના, બહેન તેઓ ઍડમિશન માટે આવ્યા હોય તેવું લાગતું નથી. તે લોકો ઉશ્કેરાયેલા લાગે છે." "તો પછી તેમને અંદર મોકલો." આ સાંભળી હેમુભાઈ અંદર આવી ગયા. પટાવાળાએ મજૂરોને અંદર મોકલ્યા. મેં તેમને બેસવા કહ્યું. મેં પૂછ્યું, "બોલો, આપ સૌને કેમ આવવું પડ્યું ? પટાવાળો મારી ઑફિસમાં જ ઊભો રહ્યો. એક મજૂર તોછડા અવાજે બોલ્યો, "તે કામ હોય તો જ આવીએ ને ?" "હા, તો બોલો ભાઈ શું કામ છે ? બીજા ભાઈ બોલ્યા, "આ તમારી શાળામાં દર અર્ધા પોણા કલાકે ઘંટ વાગ્યા કરે છે. શાળા શરૂ થાય ત્યારે લાંબો ઘંટ વાગે છે અને પૂરી થાય ત્યારેય લાંબો ઘંટ વાગે છે. શાળાના સમય વચ્ચે પણ લાંબો ઘંટ વાગે છે." તરત જ ત્રીજા ભાઈ બોલી ઊઠ્યા, "અમે બધા રાતપાળી કરીએ છીએ. આ ઘંટ વગાડવાનું બંધ કરી દો. આમ નિશાળ ન ચાલે."

તેઓના અવાજમાં ઉશ્કેરાટ વધતો જતો હતો. "બસ ઘંટ વગાડવાનો બંધ કરી દો એ જ કહેવા આવ્યા છીએ, અમારી ઊંઘમાં ખલેલ પડે છે તેથી અમે ઊંઘી શકતા નથી." હેમુભાઈ વચ્ચે બોલ્યા, "વિષયો બદલાય ત્યારે દરેક શાળામાં ઘંટ વાગતો જ હોય છે. તે કાંઈ બંધ થાય ?" તેમાંનો એક જોરથી બોલી ઊઠ્યો, "હા, હા, બંધ થાય." મેં હેમુભાઈને કહ્યું, "હમણાં શાંત રહો, થોડીવાર સુધી અમારા વચ્ચે મૌન છવાઈ ગયું. થોડીવાર પછી મેં કહ્યું, "આ તમારી મિલની પાળીઓ બદલાય છે ત્યારે લાંબા લાંબા એક સામટા આઠ-દસ ભૂંગળાઓ ભોં ભોં ગાજી ઊઠે છે. એ વખતે છોકરાઓનું ભણવાનું બગડે છે. થોડીવાર ભણવાનું બંધ કરવું પડે છે. તો તમે ભૂંગળા વગાડવાનું બંધ કરો તો અમે ઘંટ વગાડવાનું બંધ કરી દઈએ." એ તો વર્ષોથી ચાલે છે. એ પાળી બદલવા ભૂંગળા બંધ ન થાય. રોટલા ખાવાના હોય તો ય અમારે તો ભૂંગળા વગાડવા પડે." એ લોકોમાંથી એકજણ બોલી ઊઠ્યો. હું હસી પડી. "તમારા ભૂંગળા અને અમારી શાળાનો ઘંટ બંધ થઈ શકે નહિ, ખરું ને ?" તેઓનો ઉશ્કેરાટ ઓછો થયો પણ તેમાંના બે જણ બહુ ઉશ્કેરાયેલા હતા. તેઓએ કહ્યું, "અમે આપને કહેવા આવ્યા છીએ, એટલે માનવું તો પડશે જ." મેં કહ્યું, "ભાઈઓ તમને ખબર છે ? આ શાળામાં તમારાં જ બાળકો ભણે છે ? તમે મારી સાથે ક્લાસમાં ચાલો." હું તેઓને વર્ગમાં લઈ ગઈ અને છોકરાઓને હાથ ઊંચા કરાવ્યા કે જેમનાં માતા-પિતા મિલમાં જતા હોય તેઓ હાથ ઊંચો કરો. બે ચાર વર્ગોની મુલાકાતમાં તેઓને ખ્યાલ આવી ગયો કે મિલ મજૂરોના જ બાળકો અહીં ભણે છે તેની તેમને ખાતરી થઈ ગઈ. તેમની ટોળીમાંથી એક જણ બોલ્યો કે, "બહેન તમે તો અમારા જ બાળકોને ભણાવો છો."

અમે ઑફિસમાં પાછા ફર્યા. તરત જ એક ભાઈ શાંત અવાજે બોલ્યા, "ચાલો લ્યો આપણે સૌ ઘેર. આપણે તો અમથા અમથા જ આ આચાર્યા સાહેબને હેરાન કર્યા." બીજા એક ભાઈ બોલ્યા, "બહેન, તમને ખોટી બાબતમાં હેરાન કર્યા તો માફ કરજો. અમારા છોકરાઓને હાચવજો લ્યો, જો તેઓ ભણશે તો અમારા જેમ મજૂરી નહિ કરવી પડે." તેઓએ નમસ્કાર કર્યા અને છૂટા પડ્યા.

આ જ મજૂરોનું ટોળું વાલીદિનના દિવસે હસતાં હસતાં

શાળામાં પ્રવેશતું અને શિક્ષકો સાથે પણ વિવેકથી વાત કરતું. આ દશ્ય જોઈને હું, હેમુભાઈ, નારાયણભાઈ જુદા જ પ્રકારનો આનંદ અનુભવતાં અને આવી વિચિત્ર અકળામણ દોસ્તીમાં પરિણમતી.

**<u>ન સમજાય એવી મૂંઝવણ : અણધાર્યો મૂંઝવણભર્યો પ્રશ્ન</u>**

શાળા રાબેતા મુજબ સરસ રીતે ચાલતી હતી. એક શિક્ષકના પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરતી હતી અને જયંતીભાઈ ગજ્જર મારી ઑફિસમાં આવ્યા. ‘‘બહેન સ્ટાફરૂમમાં સૌ શિક્ષકોની હાજરીમાં નારણભાઈએ ગાલ પર તમાચો મને માર્યો છે જુઓ આ ગાલ ઉપર તેમણે મારેલાની નિશાની. આટલા બધા શિક્ષકોની વચ્ચે મારું કેવું અપમાન થયું. મને સ્ટાફરૂમમાં બેસવું નહિ ગમે.’’

બીજા શિક્ષકોને મેં કહ્યું, ‘‘હમણાં તમે જાઓ આપણે પછી વાત કરીશું.‘‘ મેં જયંતીભાઈને મારી પાસે બેસાડી આશ્વાસન આપ્યું. જયંતીભાઈ તમારા અપમાનને હું સમજી શકું છું પણ તમે નારણભાઈના વિદ્યાર્થી પણ ખરાં ને ? તેઓ કદાચ થોડીવાર ભૂલી ગયા હશે કે તમે સંપૂર્ણ શિક્ષક બની ગયા છો.’’ ‘‘શું હું તેમની સામે દલીલ ન કરી શકું ? મારો ઉશ્કેરાટ મારા અપમાનનો છે. હું સ્ટાફરૂમમાં બેસીશ નહિ અને નારણભાઈ સાથે નહિ બોલું.’’ મેં કહ્યું, ‘‘સ્ટાફરૂમમાં ન બેસો તો કંઈ વાંધો નહિ પણ ક્યારેક નારણભાઈ સાથે બોલવું તો પડશે જ ને ?’’ ‘‘ના, મારે શા માટે બોલવું પડે. મારો વિષય જુદો છે. હું બોલવાનો નથી. મેં શાંત પાડ્યા, મારી ઑફિસમાં બેસીને તમારું કામ કરજો બસ. એટલીવારમાં તો નારણભાઈ મારી ઑફિસમાં આવ્યા. તેઓ ઉશ્કેરાયેલા બોલ્યા, ‘‘આ છોકરો શિક્ષક થયો પણ તેને બોલતાં નથી આવડતું. નારણભાઈ તમે મારાથી મોટાં છો પણ સંસ્થામાં કામ કરતા હોઈએ ત્યારે સ્ટાફરૂમમાં તમે જયંતીભાઈને માર્યું તે તમારી ભૂલ છે એ મને જરાય ગમ્યું નથી. એ ભલે તમારી પાસે ભણ્યા હોય પણ અત્યારે તેઓ શિક્ષક છે અને શિક્ષક તરીકે એમનું માન જાળવવું જોઈએ અને તેમનું ધ્યાન તમારે રાખવું જોઈએ. આથી વિશેષ મારે કંઈ કહેવું નથી. હવે તમે જઈ શકો છો.’’

નારણભાઈ એકદમ બોલી ઊઠ્યા, પણ મેં તેમને બોલતાં અટકાવ્યા. તમે શાંત થાવ પછી આપણે મળીશું. આજના તમારા વર્તન ઉપર વિચારજો કે એ યોગ્ય હતું કે નહિ ?’’

તેઓ પછી સ્ટાફરૂમ તરફ ગયા. આટલું કહ્યા પછી નારણભાઈને આ વિશે વાત કરી નહિ એટલું જ નહિ પણ એમની સાથે વાતચીત કરવાનું પણ ઓછું કરી નાખ્યું. તેઓ તેમના વર્તન પર વિચાર કરતા થશે પછી જ હું તેમની સાથે વાત કરીશ એવો નિર્ણય કર્યો. જયંતીભાઈનું મારી ઑફિસમાં બેસવાનું અને મારું મૌન એ બંનેએ તેમના (નારણભાઈના) મન ઉપર સારી અસર કરી. રિસેસમાં ચા પણ અમે ઑફિસમાં જ પીતાં. શિક્ષકોએ પણ નારણભાઈને તેમની ભૂલ પ્રત્યે સમજાવ્યા હતા. ત્રીજા દિવસે બે-ત્રણ શિક્ષકો અને નારણભાઈ, જયંતીભાઈને સ્ટાફરૂમમાં લઈ જવા આવ્યા. ‘‘ચાલો જયંતીભાઈ સાથે બેસીને ચા પીએ,’’ અને બહેન તમારા વિના સ્ટાફરૂમમાં અમને વેક્યૂમ (ખાલીપો) જેવું લાગે છે. સૌ ખડખડાટ હસી પડ્યા. નારણભાઈ પોતે જંયતીભાઈના ખભા ઉપર હાથ મૂકીને કહેવા લાગ્યા કે ચાલો આપણે સૌ સ્ટાફરૂમમાં જઈએ અને સૌ સ્ટાફરૂમ તરફ ગયા અને અમારા આ પ્રશ્નોનો ઉકેલ અમે ભેગા મળીને કર્યો. બીજા દિવસે હેમુભાઈએ કહ્યું, ‘‘બે ચાર શિક્ષકો એવું કહેતા હતા કે જો બીજા આચાર્ય હોત તો આટલી શાંતિથી આ પ્રશ્નનો ઉકેલ ન આવત.’’ ‘‘જ્યાં પ્રશ્નનો ઉકેલ ઉશ્કેરાટના બદલે શાંતિથી આવે છે. અમને આવા આચાર્ય સાથે કામ કરવાની મજા પડે છે.’’ આ સાંભળીને હું ખૂબ ખુશ થઈ.

હાશ, આ લોકો હવે મને એક સ્ત્રીના કરતા આચાર્ય તરીકે જુએ છે તે સુખદ સમાચાર હતા. અણધારી આફતનો આમ અંત આવ્યો અને અસારવા વિદ્યાલય ધીરે ધીરે આગળ વધવા લાગી. નાના મોટા પ્રશ્નોની અકળામણમાંથી હવે અમે બહાર નીકળી ગયા હતા. આમ અમારા પ્રયાણપંથની યાત્રા આગળ વધી રહી હતી. સરસ્વતીનું બીજું અંગ જાણે અસારવામાં જીવંત બની રહ્યું હતું. જે હેતુથી શિક્ષણ માટે બેઠા હતાં તે હેતુ બર આવી રહ્યો હતો. રોજ સાંજે સૌ શિક્ષકો અને હું પ્રેમપૂર્વક ‘‘આવજો’’ કહીને છૂટા પડતા.

# રઘુભાઈની અનોખી શાળા


**અમીતાબહેન પાલખીવાલા**

પૂર્વ શિક્ષક, અસારવા વિદ્યાલય, અસારવા.


સરસ્વતીના શિક્ષણયજ્ઞમાં રોજ એક પડકાર ફણગાની જેમ ફૂટ્યો, પણ એ જ પડકારે રઘુભાઈના શ્વાસની ધાર કાઢી, એમાંથી જ કાર્યનો બોધ મેળવ્યો અને બેલી તારો ! બેલી તારો ! બેલી તારો તું જ છે બંદર છો દૂર છે, ને આત્મસાત કરતા ગયા અને ગુરુદેવ ટાગોરની જેમ જ ઘર આંગણે શાંતિનિકેતન જેવી એક અનોખી શાળા બનાવતા રહ્યાં.

રઘુભાઈ નખશિખ શિક્ષક. કવિવર રવીન્દ્રનાથ ટાગોર અને મહાત્મા ગાંધીજીની વિચારસરણીનો અદ્ભુત સમન્વય તેમના જેવો ભાગ્યે જ કોઈમાં જોવા મળે. મહાત્માના જીવનનું કર્મ અને ટાગોરના જીવનની કળાનો તેઓમાં વિરલ સમન્વય જોવા મળે. ગાંધીજીએ તેમના અગિયાર મહાવ્રતોમાં કરેલી માનવધિકારની પાયાની વાતને અનુસરીને જ રઘુભાઈએ પોતાના કેળવણી ધામમાં શિક્ષણ સાથે સાદાઈ અને શ્રમને પ્રાધાન્ય આપ્યું. આથી જ શાળામાં બગીચાના છોડવાઓને પાણી સિંચવું હોય કે વૃક્ષો વાવવા હોય, મેદાનમાં પાણીનો છંટકાવ કરવો હોય, કોલસી મિશ્રિત જમીન પર નવી માટી પાથરવી હોય કે સ્ટેજનું ચણતર કરવું હોય, શાળા શૌચાલયો કે ઉકરડાની સફાઈ કરવી હોય કે ગાંધી જયંતી દિન નિમિત્તે શેરીઓ કે ચાલીઓ સાફ કરવી હોય, લોખંડની જાળી રંગવી હોય કે દીવાલો ધોળવી હોય... દરેક પ્રવૃત્તિ દ્વારા તેઓ ઉદાહરણરૂપ બનીને વિદ્યાર્થીઓને હાથ-પગની કેળવણી આપી શ્રમનું ગૌરવ સમજાવતા.

રઘુભાઈ કવિવર રવીન્દ્રનાથ ટાગોરના શિષ્ય અને કવિવરનું શાંતિનિકેતન એટલે સંગીત, કલા અને સાહિત્યનું સંગમતીર્થ. શાંતિનિકેતનની જેમ જ રઘુભાઈએ સંગીત, કલા અને સાહિત્યને અભ્યાસનો પ્રાણ બનાવ્યો. સંગીત શબ્દમાં જ ગીત, વાદ્ય અને નૃત્ય આ ત્રણ કલાઓનો સમાવેશ થાય છે. સંગીત તો દયની કેળવણીનું સર્વોત્તમ સાધન છે આથી જ રવીન્દ્ર સંગીતથી પ્રભાવિત શ્રી રઘુભાઈ ટાગોરના કુદરત સાથેના પ્રેમમાંથી લખાયેલા ઋતુગીતોને સરસ્વતીમાં લઈ આવ્યા. જેમાં હતા વર્ષામંગલ અને વસંતઋતુના ગીતો.

વર્ષામંગલ અને વસંતોત્સવ પાછળનો તેમનો મુખ્ય હેતુ બાળકોની કલ્પનાને પાંખો મળે, પ્રકૃતિના સાનિધ્યમાં રહી વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રત્યે વિસ્મય, જિજ્ઞાસા, પ્રેમ અને લાગણી નિર્માણ થાય અને પૃથ્વી અને પ્રકૃતિ સાથેનો તેનો સંબંધ મજબૂત બને તે રહ્યો. વળી પર્યાવરણ એ પ્રાકૃતિક રંગભૂમિ છે. ઋતુએ ઋતુએ કુદરતના પલટાતા સ્વરૂપો ઋતુએ ઋતુનો વિશિષ્ટ આનંદ, મિજાજ, દરેક વસ્તુને માણવાની જુદી જુદી રીતો વિદ્યાર્થીઓ સમજતા થાય અને પર્યાવરણ ક્ષેત્રે વિદ્યાર્થીઓમાં સમજણ અને જાગૃતતા કેળવી તેમના મન અને દયને કેળવવાનો તેમનો આશય હતો વળી આ બંને કાર્યક્રમોનો ત્રણ ત્રણ વાર સ્ટેજ શૉ કરીને તો રઘુભાઈએ વસંત અને વર્ષાનો અદકેરો મહિમા કર્યો છે.

શિક્ષણ આનંદદાયી બને એટલું જ નહીં પણ તે જીવનની અન્ય બાજુઓને પણ સ્પર્શતું થાય તેવું રઘુભાઈ ઇચ્છતા હતા. આથી જ શાળામાં રંગમાધુકરી કાર્યક્રમના રંગમહેલનું સર્જન પણ તેમણે જ કર્યું. રંગમાધુકરી કાર્યક્રમ એટલે સરસ્વતી વિદ્યામંડળની ધરોહર અને રઘુભાઈ અને જશીબહેનનો પ્રાણ. આ રસોત્સવ કાર્યક્રમ દસ દિવસ સુધી ચાલે. દરેક શિક્ષક માટે, દરેક વર્ગ માટે પોતાની પ્રતિભા બતાવવાનો અવસર. સવારથી જ વિદ્યાર્થીઓએ અગાઉ તૈયાર કરેલ નમૂનાઓ, વિવિધ વિષયોના પ્રદર્શનો, સ્વાધ્યાયપોથીઓ વગેરે આકર્ષક રીતે ગોઠવતા પડદા લગાડાતા, ટેબલ પર ટેબલક્લૉથ પાથરતા, સમગ્ર વર્ગને શણગારતા, બ્લૅક બોર્ડ પર સુશોભન કરતાં અને દરેક વર્ગ રાતના કાર્યક્રમમાં નાટિકા, નૃત્ય, ગીત-સંગીત જેવા મનોરંજન કાર્યક્રમો રજૂ કરતાં. કાર્યક્રમનું સંચાલન, વ્યવસ્થા, જાળવણી, ગોઠવણી વગેરે માત્ર વિદ્યાર્થીઓ જ કરતા. ગીત-સંગીત મઢ્યા આવા કાર્યક્રમોથી સમગ્ર શાળા એક રંગમહેલમાં પરિવર્તિત થતી. શાળા, સમાજ અને શિક્ષણ જગતમાં પ્રતિષ્ઠિત આ મેઘધનુષી કાર્યક્રમ દ્વારા

રઘુભાઈએ વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ, કુનેહ, કૌશલ્ય અને વિદ્વતાને ઢંઢોળવાનું પણ કાર્ય કર્યું હતું.

શાળામાં અન્ય પ્રવૃત્તિઓ અને ઉત્સવો સાથે રઘુભાઈએ રમતોત્સવને પણ ગૌરવપૂર્ણ સ્થાન આપ્યું. શાળાની ચાર દીવાલોમાં વિદ્યાર્થીઓ જે મેળવે છે તેના કરતાં અનેકગણાં મૂલ્યલક્ષી અનુભવો તો રમતગમતના મેદાન પર મેળવે છે. સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી ત્રણ ત્રણ દિવસ સુધી ચાલતા આ રમતોત્સવનું સંચાલન રમતગમત મંત્રી અને વિદ્યાર્થી સંઘ દ્વારા થતું. જે દ્વારા વિદ્યાર્થીઓની વિચારશક્તિ, કલ્પનાશક્તિ ખીલે છે. ચોક્કસ પરિસ્થિતિમાં શ્રેષ્ઠ ઉકેલ શોધવાની ટેવ પડે છે. પ્રશ્નનું સ્વતંત્ર રીતે નિરાકરણ કરવાની આવડત પણ કેળવાય છે. પ્રત્યેક વર્ષે યોજાતા આ વાર્ષિક રમતોત્સવમાં વિવિધ રમતોમાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓમાં સંઘભાવના, એકાગ્રતા, સ્ફૂર્તિ, ત્યાગ, સમર્પણ, નિર્ભયતાના ગુણો ખીલે છે, કૌશલ્યોનો વિકાસ થાય છે. રમત-ગમતમાં પ્રવીણ વિદ્યાર્થીઓ પોતાની સારી કારકિર્દી પણ બનાવી શકે. આમ રમતો દ્વારા વિદ્યાર્થીઓના તન-મન અને  દયનું ઘડતર થાય એમ રઘુભાઈ ઇચ્છતા હતા.

વળી રમતોત્સવનો શુભારંભ પણ કેવો ? માર્ચ પાસ્ટ, બૅન્ડની રીધમ, જ્યોત પ્રસ્થાન અને રમત પ્રારંભની ઘોષણા દ્વારા તો આપણને ઑલિમ્પિક ગેઈમ્સના શુભારંભ સમારોહની યાદ આવે. યોગ, આસન, લેઝિમ ને લાઠી, કબડ્ડી, ખો-ખો અને ફૂટબૉલ જેવી ભારતીય રમતોના ખેલથી તો તેમણે વિદ્યાર્થીઓની ક્ષમતા અને ખૂબીઓ એવી વિકસાવી કે કબડ્ડી, ખો-ખો અને ફૂટબૉલની રમતની આંતરશાળા સ્પર્ધામાં સરસ્વતી અને અસારવાની શાળાઓની ટીમ સામે તો અન્ય શાળાઓ મેદાનમાં ઊતરવા નનૈયો ભણી દે. સંસ્થાના ઘણાં ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચ્યા છે જે આ વાતની પ્રતીતિ કરાવે છે.

આ સાથે શાળાને માત્ર શિક્ષણ આપતી સંસ્થા નહીં પણ જ્ઞાનનું મંદિર અને બીજું ઘર બનાવવાનો તેમનો વિચાર શાળા પ્રવેશોત્સવના પાયામાં રહ્યો. મારી શાળા એ ઘર છે અને ઘર એ શાળા છે એ દ્વારા વિદ્યાર્થીઓ નિયમિત શાળાએ જાય અને ડ્રૉપ આઉટનું પ્રમાણ ઘટે તે માટે અન્ય ઉત્સવો સાથે તેમણે પ્રવેશોત્સવને પણ જોડ્યો અને પ્રવાસને પણ અગ્રીમતા આપી. આમ વસંતોત્સવ, રમતોત્સવ, પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા રઘુભાઈએ જાણે સરસ્વતીમાં ઉત્સવોનો ચંદરવો બાંધ્યો.

ભીંતચિત્રો એ આપણી જૂની અને સાતત્યપૂર્ણ ચિત્ર પરંપરા છે તેમાં મૌલિકતા પણ છે. આવા ભીંતચિત્રો એ શાંતિનિકેતનની દેન હતી, તો રઘુભાઈની શાળાની એ વિશિષ્ટતા હતી. દીવાલ પર ગાર કર્યા પછી એક સરખી ઘટ્ટ રેખાઓને આકૃતિમાં ઢાળી જે તે શાળા તથા સંસ્કૃતિનો સુંદર પરિચય મળી શકે તેમ રઘુભાઈ માનતા. આથી જ પોતાની શાળામાં શાંતિનિકેતનની જેમ જ ભીંતચિત્રોને તેમણે શાળા માટે મોંઘા ઘરેણા જેટલા મૂલ્યવાન ગણાવ્યા. શાળા જીવનના મધુર સંસ્મરણો વાગોળતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે પણ અજન્ટા ઈલોરાની ગુફાઓ, રમતગમતના મેદાનોના સુંદર ભીંતચિત્રોને નજર સમક્ષ અનુભવે છે.

સરસ્વતી અને શ્રમના સંવાદરૂપે કહીએ તો,

'શ્રમ ભણે, સરસ્વતી ક્યાં જાશું રે,

શાળાએ ભીંતે દોરેલ ચિત્રો રે...'

ભીંતચિત્રો સાથે સંગીત ભવનમાંથી મૃદંગ, સિતાર, તબલા, મંજીરા, હાર્મોનિયમ જેવા વિવિધ વાજિંત્રોની સુરાવલિ, નૃત્યના તાલ, રાગરાગિણીના આલાપો તથા નાટ્યકલાનો વિકાસ જોતાં, સાંભળતા તો આનંદ થાય કે જાણે ટાગોરની કલાદષ્ટિ અહીં જીવે છે, જળવાઈ છે. વિદ્યાર્થીઓની સર્જનશક્તિ, કલ્પનાશક્તિ, મનોભાવો તથા સ્વપ્નોને ખીલવતી આ પ્રવૃત્તિઓ રઘુભાઈની સ્વપ્નશાળાને શિક્ષણજગતમાં એક આગવો દરજ્જો આપે છે. એમાંયે સંવેદનશીલ સર્જકો લિખિત પિંજરશાળા, એકલવ્ય, વડલો, વિશ્વ કોનું ?, પોસ્ટ ઑફિસ જેવા વિવિધ નાટકોની પ્રસ્તુતિ તો સંસ્થાને શિક્ષણ જગતમાં પ્રથમ હરોળમાં સ્થાન આપે છે.

બુદ્ધિની પ્રવાહિતા અને મૌલિકતા એ વિદ્યાર્થીઓના સર્જનાત્મક વિકાસનું પ્રથમ સોપાન છે, એવી દૃઢ માન્યતાઓને કારણે જ સાહિત્ય પત્રિકાઓ એ રઘુભાઈની શાળાઓની આગવી ઓળખ બની રહી છે. વિદ્યાર્થીઓમાં

સાહિત્ય પ્રેમ, વાચન રસ અને લેખનરસ ખીલે તે માટે, તેમજ સાંપ્રત બનાવો વિષે જાગૃતિ સેવે તે લક્ષમાં લઈ તેમણે 'નાગરિક' નામની દૈનિક પત્રિકા શરૂ કરી. દેશવિદેશના સાહિત્ય અને સાહિત્યકારોને કેન્દ્રમાં રાખીને દર અઠવાડિયે હસ્તલિખિત સાહિત્ય પત્રિકા નોટિસબોર્ડ ઉપર મૂકવાનું શરૂ કર્યું. ઉપરાંત ચિત્રકળા અને લેખનકળાને ધ્યાનમાં લઈ હસ્તલિખિત માસિક અને વાર્ષિક અંકો પણ તૈયાર કરવામાં આવતા. આ સાથે સંગીતપત્રિકાઓ, વિજ્ઞાનપત્રિકાઓ, ઈતિહાસ, રમતગમત વગેરે જેવા વિષયોના ભીંતચિત્રો પણ શાળાની દીવાલોને શોભાવતા.

જ્યારે શાળાની પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી આપતું પોતાનું આગવું કેલેન્ડર - સ્મરણિકા અને ઘડતર પ્રકાશનો શાળા અને ઘરને જોડતા સેતુ સમાન બની રહ્યાં.

વિદ્યાર્થીઓમાં સહકારની ભાવના ખીલે, વ્યાજબી ભાવે જરૂરી ચીજો આસાનીથી મળે તથા વ્યવસ્થાપનની સૂઝ ખીલે તે માટે સહકારી હાટ ચાલતી. જેની સંચાલન વ્યવસ્થા પણ વિદ્યાર્થીઓ જ કરતાં.

રઘુભાઈની શાળા એટલે લોકશાહીની પ્રયોગશાળા. શાળા જીવન દરમિયાન વિદ્યાર્થીઓને નેતૃત્વની તાલીમ આપવા અને શાળાની અનેક જવાબદારીઓમાં સહભાગી થવા વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સંઘનું બંધારણ આપવામાં આવ્યું. ઉમેદવારી પત્રો ભરાવવા, મતાધિકાર પ્રક્રિયા સમજાવવી, વિદ્યાર્થી સંઘ સોગંદ વિધિ, વિદ્યાર્થી સંઘની ફરજો, શાળા કારોબારી વિદ્યાર્થી સંસદ વગેરે દ્વારા વિદ્યાર્થીઓને લોકશાહી પ્રણાલિમાં ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર કરી સ્વતંત્ર ભારતમાં સારા, સાચા અને જવાબદાર નાગરિકોના ઘડતરનો તેમનો હેતુ હતો. શાળામાં વિદ્યાર્થી સંઘની રચના ભારતની લોકશાહીની લઘુઆવૃત્તિ સમાન હતી. કેવી ઉમદા પ્રણાલિ હતી આ ! આજ દિન સુધી આ વિદ્યાર્થીસંઘ શાળાનો ધબકાર બનીને શાળાની શિસ્ત, સ્વચ્છતા જેવા વ્યવસ્થાપનમાં આચાર્ય તેમજ શિક્ષકોને મદદરૂપ થાય છે અને વિદ્યાર્થીઓની તરુણાવસ્થાને સમજવા માટે એક વિશાળ તક આચાર્યોને અને શિક્ષકોને વિદ્યાર્થી સંઘ પૂરી પાડે છે. વળી વિદ્યાર્થીસંઘ પહેલાં શિક્ષકસંઘ અને વાલીસંઘ તો વામનના ત્રણ વિરાટ પગલાં જેવા પૂરવાર થયા.

વિદ્યાર્થીઓના વ્યવહારુ જ્ઞાન માટે રઘુભાઈના નેતૃત્વ હેઠળ વિદ્યાર્થી ન્યાય સભા રચાતી. જેમાં ન્યાયાધીશ મહામંત્રીને બનાવવામાં આવતા. શાળામાં મોડા આવવું, ગૃહકાર્ય ન કરવું અશિસ્ત કરવી જેવી ભૂલો માટે આ ન્યાયસભામાં નિર્ણયો લેવાતા. જેમાં ભૂલ સુધારણા સ્વરૂપે મેદાન કે શૌચાલયોની સફાઈ, મેદાનમાં પાણી છાંટવું, કાંકરા વીણવા જેવા કાર્ય પણ સોંપવામાં આવતા. શૈક્ષણિક દૃષ્ટિએ જોઈએ તો વિદ્યાર્થીઓમાં ન્યાયપ્રણાલિની સમજ કેળવાય અને શાળા સંચાલન નિયમ પ્રમાણે ચાલે તે હેતુથી જ આ ન્યાયસભા રચાતી.

પ્રયોગવીર રઘુભાઈએ ખાનગીકરણના શિક્ષણમાં પણ અનેક ક્ષેત્રોમાં નવીનીકરણ લાવી સાચા અર્થમાં શિક્ષણ પ્રવૃત્તિ આદરી. જેના પ્રાંગણમાં જ્ઞાનની સરિતા અસ્ખલિત વહે છે, જેના આંગણામાં શિક્ષણની સાધનામાં વિદ્યાર્થીઓના પુરુષાર્થમાં શિક્ષકોની આર્દ્ર ઉપાસનામાં નવા જ્ઞાનની શોધ અવિરત ચાલી રહી છે. તેવી સરસ્વતીની ભૂમિ ઉપર વિજ્ઞાનમાં જીવંત પ્રયોગો યોજીને તો સરકારી અધિકારીઓના માનના પણ તેઓ હક્કદાર બન્યા. આમાં વિજ્ઞાનને લગતી વિવિધ માહિતીઓ, સિદ્ધાંતો, ચિત્રો, આર્ટ્સ, નમૂનાઓ, પ્રદર્શન, પ્રયોગો દ્વારા અભિવ્યક્તિ કરવામાં આવતી. આ વિજ્ઞાનમેળાના આયોજનનો હેતુ વિદ્યાર્થીઓની વૈજ્ઞાનિક સમજ, આંતરિક પ્રતિભા ઉપરાંત નેતૃત્વકળા વિકસાવવાની સાથે વિષયની જાણકારી પણ મજબૂત બનાવવાનો હતો. શિક્ષણ જગતમાં યોજાયેલા આ સર્વપ્રથમ વિજ્ઞાનમેળાના કારણે સરસ્વતી વિદ્યામંડળ ગુજરાતના શૈક્ષણિક નકશા પર અલિલોપ્ય રીતે અંકિત થઈ ગઈ.

આમ તોતો ચાનના આચાર્ય કોલાયાશીની જેમ જ બાળકની સ્વરૂચિને ધ્યાનમાં રાખીને તેના સ્વભાવને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા તેઓ કાળજીથી ખીલવતા, તેમને આત્મવિશ્વાસ અને સ્વઓળખની તક આપતા. જેથી બાળક બધાની વચ્ચે પોતાના વ્યક્તિત્વ સાથે વિકસતું રહે.

જેની પ્રત્યેક પળ પારિજાત છે તેવો શાળાનો ગૌરવશાળી કાર્યક્રમ એટલે વિનીત વિદાયનો કાર્યક્રમ શાળા જીવનમાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ નાગરિક જીવનમાં

પ્રવેશે છે ત્યારે તે માત્ર સંસ્થાના એલચી થઈને નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશના પ્રતિનિધિ બનીને વિશ્વક્ષિતિજ ભણી ડગલા માંડવાનો પ્રારંભ કરે છે ત્યારે સરસ્વતીના સંસ્કાર વારસાને સમગ્ર સમાજ, દેશ અને વિશ્વકક્ષાએ પ્રસરાવે તેવી ભાવના આ ભાવનાત્મક કાર્યક્રમમાં રહેલી છે અને સરસ્વતીએ પ્રગટાવેલ જ્ઞાનજ્યોત તેમના જીવનમાં અજ્ઞાનના અંધારા દૂર કરી પ્રકાશ ફેલાવે અને વિદ્યાર્થીઓ તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી બને તેવો હેતુ આ કાર્યક્રમનો છે. 'શિવાસ્તે પન્થાનઃ સન્તુ' - તમારો માર્ગ કલ્યાણમયી થજોની ભાવના સાથે યોજાતો આ કાર્યક્રમ સંપન્ન થાય ત્યારે ત્યાં ઉપસ્થિત નાના-મોટાં ઘણાંની આંખો ભીંજાયા વિના ના રહે. વિદાય સમારંભના બીજે દિવસે સવારે રઘુભાઈની પથારી વાળી લેવા જનારને એમનું ઓશીકુંય ભીનું થઈ ગયેલું જણાય.

સરસ્વતી નાગરિક સમાજ એ સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં ભણી ગયેલા વિદ્યાર્થીઓનું એક સંગઠન છે અને રઘુભાઈનું માનસ સંતાન. દર મહિને સરસ્વતીના પ્રાંગણમાં એકઠાં થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને રઘુભાઈ અને જશીબહેન પ્રેમ અને માર્ગદર્શન આપી સમાજની પ્રવૃત્તિઓને વેગ આપતા. તેઓના વિચારો, સિદ્ધાંતો સૌ સારસ્વતો માટે જીવનની લાંબી કેડી પર આજે પણ સીમાસ્તંભ છે.

રઘુભાઈ જીવનની વાસ્તવિકતાઓથી કદી વિમુખ થયા નહીં. આથી જ સરસ્વતીમાં ભણવા આવતા ગરીબ વિદ્યાર્થીઓ કે જેઓને રહેવા માટે એક જ ઓરડી હોય, એવા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે રાત્રિશાળા શરૂ કરી. રાત્રે વાંચવા આવતા વિદ્યાર્થીઓ પર દેખરેખ રાખવા માનદ્ વેતન આપીને એક શિક્ષકની પણ નિમણૂક કરી. આ વિદ્યાર્થીઓ સાંજે વર્ગો પૂરા થાય એટલે ઘેર જાય, વાળુ પતાવી પાછા શાળામાં આવે. વાંચતા થાકે એટલે વર્ગોમાં જ સૂઈ જાય, સવારે શાળાના જ પાણીના નળ નીચે બેસીને નાહી લે, પાછા ઘરે જાય અને જમીને પાછા શાળાએ સમયસર હાજર થઈ જાય. વિદ્યાર્થીઓને એકાદ મુઠ્ઠીનું અજવાળું આપવા કેટલું ઝૂઝ્યા છે રઘુભાઈ !

વાલીદિનની ઉજવણી રાષ્ટ્રીય પર્વોની ઉજવણીથી સહેજ પણ ઊતરતી નહોતી. આ દિવસે સમગ્ર શાળા સુંદર રીતે શણગારવામાં આવતી. વર્ગખંડોની સ્વચ્છતા, સુઘડતા અને સુશોભનો ઉપર ભાર મૂકવામાં આવતો. વિદ્યાર્થીઓના સમગ્ર પરિણામોનો ટૂંકો અહેવાલ બોર્ડ ઉપર વાલી વાંચી શકે તે રીતે મૂકવામાં આવતો. દરેક વાલી સાથે તેમના પાલ્યના અભ્યાસની વિગતવાર ચર્ચાઓ કરી સૂચનો અપાતા. પરિણામ સ્વરૂપે સરસ્વતીની સંસ્થાઓના બોર્ડના તથા શાળાના પરિણામો ઘણા ઊંચા રહેતા. એટલું જ નહીં પણ આ દિવસે સ્વાગત કક્ષમાં વાલીમંડળના હોદ્દેદારોની સંપૂર્ણ સમય માટેની હાજરી પણ રહેતી. આમ શાળા અને વાલીઓના ઉષ્માભર્યા સંબંધોએ કટોકટીના સમયે અનેક ચમત્કારો સર્જી બતાવ્યા.

વિદ્યાર્થીઓ સમાજના નવનિર્માણ માટે પોતાનું યોગદાન આપે અને ગામડે ગામડે રાષ્ટ્રીયતાનું વાતાવરણ ઊભું થાય તે માટે રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ના અમલીકરણ દ્વારા શિક્ષણનો હેતુ સિદ્ધ કરવાના પ્રયાસ કર્યા.

શિક્ષક રાષ્ટ્ર ધર્મનો રખેવાળ અને પ્રહરી છે. શિક્ષક દ્વારા જ રાષ્ટ્રનું ઘડતર થઈ શકે. આથી જ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના જગાડતા નૅશનલ કૅડેટ કૉર્પ (એનસીસી)નું યુનિટ શાળામાં આજે પણ ચલાવવામાં આવે છે.

નફા-તોટાના યુગમાં અંગત કે પારિવારિક માલિકીની નહીં, પણ ટ્રસ્ટ આધીન સંસ્થાને તેમણે ઈચ્છનીય માની. આથી જ લોકશાહી સમાજમાં સંસ્થાનો પાયો મજબૂત કરવા માટે રઘુભાઈએ સરસ્વતી વિદ્યામંડળમાં ટ્રસ્ટીમંડળની સ્થાપના કરી. આ ટ્રસ્ટીમંડળના પ્રમુખપદે ગુજરાતના પ્રખર કેળવણીકાર શ્રી હરભાઈ ત્રિવેદી, મંત્રીપદે શ્રી રઘુભાઈ નાયક, ગુજરાતના પ્રતિષ્ઠિત કેળવણીકાર અને સાહિત્યકાર શ્રી ઝીણાભાઈ દેસાઈ, પ્રગતિશીલ મિત્રો ડૉ. છોટુભાઈ પટેલ, અને ડૉ. ગાંધી. જે.એન. બાલિકા વિદ્યાલયમાં કન્યાઓની કેળવણી માટે અપૂર્વ યોગદાન આપનાર સામાજિક કાર્યકર શ્રી વિમળભાઈ શાહ, સ્થાનિક નાગરિક શ્રી અમૃતભાઈ પટેલ. આ સૌ ટ્રસ્ટીમંડળના સભ્યો. સરસપુરના ભાવિ બાળકો માટે કાયમી પ્રવૃત્તિમાં જોડાઈ ગયા. આમ રઘુભાઈએ સંસ્થાના માલિક બનીને નહીં પરંતુ વાલી બનીને ભગવદ્ ગીતાનો અપરિગ્રહના સિદ્ધાંત કે

ગાંધીજીના વાલીપણાના સિદ્ધાંતને જીવનમાં ઉતારેલો જોવા મળે છે.

હોમરૂમ તાસ બાળકો અને શિક્ષકને નજીક લાવે છે. આ તાસ દ્વારા શિક્ષક, બાળકોની મુશ્કેલીઓ જાણે, સાંભળે અને તેનો નિકાલ કરે, જેથી શિસ્તના પ્રશ્નો હલ થાય. આથી જ રઘુભાઈ હોમરૂમ તાસના આગ્રહી હતા. સરસ્વતીની પ્રાથમિક શાળાઓમાં આજે પણ હોમરૂમ તાસ શિક્ષક વિદ્યાર્થી વચ્ચે એક સુંદર ગૂંથણી કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘરશાળાના શિક્ષક શ્રી રસિકભાઈ શુકલની સરસ્વતીમાં આચાર્ય પદે નિમણૂક પછી તો આ પ્રવૃત્તિને ખૂબ જ વેગ મળ્યો.

જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો મળી રહે તે માટે ચાલતી ભાવસાર બુક બૅન્કની સ્થાપના પરીક્ષામાં ગુણને બદલે ગ્રેડની પ્રથા, વર્ષ દરમિયાન થયેલ કસોટીઓમાં અમુક ટકાથી વધારે ગુણ મેળવનારને વાર્ષિક પરીક્ષમાંથી મુક્તિ, વાલી-શિક્ષક સંઘ, વ્યસપત્રક, ઉદ્યોગોનું શિક્ષણ, શિક્ષણસભાઓ, સેમિનારો, શૈક્ષણિક પ્રદર્શનો, ચેક દ્વારા પગારની ચૂકવણી, સંસ્થાના કર્મચારીઓ માટે સામૂહિક વીમા યોજના, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કુટુંબની આર્થિક મદદ માટે ચલાવવામાં આવતી કૅન્ટીન... આવા તો કંઈક કેટલાંય ક્ષેત્રોમાં અગ્રેસર રહીને રઘુભાઈએ અમદાવાદની શિક્ષણ હવા બદલીને ઘડીના છઠ્ઠા ભાગમાં શિક્ષણના વહેણ વાળી દીધાં.

ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન ગાંધીનગર જિલ્લાના અમિયાપુર ગામને દત્તક લઈ ગ્રામ વિકાસ અને ગ્રામજનોના કલ્યાણ અર્થે ચાલતા સેવા કેન્દ્રોના શ્રી માધુભાઈ સાક્ષી છે. 'સબ સે ઊંચી પ્રેમ સગાઈ'ના તત્વજ્ઞાનને જીવનમાં વણી લેનાર અને સમાજ પરિવર્તનનો પવન ફૂંકનાર શ્રી માધુભાઈએ ના માત્ર સરસ્વતી વિદ્યામંડળની તમામ સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપી છે, પરંતુ અમિયાપુર ગામના સેવાયજ્ઞમાં પોતાની પાકશાસ્ત્રની નિપૂણતાનો પણ પરિચય આપ્યો છે.

હરભાઈ સાથે 'ઘરશાળા' માસિકની શરૂઆત કરી રઘુભાઈએ એક ઉત્તમ શૈક્ષણિક સામયિક ગુજરાતને ભેટ આપ્યું. કેળવણી અને જીવનના પ્રશ્નોમાંથી વ્યવહારુ માર્ગ ઊભા કરવાના ઉદ્દાત હેતુથી ગુજરાતનું સૌ પ્રથમ શરૂ થયેલું આ ઉત્તમ શૈક્ષણિક માસિક 'ઘરશાળા' આજે ૭૫ વર્ષ વટાવી ચૂક્યું છે, તે સમગ્ર શિક્ષણ જગત માટે પણ આનંદ અને ગૌરવની વાત છે.

ઘરશાળાની વિકાસયાત્રામાં અગણિત શ્રેષ્ઠ લેખકોએ પોતાની વિલક્ષણ લેખન રીતિથી 'ઘરશાળા'ને અવિરત અને ઉત્કૃષ્ટ સાહિત્ય પીરસ્યું છે. ઉપરાંત ઘરશાળા માસિકને ઉત્તરોત્તર સમૃદ્ધ બનાવવામાં વાલીગણ, શિક્ષકો, વાચકો, કેળવણીકારો અને શુભેચ્છકોનો સહકાર સતત મળતો રહ્યો છે અને સો સભ્યોથી શરૂ થયેલું આ માસિક ૩૦૦૦ કરતાં વધુ સભ્યોનો ફેલાવો ધરાવે છે.

૧૯૪૪માં ભાવનગરમાં જન્મેલા 'ઘરશાળા'નો ઉછેર ૧૯૭૮-૭૯થી અમદાવાદમાં થયો. આમ એના પ્રકાશન સ્થળ બદલાવવાની સાથે એનું આંતરબાહિર ક્લેવર પણ બદલાયું, વાચકોની પેઢી બદલાઈ, રુચિ બદલાઈ, જીવનના લયતાલ પણ બદલાઈ ગયા પણ તે સાથે આટલા વર્ષોની તેની વિકાસયાત્રામાં 'ઘરશાળા' વિકાસ પામ્યું, બદલાયુ અને આ બદલાવને તેના વાચકોએ કંકુ-અક્ષતથી પોંખ્યા પણ ખરા. અને આજે પણ નૂતનશિક્ષણના પ્રવાહો અને પ્રયોગો તથા કૌટુંબિક જીવનની માવજત કરતું 'ઘરશાળા' સામયિક શિક્ષણજગતમાં નવા વિચારના પ્રદાનનું વાહન બની રહ્યું છે.

સરસ્વતી વિદ્યામંડળ શ્રી હરભાઈ સ્મારક નિધિના ઉપક્રમે અનેક શૈક્ષણિક પુસ્તકોનું પ્રકાશન કાર્ય પણ કર્યું છે. શિક્ષણજગતને સ્પર્શતા નૂતનકેળવણી અને બાળકોના જ વિકાસની મહત્ત્વની બાબતોને લગતા, હેતુલક્ષી, જીવનલક્ષી અને શિક્ષણલક્ષી પુસ્તકો ઉપરાંત શિક્ષક-વાલી સંબંધોની છણાવટ કરતાં પુસ્તકોનું પ્રકાશન અને વિતરણ કાર્ય પણ વિદ્યામંડળ કરે છે. સપનાં થયાં સાકાર, વિરલ વિદ્યા પુરુષ, સ્મરણયાત્રા જેવા પ્રકાશનો શિક્ષણજગતમાં ખૂબ જ લોકપ્રિય બન્યા છે. આ સર્વેમાં મુ.શ્રી જશીબહેન નાયક લિખિત સ્મરણયાત્રાને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી પુરસ્કૃત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકવનને દર્શાવતા અણમોલ ગીતોની માળા ગૂંથીને તૈયાર કરવામાં આવેલી ઑડિયો સીડી 'સરદારગાથા'એ પણ સરસ્વતી વિદ્યામંડળનું એક આગવું નજરાણું છે.

# ગાંધીજીની દોઢ સદી - ૨૦૧૯
# જહોન રસ્કિન અને અર્થચિંતન

**હીરજીભાઈ નાકરાણી**

મો. ૯૧૦૬૦૭૭૦૭૬

પુસ્તક આપણને ખબર ન પડે એમ આપણી દુનિયાને બદલાવી નાખતું હોય છે. તે માણસને બદલવાની જોરદાર તાકાત ધરાવે છે આપણને ખ્યાલ પણ ન આવે તે રીતે આપણી દૃષ્ટિને વિશાળતા, ઉદારતા બક્ષતું હોય છે અને આપણી માનસિક અસ્પષ્ટતાઓ અને અવઢવને દૂર કરી યોગ્ય અભિગમને ઘડતું હોય છે.''

આ શબ્દો કોઈ વિદેશી કુળના નથી પરંતુ ભારતીય સંસ્કૃતિમાં જન્મેલા અને ભારતીય સંસ્કારોનો વારસો પામેલા એવા એક પ્રાચીન વિદ્યાપીઠ (તક્ષશીલા)માં ભણેલા તેજસ્વી અને પ્રબુદ્ધ પ્રજ્ઞા પુરુષ કોટિલ્યના છે.

એમ કહેવાય છે કે એક સારું અને ઉમદા પુસ્તક પારસમણિ જેટલું જ અસરકારક હોય છે. આ પારસમણિ શબ્દ ખૂબ જાણીતો અને લોક મુખે ગવાઈ ગયેલો અને ચવાઈ ગયેલો શબ્દ છે. લોકોમાં એક એવી માન્યતા ઘર કરી ગયેલી છે કે પારસમણિ એટલે એક એવો સ્વયંપ્રકાશિત અને બહુમૂલ્ય ચમત્કારી પથ્થર કે જેનો સ્પર્શ થતાં જ લોખંડ સોનું બની જાય છે. સમાજમાં આ રૂઢ થયેલી માન્યતામાં કેટલું તથ્ય છે તે આપણે જોયો હશે ખરો ? મેં તો જોયો નથી ખરેખર આવો સ્વયંપ્રકાશિત અને બહુમૂલ્ય ચમત્કારી પથ્થર હશે કે કેમ ? સંશય જરૂર પેદા થાય છે. આ એક અણ ઉકલ્યો સવાલ છે. કોઈ જાણકાર અને અનુભવી માણસનો કોઈ મને ભેટો કરાવશે તો તેમના પવિત્ર ચરણોમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા મારી તૈયારી છે.

ભૌતિક રીતે આવું ન પણ સંભવી શકે પરંતુ આધિભૌતિક રીતે આવું બનવા પૂરેપૂરો સંભવ છે. હું મારી રીતે પારસમણિનો અર્થ એવો તારવું છું કે સ્વયંપ્રકાશિત તેજસ્વી અને ચમત્કારિક પ્રભાવશાળી વ્યક્તિત્વ કે જેની સમ્યક વાણી સમ્યક વિચાર અને સમ્યક આચારનો બીજાને સ્પર્શ થતા જરૂર તે પથ્થર સોનું કે હીરો બની જાય છે. આવો ત્રિપાર્શ્વ પારસમણિ સમજવો રહ્યો. આવા પારસમણિએ કેટલાયના જીવન બદલી નાખ્યા હોય એવી સત્ય ઘટનાઓનો ઈતિહાસ ઘણો લાંબો છે.

જ્ઞાન એ આત્માનો પ્રકાશ છે. ભક્તિએ દયનો પ્રકાશ છે અને કર્મ એ શરીરનો પ્રકાશ છે. આમાંના પ્રથમ બે પ્રકાશ આંતરિક છે અને ત્રીજો પ્રકાશ બાહ્ય છે. આ ત્રણે પ્રકાશ થકી માનવનું સમ્યક ઘડતર અને ચણતર થાય છે.

પુસ્તકની તાકાત અંગે યુરોપનો તત્ત્વચિંતક બર્ટ્રાન્ડ રસેલ કંઈક અલગ જ કહે છે; ''પુસ્તક આપણું પરમમિત્ર છે. બે પૂંઠા વચ્ચે ધબકતું પુસ્તક જ્ઞાન જ પીરસતું નથી પણ સંવેદનાની સરવાણી પણ વહાવતું હોય છે. રૂંવાડાં ખડાં ખરી દે તેવો રોમાંચ પણ પ્રસરાવતું હોય છે. વળી આપણા આત્માને સ્પર્શે એવી આધ્યાત્મિકતાની અલખ પણ જગાવતું હોય છે. પુસ્તકના માધ્યમથી જ આપણે શોધેલા જ્ઞાન કે અનુભવેલાં સંવેદનો અમર બનાવી શકાય છે.''

ગાંધીજીના જીવન ઘડતરમાં આબેહૂબ કંઈક આવું જ બન્યું છે. એક વ્યક્તિના જ્ઞાન અને શીલથી અંજાયા તો બીજી બે વ્યક્તિના માત્ર પુસ્તકથી અંજાઈને જીવનની વિચારધારા બદલી નાખી. આ ત્રણ પ્રબુદ્ધ પ્રજ્ઞા પુરુષોમાં પ્રથમ સ્થાને આવે છે શ્રીમદ્ રાજચંદ્ર બીજા ક્રમે આવે છે રશિયન સાહિત્યકાર અને તત્ત્વચિંતક કાઉન્ટલીઓ ટૉલ્સ્ટૉય અને ત્રીજા ક્રમે આવે છે ઈંગ્લૅન્ડનો કલાકાર, સમાજ સેવક અન તત્ત્વચિંતક જહોન રસ્કિન.

શ્રીમદ્ રાજચંદ્ર સાથે ગાંધીજીનો પ્રથમ પરિચય ઈ.સ. ૧૮૯૧ના જુલાઈ માસમાં વિલાયતથી ભણીને આવતા મુંબઈમાં થયો હતો. તેમના નીકટ સહવાસમાં આવવાનું થયું. શ્રીમદ્જીના બહોળા શાસ્ત્ર જ્ઞાન અને શુદ્ધ ચારિત્ર્ય તથા આત્મદર્શન કરવાની એમની ધગશ જોઈને ગાંધીજી ખૂબ જ પ્રભાવિત થઈ ગયા હતા. તેઓ પોતાની આત્મકથા (સત્યના પ્રયોગો)ના ભાગ-૨ અને પ્રકરણ પ્રથમ

(રાયચંદભાઈ)માં લખે છે; ''ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું. દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી છે તે બીજા કોઈ નથી પાડી શક્યા.''

આગળ વિશેષ કહે છે કે મારા જીવન ઉપર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે. રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી ટોલ્સસ્ટોયે તેમના પુસ્તક વૈકુંઠ તારા  દયમાં છે. [The kingdom of good is within you] થી ને રસ્કિને અન ટુ ધીસ લાસ્ટ [unto this last] સર્વોદય નામના પુસ્તકે મને ચકિત કર્યો એમ કહે છે.

પ્રથમને છોડી બીજા બંને મહાનુભાવોમાંથી કોઈને પણ ક્યારેય ગાંધીજીએ જોયા કે સાંભળ્યા નહોતા પણ તેમના પુસ્તકોનું વાંચન તેમણે કર્યું હતું; માત્ર વાચન જ કર્યું નહોતું પણ બંને પુસ્તકને ધોળીને પી ગયા હતા.

આપણે ત્યાં શબ્દને બ્રહ્મ કહોર્યા છે. દરેક શબ્દની અલગ અલગ આભા અને શક્તિ હોય છે. પુસ્તકો આપણા વિચાર બીજમાં ખાતર, પાણીનું કામ કરે છે. પુસ્તકોમાં આ જ તો અનોખી શક્તિ હોય છે. પુસ્તક નાનું હોય કે મોટું પણ તેની તાકાત જોવાની હોય છે. પુસ્તક ઘોળાયેલ વિચાર વ્યક્તિના માનસ અને હૈયામાં કેવું આંદોલન જગાડે છે તે આ બંને પુસ્તકમાં રજૂ થયેલ વિચારો ઉપરથી ખ્યાલ આવશે.

વિશ્વવંદ્ય ગાંધીજીના ઘડતર અને ચણતરમાં આ ત્રણે મહાપુરુષોનો વિશેષ ફાળો રહ્યો છે. આ ત્રણમાંથી એક્કેરા ભગવાધારી સંત કે સાધુ પુરુષ નથી. ત્રણે પૂર્ણ સંસારી સદ્ગૃહસ્થો હતા પણ સ્વભાવે અને કર્મે ત્રણે સરળ, સહજ અને સાદગીભર્યું જીવન જીવનારા ખરા સાધુ પુરષો જ હતા.

લીઓ ટૉલ્સ્ટૉય સાથે ગાંધીજીને પત્રવ્યવહાર થયેલો તે પણ સાવ મર્યાદિત. તેમનો જે પત્રોએ ગાંધીજીને દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં ખૂબ પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ. અહંસક સત્યાગ્રહના બીજ ''વૈકુંઠ તારા  દયમાં છે.'' આ પુસ્તક વાંચીને પ્રેરણા લેવાને કારણે સાચી ધર્મભાવનાનું ઘડતર થયું હતું. જ્યારે અંત્યોદયમાં સર્વોદયની ઉન્નત ભાવનાનું ઘડતર જહોન રસ્કિનના 'અનટુ ધીસ લાસ્ટ' ની હિત વિચારધારાને આધારે ઘડાયું હતું. આ બંને મહાપુરુષોના આદર્શોને તેમને ફિનિક્સ આશ્રમ અને ટૉલ્સ્ટૉય આશ્રમ થકી મૂર્તિમંત કરવાનો પુરુષાર્થ કર્યો હતો.

**જ્હોન રસ્કિનઃ**

''જવલ્લેજ મળે તેવા એ માનવ હતા, જેઓ  દયથી વિચારનારા હોય છે, તે પૈકીના વિચારક એ હતા એટલે પોતાને દેખાય કે અનુભવાય તેટલા પૂરતો જ વિચાર નથી કર્યો પણ આવનારા ભવિષ્યમાં આવનારી દરેકે દરેક વ્યક્તિ એ જેનો વિચાર કરવાનો છે અને જે વાત કહેવાની છે તે જ વાત રસ્કિને કરી છે.''

આ શબ્દો કોઈ સામાન્ય માણસના નથી પણ વિશ્વના મહાન સાહિત્યકાર અને તત્ત્વચિંતક રશિયાના મહાત્મા ટૉલ્સ્ટૉયની કલમે ઊતરેલા છે. રસ્કિન યુરોપના એક મહાન કલાકાર, દાર્શનિક અને માનવ અર્થવિજ્ઞાનના પ્રખર તજજ્ઞ હતા. વિચારોનું કેન્દ્ર માનવનું મગજ હોય છે પણ ટૉલ્સ્ટૉય કહે છે રસ્કિન તો  દયથી વિચારનારા હતા એટલે કે અનુભવની વાણી પ્રગટ કરનાર હતા. જે  દયથી વિચારી શકે છે તેની વાણીમાં બ્રહ્મનાદ સમાયેલો હોય છે, જે ભવિષ્યમાં આવનારી દરેક પેઢીએ સમજી, વિચારીને જીવનમાં ઉતારવાનો હોય છે. આવા એક આર્યદૃષ્ટા ઋષિની ભવિષ્યવાણી સત્ય પૂરવાર થઈને જ રહી છે. અવકાશને પેલે પાર પહોંચીને ભાવિ પેઢીઓને ઘણું ઘણું આપીને જતી હોય છે. ભવિષ્યમાં આવનારા પડકારોને હળવાશથી, દૃઢ મનોબળથી ઝીલવાનું સામર્થ્ય પણ આપે છે.

વિવિધ વિષયોમાં તેમની કલમે ૨૮ જેટલી કૃતિઓ કંડારાઈ છે પણ એમાંનું એક પુસ્તક 'અનટુ ધીસ લાસ્ટ'ને પોતાની સર્વકૃતિઓમાં સર્વશ્રેષ્ઠ હોવું તેમણે સ્વીકાર્યું છે અને  દયપૂર્વક સહજતાથી તેમની કલમે સરી પડે છે;

“રજમાત્ર શંકા વગર હું કહીશ કે આ પુસ્તકના ચાર નિબંધો મારા આજ સુધીના તમામ લખાણોમાં સૌથી વધુ ઉત્તમ છે. તેનો શબ્દે શબ્દ સાચો છે અને સર્વોત્કૃષ્ટ છે, સત્યને જ આ નિબંધો રજૂ કરે છે. આના જેટલું પુસ્તક અને સુસંગ મારા હાથે હજુ સુધી બીજું લખાયું નથી કે આની પાછળની મહેનત જોતા તો હવે મારા હાથે ભાગ્યે જ ફરી ફરી આવું મારાથી લખાશે એમ કહું તો ખોટું નથી. મને પોતાને તો આ લખ્યાનો પૂરો સંતોષ છે. એમ નમ્રતાના દેખાવ વગર હું કબૂલ કરું છું અને આવો સંતોષ મને મારા અન્ય કોઈ લખાણથી થયો નથી.”

કહેવાય છે કે વરની મા તો વરના જ વખાણ કરે ને ? સીદી ભાઈને સીદકાં વહાલા જ હોય ને ! આ બંને ઉક્તિઓ આપ વખાણની વાત કરે છે, આ એક સહજ, સ્વાભાવિક પ્રકૃતિગત જિન્સનો ભાવ છે, પણ જ્યારે અન્ય વ્યક્તિ વખાણે અને એ વ્યક્તિ પણ સામાન્ય ન હોય. વિશ્વની મહાન વિભૂતિ, વિશ્વપ્રિય અને જેમણે જીવી જાણ્યું ઉત્તમ વિચારને જીવનમાં તરત જ વણી લેવા પુરુષાર્થ આદર્યો. રસ્કિન પોતે પોતાના વિચારોનો અમલ કરવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં તેઓ અમલ ન કરી શક્યા. પણ તેમના વિચારોના ઉત્તરાધિકારી એક ભારતીય નરબંકો બને તેના જેટલી ખુશ થવાની ભારત માટે બીજી કઈ હોઈ શકે ? આગળ લખ્યું તેમ બળુકા વિચારોનો પ્રભાવ જો જીવનના વહેણને બદલી નાખતો હોય તો એ વિચારના જનકમાં કેટલી તાકાત હશે ? કલ્પના કરવી રહી.

ગાંધીજી પોતાની આત્મકથાના ભાગ-૪માં ‘એક પુસ્તકની જાદુઈ અસર’માં જહોન રસ્કિનના ‘અન ટુ ધીસ લાસ્ટ’ વાંચીને લખે છે, “આ પુસ્તકને લીધા પછી છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. ડરબન પહોંચ્યા પછી આખી રાત ઊંઘ ન આવી. પુસ્તકમાં સૂચવેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો.”

જે માણસે રસ્કિનને ક્યારેય જોયા નથી, નામ સાંભળ્યું નથી, ક્યારેય રૂબરૂ મળવાનો કે ફોનથી વાતો કરવાનો મોકો પ્રાપ્ત થયો નથી છતાં રસ્કિનના ‘અન ટુ ધીસ લાસ્ટ’ને ઘોળીને પી ગયા. તેઓ એવું પણ કબૂલ કરે છે, “જે થોડાં પુસ્તકો વાંચ્યા છે તેને હું ઠીક પચાવી શક્યો છું, એમ કહી શક્યા એવા પુસ્તકોમાં જેણે મારી જિંદગીમાં તત્કાળ મહત્ત્વનો રચનાત્મક ફેરફાર કરાવ્યો એવું તો આ પુસ્તક જ કહેવાય.”

પાછળથી તેમણે આ પુસ્તકનો સર્વોદય નામે તરજૂમો કર્યો. ગાંધીજી આગળ કહે છેઃ “મારી એવી માન્યતા છે કે જે વસ્તુ મારામાં ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથરત્નમાં જોયું ને તેથી તેણે મારા ઉપર સામ્રાજ્ય જમાવ્યું ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો.

રસ્કિનના વિચારોએ ગાંધીજીને શહેરમાંથી બહાર કાઢી ગામડામાં ખેંચી લાવ્યા ને ફિનિક્સ આશ્રમની સ્થાપના થઈ. આશ્રમની ભૂમિ રસ્કિનના વિચારોની પ્રયોગ ભૂમિ બની. જેમાં તેમણે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. રસ્કિને ‘અન ટુ ધીસ લાસ્ટ’માં અંત્યોદયની વાત મૂકી છે; જ્યારે ગાંધીજીએ એક ડગલું આગળ મૂકીને ‘સર્વોદય’ તરફ કદમ માંડ્યા છે. જે મમીને જમાડવાની વાત નથી પણ જમાડીને જમવાની વાત પર ભાર મૂકે છે. સર્વોદયમાં એક આંગળી બીજા તરફ માંડતા પહેલાં ત્રણ આંગળ પોતાના તરફ મંડાય છે. તેમાં સર્વોદયનો મર્મ સમજાય છે.

રસ્કિનનું ‘અન ટુ ધીસ લાસ્ટ’ નામ પસંદ કરવા માટેનું પ્રેરકબળ બાઈબલની એક વાર્તામાં પડ્યું છે તે વાર્તા કંઈક આ પ્રકારની છે :

“એક ખેડૂત પોતાના ખેતર પર કામ કરવા આવનાર તમામ મજૂરોને સમાન મજૂરી ચૂકવે છે. પ્રશ્ન એવો બને છે કે કેટલાક સમયસર આવે છે, જ્યારે કેટલાક મજૂરો કામ શોધતા શોધતા ખેતરે આવવામાં મોડા પડે છે. હવે સાંજે મજૂરી ચૂકવવાની થઈ ત્યારે તમામને એક સરખી મજૂરી ચૂકવવામાં આવી. સમયસર આવનારા મજૂરો વિચારમાં પડી ગયા ને મનમાં બબડ્યા; આતો અન્યાય કહેવાય. તેમણે ખેડૂતને પ્રશ્ન કર્યો;

"મોડા આવનાર મજૂરોને પણ અમારા જેટલી જ મજૂરી કેમ ચૂકવી ?" ખેડૂત કહે છે : "જુઓ ભાઈ મેં તમને જેટલી મજૂરી ચૂકવવાનું વચન આપ્યું હતું તેટલી મજૂરી તો મેં તમને ચૂકવી જ છે. સમયસર આવ્યા તે ફાવ્યા અને મોડા પડ્યા તેને નુકસાન એ ક્યાંનો ન્યાય ?

આ વાર્તા થકી રસ્કિન સમાજ અને અર્થ વિજ્ઞાનના પરસ્પર સંબંધમાં જીવન એક કલા છે એવો અભિગમ રજૂ કર્યો છે અને કહે છે કે ઈશ્વરની રચનામાં માનવના કાર્યને ઉપયોગિતાના સંદર્ભે જ મૂલવાય તે યોગ્ય નથી પણ તેનું મૂલ્યાંકન માનવીય ન્યાયના માપદંડથી થાય તે જરૂરી છે. આગળ તેઓ કહે છે કે રાષ્ટ્રની સંપત્તિ માત્ર આર્થિક અને સમૃદ્ધ માનવીઓ જ નથી પણ સામુદાયિક હિતો અને ન્યાયને પોષનારા માનવો જ રાષ્ટ્રની સાચી સંપત્તિ છે. તેમ જ માનવતા એ સ્વયં માનવનું અસલ સ્વરૂપ છે. જ્યારે મૂડી કે નાણું એ તો તેનો પડછાયા પાછળની દોટ છે. વળી માનવ જીવન કરતા અધિક એવી બીજી કોઈ સંપત્તિ નથી.

રસ્કિન માનવ જાતિના વિકાસમાં બે મોટા અંતરાયો જુએ છે. એક છે પ્રેમ અને હિંમતનો અભાવ અને બીજા છે ન્યાયને માટે બીજા ન્યાયનો આગ્રહ પ્રેમ હોય તો જ પોતાને હાથે બીજાને અન્યાય ન થાય માટે ત્યાગપૂર્વક સ્વેચ્છાએ સારું જીવન જીવવાની નૈતિક હિંમત તો માનવમાં હોવી અનિવાર્ય છે.

તૃષ્ણાને સ્થોન સંતોષ હોય એ જ તો સુખમય માનવ સમાજ માટેની પ્રથમ શરત છે અને સંતોષને જ વ્યક્તિના જીવન પરિવર્તન માટેની પણ મુખ્ય શરત ગણવામાં આવી છે. ખરેખર તો પોતાની પાસે જેટલું હોય તેનાથી સંતોષ માનીને જીવવું જોઈએ. ઈશ્વરે આપણને જે આપ્યું છે તેમાં સંતોષ માનનાર જ હંમેશાં સુખી થાય છે. આ જ વાત આપણા સંત કબીરજીએ પોતાના એક દોહામાં આ રીતે મૂકી છે :

ગોધન, ગજધન, બાજીધન
ઔર રતન ધન રવાન
જબ આવત સંતોષ ધન
સબ ધન ધૂરી સમાન.

આ સંતોષરૂપી ધન એ જ મહાન ગણાયું છે. માણસને અસંતોષ જ દુઃખી કરી રહ્યો છે. વ્યક્તિગત પ્રયાસો થકી સુખની પ્રાપ્તિ સંભવી શકે. સમાજના સામૂહિક પ્રયાસ એ શક્ય નથી. માનવની આંખો પર બાજેલા સ્વાર્થના પડળો જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી શાંતિ અને સાચા સુખનો વ્યવહાર સમજમાં આવશે નહીં. ઔદ્યોગિક સભ્યતા અને રાજનૈતિક અર્થવ્યવસ્થા થોડા જ લોકોને વિલાસી અને વૈભવના સાધનો પૂરાં પાડે છે તેથી મોટા ભાગના લોકોની પાયાની જરૂરિયાતો પૂરી પાડતી નથી. પરિણામ એ આવે છે કે તવંગર વધુ તવંગર બની રહ્યો છે અને ગરીબ નિત્ય વધુ ગરીબ બની રહ્યો છે તેનું સર્વતોમુખી શોષણ જ થઈ રહ્યું છે. માત્ર પોતાના વ્યક્તિગત હિતને જ લક્ષમાં રાખીને જે અર્થવ્યવસ્થા હાલ છે તેને બદલવાનું કામ રસ્કિનના 'અન ટુ ધીસ લાસ્ટ'ની વિચારધારામાં છૂપાયેલ છે, જેને તેમણે અંત્યોદય કહ્યો છે.

રસ્કિનના આ વિચારે પશ્ચિમના લોકોની આંખ ઉઘાડી નાખી છે. આજે ઘણા ગોરાઓ રસ્કિનની વિચાર ધારાને અમલમાં મૂકી રહ્યા છે. આવી એક મહાન વ્યક્તિના જીવનની ખાટી-મીઠી વાતો પણ સમજવા જેવી છે.

તેમનો જન્મ માતા માર્ગારેટની કૂખે સને ૧૮૧૯ ફેબ્રુઆરી-૮ના રોજ લંડનમાં થયો હતો. માતા ધાર્મિક, સેવાભાવિ અને પ્રેમાળ હતી. પિતા જહોન જેઈમ્સ શરાબના વેપારી હતા. ધંધામાં ઈશ્વરે યારી આપી. ખૂબ કમાયા એટલે બાવડાના બળે સ્વતંત્ર એક કંપની સ્થાપી. તેઓ આપકર્મી મહેનતકશ માનવી હતા. એકના એક પુત્રને લોડકોડ ને પ્રેમથી ઉછેર્યો. દીકરો જન્મથી જ શરીરે દુબળો, કાચી વયે ક્ષય રોગ દર્દી બની ગયો. અંતે તે બચી ગયો. ક્રાઈસ્ટ ચર્ચ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં કલાનું શિક્ષણ મેળવ્યું. પુરસ્કૃત પણ થયો. તેમનું કવિ  દય લાગણીની ઉંમરે ફૂલબાર વિકસી ગયું. ૨૯ વર્ષની વયે ઍફીગ્રે નામની

એક સુંદર કન્યા સાથે લગ્ન કર્યું પણ બહુ જામ્યું નહીં. માત્ર ચાર વર્ષનું ગૃહસ્થ જીવન જીવ્યો ને કલેશને કારણે બંને મુક્ત થઈ ગયા. તેઓ એક સ્કૂલમાં વાર્તાઓ કહેવા જતા ત્યારે નાની ઉંમરની એક છોકરી તરફ આકર્ષાયા. ૩૩ વર્ષના રસ્કિનની લાગણી પ્રેમમાં પરિવર્તન પામતી ગઈ અને રોઝી પણ તેની વિદ્વતા અને સ્વભાવથી આકર્ષાઈ. રસ્કિનનું યૌવન ખીલી ગયેલું હતું અને ૧૬ વર્ષની રોઝીનું યૌવન ખીલી રહ્યું હતું. બંનેની ઉંમરમાં ઘણો તફાવત હતો તેથી રસ્કિનના માતા-પિતાને આ સંબંધ મંજૂર નહોતો. સમાજની મર્યાદાઓએ તેમના હાથ બાંધી દીધા હતા. રોઝીના હૈયે પાંગરતા પ્રેમથી સતત પીડાતી રહી. પ્રેમની આગમાં શેકાતી ગઈ. તેની ૩૨ વર્ષની ઉંમર સુધી સંમતિની રાહમાં સતત પીસાતી રહી. રહેંસાતી રહીને સતત પીંખાતી રહી. શરીર નિત્ય નીચોવાતું રહ્યું. આમને આમ ઈન્તજારમાં રસ્કિન ૬૫ વર્ષના થઈ ગયા. છતાં ધૂંધવાતા પ્રેમ સાગરના મોજામાં ઓટ આવી નહોતી. બંને એકબીજાને પામવા નિત્ય જુરાપો અનુભવી રહ્યા હતા. અંતે ૧૮૭૫ની એક કાળ રાત્રિએ રોઝી પંચતત્ત્વમાં હોમાઈ ગઈ. રોઝીને પ્રિય એવી એક વાર્તા સોનેરી નગરીનો રાજા (ધ કિંગ ઑફ ગોલ્ડન) નાનપણથી રસ્કિનને મુખે સાંભળતી આવી હતી. તે પુસ્તક તેમણે રોઝીને અર્પણ કરી દીધી.

પ્રેમ સાગરમાં ધૂબકો મારવા માટે માત્ર હિંમત, સાહસ અને નીડરતાની જ જરૂર હોય છે. પ્રેમને કોઈ પણ પ્રકારના બંધનો નડતા નથી. પછી ધર્મના, નાતજાતના, ઉંમરના, રૂપના વગેરે કોઈ પણ બંધન નડતા નથી. આ બધું જાણી, તપાસીને પ્રેમ થતો નથી પણ પ્રેમ સહજ ભાવે થઈ જાય છે. પછી પાછા વળવું મુશ્કેલ બને છે. જે સમજી, સમજાવીને હિંમત કરી શકે તે જ જીવનમાં કંઈ નવું પામી શકે. મરજીવાને સમુદ્રને તળિયે પહોંચવા માટે હિંમત અને સાહસની જરૂર પડતી હોય છે. એમના મોતી નથી મળતા.

પ્રેમ એ જ પ્રગતિ કે વિકાસનું ધારદાર ચાલકબળ હોય છે. રોઝીનું મૃત્યુ થયા પછી પૂરા ૧૪ વર્ષ સુધી રસ્કિનને રોઝીનો અભાવ સતાવતો રહ્યો. રસહીન એકાકી જીવન સતત અખરતું રહ્યું. વિચારો અને લાગણીઓની તીવ્ર સંવેદના સતત અનુભવાતી રહી. ઊંડા આઘાતોએ તેમને સ્થિતપ્રજ્ઞ દશામાં મૂકી દીધા તેમજ ચારે બાજુથી આર્થિક, સામાજિક અને અનૈતિક વ્યવહારોના સંબંધોમાં પ્રભાવની આંધિમાં તેમને માનવતાના ધૂંધળા ભાવિના અણસાર દેખાવા લાગ્યા હતા. નિરાશાભરી જિંદગીમાં કોઈ ચોક્કસ દિશા સૂઝતી નહોતી. છેવટે લાંબા ચિંતન પછી ૬૬ વર્ષની ઉંમરે ઑક્સફર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર તરીકેની નોકરી છોડવા રાજીનામું આપી મુક્ત થઈ ગયા પછી પોતાના વતનમાં જઈ એકાંતે જીવન ગાળવા લાગ્યા.

તેમને નાનપણથી પ્રકૃતિને જાણવા ને માણવામાં રસ હતો. ઘણા સમયથી યુરોપના દેશોની ધરતીનો ખોળો ખૂંદવાના ખ્વાબ જોયા હતા. નિવૃત્તિનો સમય તેમાં આપવાનું નક્કી કર્યું. પ્રકૃતિને માણવાની પ્રબળ ઈચ્છાએ તેમને પ્રવાસી બનાવી દીધા. એક દિવસ તેઓ બધું છોડીને નીકળી પડ્યા. પરિણામે તેમનું શરીર પ્રકૃતિના આઘાતો-પ્રત્યાઘાતોને સહન ન કરી શક્યું તેથી સખત બીમાર પડી ગયા. અંદર નહીં બચવાનો અણસાર આવી ગયો એટલે સતત ચિંદ સતાવતી રહી કે હવે હું ઘરે પહોંચી શકીશ નહીં. બે દિવસ સતત ઈસુની આરાધનામાં જ વિતાવ્યા પછી નાભિનો અંતરનાદ નીકળ્યો. તેઓ લખે છે, ''દિવ્ય ચેતના તરફથી પ્રત્યુત્તર આવ્યો. આ માંદગીમાંથી દૂર કરવામાં આવે છે.''

પ્રભુની કૃપા અને અસીમ અમીદૃષ્ટિ તો જુઓ. બે કલાક તો જાણે શરીરમાં કોઈ દર્દ નથી એમ સ્વસ્થ થઈ ગયા. બે કલાક પૂરા થવા આવ્યા. શરીરમાં કોઈ દર્દ નહોતું. જાણે હવે નવી જિંદગી મળી ગયાનો મનથી સંતોષ થયો. દિલમાં આનંદની લહેરખી આવી ગઈ. પણ બે કલાક પૂરા થયા ને તરત તબિયત ક્ષણે ક્ષણે કથળતી ગઈ. છેવટે પ્રેમનો પ્રકાશ ૧૯૦૦ ની ૨૦મી જાન્યુઆરીએ પંચતત્ત્વમાં સમાઈ ગયો. પૂરાં ૮૧ વર્ષ જીવીને વિશ્વને ઘણું ઘણું આપી ગયા. વિવિધ વિષયો પર તેમણે ૨૪ જેટલા પુસ્તકો લખ્યા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૬ ઉપર)

# "શાળા અને રાષ્ટ્રના ઉત્સવો"

જશીબહેન નાયક

## (૧) નવરાત્રિ

રાત પડતા જ ચોરેકોર નવરાત્રિના ગરબાઓની રમઝટ સંભળાય છે અને એ જ્યારે ગરબાઓના સુમધુર અવાજો તેમજ આપણી નવ માતાઓના જુદા જુદા સ્વરૂપોના ગરબાઓના સૂર સંભળાય છે આ સૂરો જ્યારે સંભળાય છે ત્યારે એની સાથે જ મને મારા નાનપણના સ્મરણો તાજા થાય છે અને જાણે કે હું પોતે જ જાતે ગરબા લઈ રહી હોઉં તેવી લાગણી થાય છે.

અમારી શાળા શહેરથી ૫-૬ માઈલ દૂર હતી. ગાંધી બાપુના આશીર્વાદથી શરૂ થયેલી આ સ્કૂલમાં આપણા દેશના એટલે કે આપણા રાષ્ટ્રીય તહેવારો જે આપણા દેશને વધુ સમૃદ્ધ બનાવી રહ્યા છે એ ઉજવવામાં આવતા. જેથી રાષ્ટ્રીય ગૌરવ વિદ્યાર્થીઓના જીવનમાં ઊભરતું રહે.

નવરાત્રિ આવવાની હોય એ પહેલાં બે અઠવાડિયાથી અમારી શાળાના સુથારી કામના વર્ગમાં અમે એક સુંદર લાકડાનું મંદિર બનાવતાં. પછી એને પોલીશ કરતાં. એ મંદિર એવી રીતે બનાવતા કે એમાં નાના નાના નવ ગોખલા હોય અને એમાં નવેય માતાઓના ફોટાઓ ગોઠવવામાં આવતાં હતાં. નીચે એક સરસ સ્ટેન્ડ બનાવતા એના ઉપર ઘીનો દીવો મૂકતા. એ ઘીના દીવાના તેજમાં જ આખું મંદિર શોભી ઊઠતું અને આસપાસ ફરતાં ફરતાં અમે નવેય માતાઓના દર્શન કરી શકતા. પછી આ મંદિર અમે અમારી શાળાના વિશાળ મેદાનમાં એક વિશાળ બાજોઠ ઉપર ગોઠવતાં. સાંજના નવરાત્રિ શરૂ થાય ત્યારે પહેલાંજ દિવસથી મંદિરની આસપાસ ગરબા અને દાંડિયા રાસ લેવાનું શરૂ થઈ જતું. આજે આ લખાવું છું ત્યારે એક ગીતનો અવાજ મારી આસપાસ ગુંજી ઊઠે છે એની પહેલી લાઈન આજે સ્મરણમાં આવે છે - "હે દેવી.... નવ નોરતાની રાત હવે આવી જગત જોગ માયા રે...." આ ગરબાથી અમારા દાંડિયા રાસ શરૂ થતા અને રાસ ગરબાની રમઝટ બે-ત્રણ કલાક ચાલુ રહેતી. આ ગરબાની રમઝટમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ભાગ લેતાં. કેટલાક વાલીઓ પણ એમાં રાસમાં ભળી જતા. એટલે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓનો ગરબામાં ત્રિવેણી સંગમ થઈ જતો. સૌ જાણે કે આ ગરબા લેવા દરમિયાન આસપાસનું બધું ભૂલી જતા અને ગરબામાં ઓતપ્રોત થઈ જતાં. મને તો એટલું બધું ગમતું કે ઘણીવાર એ માતાઓના દર્શન જાણે હું કરી રહી હોઉં એવું લાગતું. મંદિરમાંનાં ચિત્રોમાં ગોઠવાયેલી નવેય માતાઓ જીવંત બનીને અમારી સાથે ગરબામાં ભળી જતી હોય તેવું લાગતું. આ નવરાત્રિના નવેય દિવસો હજી એવાને એવા મારા સ્મરણમાં તાજાં છે. આ નવરાત્રિના નવદિવસો જ્યારે પૂરાં થતાં ત્યારે અમને એમ થતું કે ક્યારે પાછા નવરાત્રિના દિવસો આવશે ? આજે તો એવી ચોક્કસ લાગણી અનુભવુ છું કે આવા રાષ્ટ્રીય તહેવારો એ આપણા રાષ્ટ્રનું ગૌરવ ઉજ્જવળ બનાવ્યું છે. આ લખાવુ છું ત્યારે એક જાતનું ગરબાઓનું ગુંજન આજે પણ મારા કાનમાં ગુંજી રહ્યું છે. આ નવરાત્રિના કાર્યક્રમો અને એની પાછળ રહેલી ભાવનાઓ આજે પણ જીવંત બની રહી છે અને દરેક પેઢીને વર્ષો વર્ષ ઉત્સાહ આપી રહી છે. અમારી આ રાષ્ટ્રીય શાળામાં થતા આવા ઉત્સવોનું ખૂબ મહત્ત્વનું સ્થાન રહેતું. તે સમયે આવા ગરબાઓથી ગુંજી ઊઠતા લત્તાઓ ખૂબ સુંદર વાતાવરણ ઊભું કરતાં હતાં. બાળકો આસપાસ રમતા હોય, ગરબાં લેવાતા હોય, યુવાન દિકરીઓ સરસ મઝાની પ્રિન્ટેડ બાંધણીઓ પહેરીને ગરબા લેતી હોય, ગરબાઓ પૂરાં થતાં જ બધા જ ગરબા લેનારાઓ મંદિરની આસપાસ બેસી જતાં અને પછી અમારા શિક્ષકો આરતી ઉતારતા. નવ વાટવાળો દીવો જ્યારે મંદિરની આસપાસ ફરતો ત્યારે જાણે કે દિવ્ય તેજ આસપાસ ફરી વળતું હોય તેવું લાગતું હતું. કેવા હતા એ દિવસો ?... દેશ, પરિવાર અને યુવાન પેઢી સૌ એક બની જતા. ૬૦-૭૦ વર્ષના સ્ત્રીઓ-પુરુષો આ ગરબાઓ જોવા હંમેશાં આવી પહોંચતાં અને

ગરબાઓની રમઝટ અનુભવતા. એટલે આજે મારે મન તો આ નવરાત્રિના ઉત્સવમાં રાષ્ટ્રીય ભાવનાનો જ અનુભવ થાય છે દરેક લત્તાઓમાં આ ગરબાઓની રમઝટ એ દરેક શહેરની શોભા બની જતું હતું. અમારી રાષ્ટ્રીય શાળામાં આ ઉત્સવ ઉજવાતો એ દિવસો આજે પણ હું ભૂલી શકતી નથી. આ ગરબાઓ સંભળાય છે ત્યારે હું નાની બની જઈને ગરબા લેતી હોઉં એવું દીવાસ્વપ્ન જોયા કરું છું. હે નવ માતાઓ તમે ચારેકોર છો, હું માથુ નમાવીને તમારી શક્તિઓને નમન કરું છું. આ ઉત્સવ વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરમાં અગત્યનું પાસું આપી જતો.

**(૨) હોળી**

બીજો અમને બહુ ગમતો અને છતાં એની પાછળનો અર્થ સમજી અને એ ઉત્સવ ઉજવવાની ખૂબ મઝા પડતી. હોળી આવતા પહેલાંના બે-ત્રણ દિવસ પહેલાં અમારી શાળાના વિશાળ મેદાનમાં નાની નાની ત્રણ-ચાર ટાંકીઓ પાણીથી ભરી દેવામાં આવતી અને તેમાં જુદા જુદા રંગો એ પાણીમાં ભેળવી દેવામાં આવતા. અમારા શિક્ષકો અને આચાર્યો આ પૂર્વ તૈયારી ખૂબ સરસ રીતે કરતાં અને હોળીના દિવસે અમારા શિક્ષકો અને આચાર્યો અને તેઓના કુટુંબીજનો પણ તે દિવસે જૂના કપડાં પહેરીને આવતાં તેથી એ જોઈને વિદ્યાર્થીઓ પણ એમના માતા પિતાની પાસે જૂના કપડાં પહેરવાની વિનંતી કરતાં. એટલે અમે સૌ પણ જૂના કપડાં પહેરીને જતાં. હોળીના આગલા દિવસથી જ કાલે કેટલી હોળી રમવાની મઝા પડશે એ વિચારે ખુશ થઈ જતાં. આ ત્રણેય પાણીની ટાંકીઓમાં પીળો, લાલ, લીલો, ભૂરો એવા રંગો ભેળવીને મૂકી દેવામાં આવતાં. અમે સૌ ઘરેથી નાના નાના વાટકાઓ લઈને જ રમવા જતાં.

લ્યો... આ હોળીનો દિવસ તો આવી ગયો. અમારો રમવાનો સમય સવારના ૮:૦૦ થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધીનો રહેતો. અમે વિદ્યાર્થીઓ તો સવારે ૮:૦૦ વાગ્યા પહેલાં જ પહોંચી જતાં અને શિક્ષકોની રાહ જોતા. લ્યો આ શિક્ષકો પણ આવી ગયાં. શિક્ષકોના પરિવારના કેટલાંક સભ્યો પણ આવી ગયા. પરિવારના સભ્યોનાની બહેનોએ જૂના ક્યાંક ક્યાંક કાણું હોય એવા કપડાં પહેર્યા હતાં. બધાં આવી જાય એટલે હોળી રમવાનું શરૂ થાય. અમે તો વાટકા ભરી ભરીને એકબીજા પર રંગો છાંટવા લાગ્યા. શિક્ષકોમાંના એક-કે-બે શિક્ષકો એવા સ્વભાવના હતા કે એમને હોળી રમવાનું બહું ગમતું નહીં. પણ, વિદ્યાર્થીઓને પડતી મઝા અને આનંદ જોઈને તેઓ પણ સૌ સાથે ભળી જતા.

એકબીજાની સામે અમે જોઈએ તો - ‘‘આ... હા... હા... હા... લાલ, પીળા, જાંબુડિયા, લીલા રંગોથી સૌ રંગાઈ ગયેલા હતા. જાણે કે મેઘધનુષ્યના સાતરંગો છવાઈ ગયા હોય તેવું લાગતું. કેટલાક વિદ્યાર્થીઓ તો એવા રંગાઈ ગયેલા હતા કે કોણ છે તે ઓળખાણ જ ન પડતી. ટાંકીમાંના રંગીન પાણી ખલાસ થઈ જાય ત્યારે અમારા આચાર્ય ક્યાંક સંતાડી રાખી મૂકેલું રંગીન પાણીની ડોલો પાછા ફરી ફરીને ટાંકીમાં ઠાલવી દેતા. અમારા વિશાળ મેદાનમાં કેટલીક પોઈની વેલો હતી એટલે એના બીયા તોડીને એકબીજાના શરીર પર ફોડવા લાગતા. એટલીવારમાં કેટલીક શિક્ષિકા બહેનો રંગના થોડાક પડીકાઓ કાઢીને ફરીથી પાણીની ટાંકીમાં પાણીમાં મિક્સ કરી દેતા એટલે અમારી રમત ચાલુ રહેતી. કોઈકવાર હવા આવે તો અમારા પરથી એ હવા પસાર થાય તો થોડીકવાર અમે ધ્રુજવા માંડતાં. આમ, બે વાગ્યા સુધી અમારી હોળીની રમત ચાલતી પછી અમારા આચાર્ય અમને ૧૦-૧૫ મિનિટ જમીન પર બેસાડી દેતા અને એટલું સમજાવતા કે આ હોળીમાં એકબીજાને રંગવાની પાછળ એક અર્થ ભરેલો છે. આજે એકબીજાને રંગીએ છીએ ત્યારે સૌ એકબીજાના નજીકના સગાં-વહાલાં કે મિત્રો આપણે કાયમને માટે બની રહીએ તેવો અર્થ સમાયેલ છે અને આપણો પ્રેમ એવોને એવો જ રહે. તેથી તમે ચાલો સૌ એકબીજાના હાથ પકડીને એકબીજાને ભેટી લો. ૨-૫ મિનિટ આવો કાર્યક્રમ ચાલતો અને પછી અમારે ઘરે જવાનું રહેતું. અમે ઘરે જવા નીકળતા ત્યારે અમને સૌને ટોપરું ને ગોળ આપવામાં આવતો. આટલું ખાતા

ખાતા "તમે ઘેર પહોંચી જજો, બે વાગ્યા છે." અને અમે ટોપરું ને ગોળ ખાતા ખાતા અને નીચે દર્શાવેલ ગીત ગાતા ગાતા છૂટા પડતાં. એ ગીતના આવા શબ્દો હતાં,

"અમે સૌ આજ બન્યા ઘેરૈયા હો... હો... હો...

વિધ વિધ રંગે રંગી દીધા અમ કાયા, અમ હૈયા... હો... હો... હો...

અમે સૌ આજ બન્યા ઘેરૈયા....."

બીજા દિવસે અમે જ્યારે સ્કૂલમાં જઈએ ત્યારે એક બીજા સામે જોઈને ખૂબ હસવું આવી જતું. અમારા વાળમાંથી કેટલાક રંગો તો હજી ગયા નહોતા એ જોવાની ખૂબ મઝા પડતી.

આ હોળીનો ઉત્સવ બતાવે છે કે આપણે ફરી ફરી એકબીજાના દોસ્તો બની રહીએ અને એકબીજાને ગળે લગાવતા રહીએ અને આવો અર્થ સમજવાની શરૂઆત અમે રંગો છાંટતા હતા ત્યારથી રંગો પૂરા થાય ત્યાં સુધી બની રહેતી અને ફરી ફરી હોળી આવે અને અમે રમીએ તેની રાહ જોઈ રહેતા.

ચાલો, હવે આપણે પાછા બીજી હોળીએ રંગાયેલા ફરી મળીશું.

હું અને મારા બા અને મારા ભાઈ બહેનો અમારા લત્તામાં જ્યાં લાકડાં, છાણાંની હોળી પ્રગટાવવામાં આવતી ત્યાં અમે પહોંચી જતાં. બા એક દૂધની ટબૂડી ભરીને લેતી આવતી અને અગ્નિની આસપાસ દૂધની ધાર કરીને તેની પ્રદક્ષિણા ફરતી. નારિયેળ હોળીમાં નાખ્યું હોય તો તેને બહાર કાઢવા ચાલાક માણસને કહેતી અને એ નારિયેળ અમારા સૌનો હોળીનો પ્રસાદ બની જતો. આવી રીતે દિવસમાં રંગોનો ઉત્સવ અને રાત્રે હોળી માતાનો ઉત્સવ . આમ, રમતમાંને રમતમાં હોળીનો ઉત્સવ અમને સમજાઈ જતો. આવી હતી અમારી શાળાની પ્રણાલિકા.

આજ તો હું આ પ્રણાલિકાનો મનમાં ને મનમાં અનુભવ કરતી મારા આચાર્યને અને શિક્ષકોને નમન કરું છું. મારા આચાર્ય (મારા પિતા હરભાઈ) આ બધું ઑર્ગેનાઈઝ કરતા.

## ગાંધીજીની દોઢ સદી - ૨૦૧૯
## જ્હોન રસ્કિન અને અર્થચિંતન

ખાસ કરીને ચિત્રકલા, અર્થવિજ્ઞાન, રાજકીય વિજ્ઞાન, સમાજવિજ્ઞાનને લક્ષમાં રાખીને રચનાઓ પ્રગટ કરી છે, તેમાં 'અનટુ ધીસ લાસ્ટ'ને સર્વોત્કૃષ્ટ કૃતિ ગણી છે. તેમણે માનવાને કોરાણે મૂકીને જે જે વિચારો રજૂ કર્યા છે તેનું આ પુસ્તકમાં સરિયામ ખંડન કર્યું છે અને બતાવી આપ્યું છે કે નીતિના નિયમો જાળવી રાખવામાં જ આપણી મહાનતા છે. અર્થવિજ્ઞાનના આ પુસ્તકે એવું અર્થઘટન કર્યું છે કે, આ વિજ્ઞાન શ્રીમંત થવાનું નહીં પણ છેવાડાના માણસને જીવવા માટે સક્ષમ બનાવવાની વિદ્યા છે. તે સંદર્ભમાં આગળ કહે છે કે સૌના વર્તન વ્યવહારમાં પ્રામાણિકતા, સાચી સમજ, સાચું જ્ઞાન અને રાષ્ટ્ર સેવાના આદર્શમાં જેટલું સર્વોપરી તેનું 'રાષ્ટ્ર વધારે ભલું ગણાય અને જીવનમાં આનંદ, પ્રેમ અને કૃતજ્ઞતાની શક્તિ દ્વારા સામર્થ્યભર્યું જીવન એજ રાષ્ટ્રની અણમોલ સંપત્તિ છે. આ રીતે રસ્કિનના વિચારમાં ગાંધીજીએ એક ડગલું આગળ માંડીને સર્વોદયનું અર્થવિજ્ઞાન વિકસાવ્યું હતું તે તેના પ્રયોગો તેમણે દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ અને ટૉલ્સટૉય આશ્રમ સ્થાપીને કરવામાં આવ્યા.

રસ્કિને ચીલાચાલુ મૂડીપતિ અર્થવ્યવસ્થા સામે પડકાર ફેંકી, તેને અવગણીને માનવતાવાદી અર્થવ્યવસ્થા બાબત યુરોપ સામે પોતાના વિચારો રજૂ કરીને ભલભલા અર્થશાસ્ત્રીઓની બોલતી બંધ કરી દીધી હતી.

સમાજમાં મજૂરવર્ગ, શ્રમજીવીઓ અને કારીગરોના હિતને અવગણીને માત્ર પોતાનું જ પેટ ભરનાર મૂડીવાદી અર્થવ્યવસ્થાને અવગણીને ગરીબ, દુભાયેલા, કંગાળ, પીડિત લોકોની આર્થિક ચિંતાનો વિચાર રજૂ કર્યો છે તેઓ કહે છે કે મૂડી બીજાના શોષણ અને ગરીબના રોટલા પર પાટું મારીને જે મૂડી જમા થાય છે તે મૂડી હિંસક છે અને તેમના સહકાર અને સમજદારીથી તેમના હિતોને ધ્યાનમાં રાખીને જે મૂડી પેદા થાય છે તે અહિંસક મૂડી છે. આમ હિંસક અને અહિંસક મૂડીના ભેદ દર્શાવીને અહિંસક મૂડી તરફ આંગળી ચીંધે છે. (ક્રમશઃ)

# ૫૦ વર્ષના મા-બાપ પાસે બાળકોની અપેક્ષા

**ડૉ. નાનક ભટ્ટ - શિશુવિહાર**

ભાવનગર, મો. ૯૮૯૮૪૬૩૪૮૯

સંતાનો અભ્યાસ સાથે જીવન જીવવાની આવડત મેળવતાં જાય તે માટે મા-બાપ કાળજી લે છે. બાળક શાળા અને ટ્યૂશન ઉપરાંત પોતાના સ્વાસ્થ્ય માટે થઈ સરખું ખાય-પીવે અને રમે તે માટે વાલીઓ ચિંતિત હોય છે. ભણતરની સાથોસાથ વિદ્યાર્થી સંગીત, ચિત્રકામ, ભરતગૂંથણની કલામાં માહિર થાય તો સહુને ગમે છે. બાળક સાઈકલ ચલાવતું થાય, પાણીમાં તરતાં શીખે અને કમ્પ્યૂટર અને ફોટોગ્રાફી શીખે તેમજ ૧૫-૧૬ વર્ષ પછી કિશોર-કિશોરી મા-બાપને ઘરકામમાં મદદ કરતાં થાય તો કુટુંબમાં પ્રસન્નતા વધે છે.

વાલી પોતાના બાળકના સ્વાસ્થ્ય વિકાસ માટે પ્રયત્નશીલ હોય છે. તો કોઈ કોઈ પોતાના અધૂરાં સ્વપ્નો બાળકના માધ્યમથી પૂરાં કરવાની ગડમથલમાં રહે છે. આમ છતાં બાળકોને કેવી રીતે મોટાં કરવાં અને બદલાતી સામાજિક પરિસ્થિતિ માટે તૈયાર કરવાં તે બાબતે ૫૦ વર્ષ વટાવી ગયેલા વાલીઓમાં ઝાઝી શંકા કે ડર હોતાં નથી.

પરંતુ "લાઈફ બિગિન્સ ઍટ ફૉર્ટિ" એવી અંગ્રેજી રહન-સહનમાં સરકી જનાર વડીલો ક્યારેક ભૂલી જાય છે કે ભારતીય સંસ્કૃતિમાં ૧૬ વર્ષનાં સંતાનોને માતા-પિતાના મિત્રો ગણ્યાં છે.

વ્યક્તિ ૫૦ વર્ષ વટાવી વનપ્રવેશના ક્ષેત્રમાં પહોંચે છે ત્યારે સંતાનો યુવાન બની જાય છે. રિટાયર્ડમેન્ટનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું હોય છે. આંખે બેતાળાં આવ્યા હોય છે અને દાંતે કળતર ચાલુ થઈ હોય છે. ક્યારેક ડાયાબિટીસ તો ક્યારેક બ્લડપ્રેશરની દહેશત ડોકા દે છે. આમ છતાં કેટલાક લોકો માને છે કે હજુ પૈસા ભેગા કરવા અને સંપત્તિ વિસ્તારવાનું કામ બાકી છે ધંધા રોજગારને અમુક ઊંચાઈએ પહોંચાડવાનું બાકી છે નોકરીમાં પ્રમોશન મેળવવાનું બાકી છે !

સમય સાથે શારીરિક સ્થિતિમાં બદલાવ આવે છે. સામાજિક સંદર્ભોમાં પણ બદલાવ આવતો હોય છે. આમ છતાં જીવનના પરિવર્તનને ન સ્વીકારનાર, સમજણશક્તિમાં કંઈક અંશે બાળક જેવાં મા-બાપ માટે યુવાન વયે પહોંચેલાં સંતાનો કાળજી લે તે અનિવાર્ય બને છે. અને આવા પીઢ યુવકો પોતાનાં મા-બાપ પાસે થોડી અપેક્ષા રાખે છે અને કહે છે કે અમારાં મા-બાપની ઉંમર ૫૦થી વધુ થઈ હોવાથી અમે આશા રાખીએ કે તેઓ પોતાના નિજી જીવનમાં અને રોજબરોજના વર્તનમાં બદલાવ લાવે. આવું પરિવર્તન એટલે...

(૧) ૫૦ વર્ષ પૂરાં કરનાર માતા-પિતાનાં યુવાન સંતાનો ઈચ્છે છે કે પોતાનાં માતા-પિતા દર મહિને એકાદ સારું પુસ્તક વાંચે અને ઘરમાં તેની વાત કરે.

(૨) માતા-પિતા વર્ષે એકાદ વખત પ્રવાસન સ્થળે એક અઠવાડિયું સાથે ગાળે.

(૩) અઠવાડિયામાં એક દિવસ ફળ અને શાકભાજી આરોગી ઉપવાસ કરે અને ઉપવાસના દિવસે મૌન પાળે.

(૪) રેસ્ટોરેન્ટ કે ફિલ્મમાં એકલાં જવાનું ટાળે અને જવું પડે તેમ હોય તો ઘરના સભ્યોને પણ સાથે લઈ જાય.

(૫) ટેલિવિઝન ઉપર કાર્યક્રમ જોવામાં કે રેડિયો કાર્યક્રમ સાંભળવામાં પોતાની પસંદગીને આગળ કરવાના બદલે ઘરના સભ્યોની રુચિ સાથે જોડાય.

(૬) સવારનું છાપું પહેલાં પોતે જ વાંચશે તેવો આગ્રહ છોડી ઘરના સભ્યોને અનુકૂળ થવાનું રાખે.

(૭) ચટાકેદાર ગરમાગરમ ખાણાનો આગ્રહ છોડી ઓછા તેલ-મસાલા સાથેનું ખાણું લે.

(૮) અવકાશના સમયે ભારતીય સંગીત સાંભળે.

(૯) રાત્રે વહેલા સૂવાનું રાખે.

(૧૦) તમાકુ, સિગારેટ, પાન કે દારૂની આદત કે પછી કોઈપણ પ્રકારના વ્યસનથી મુક્ત થાય.

(૧૧) ઘરની સફાઈ, સજાવટ અને સાધનોની ખરીદીમાં

દુરાગ્રહ રાખી નિર્ણય ન લે.

(૧૨) ઘરકામમાં શરીરશક્તિ અનુસાર મદદરૂપ થાય.

(૧૩) ઘરના અન્ય સભ્યોને મિત્રભાવે સલાહ આપે અને યુવાનોના ચરિત્ર ઉપર ભરોસો રાખે.

(૧૪) રાત્રે સૂતા પહેલાં ૧૫ મિનિટ ઈશ્વરસ્મરણ કરે અને સવારે ઊઠીને ૧૫-૨૦ મિનિટ પ્રાણાયામ અને વ્યાયામ કરવાનો ક્રમ નિયમિતપણે પાળે.

(૧૫) સંતાનોના મિત્રો અને તેમના જીવનસાથીની પસંદગીમાં પોતાના ખ્યાલોને વળગી ન રહે.

(૧૬) કપડાં, ઘરેણાં અને મોજશોખ માટેની ચીજવસ્તુ પ્રત્યેનો મોહ ઓછો કરે અને સાદગીપૂર્ણ જીવન જીવવા તરફ ગતિ કરે.

(૧૭) પોતાની ભૂલ હોય તો કબૂલી લેવામાં અને કુટુંબીજનોની ક્ષમા માંગી લેવામાં ક્ષોભ ન રાખે.

(૧૮) પરિવારના સભ્યોના જન્મદિવસ અને લગ્નદિવસને યાદ કરે, શુભેચ્છા પાઠવે. તો મૃત્યુ દિવસે નવી પેઢીના વારસદારો પાસે જઈ સાંત્વના આપે.

(૧૯) સુખ-દુઃખના પ્રસંગોમાં કુટુંબીજનોને મદદરૂપ થવા તત્પર રહે.

(૨૦) કોઈ માટે ઘસાઈને ઊજળા થવા ને બીજાને ખપમાં આવી રાજી થવામાં પ્રસન્નતા અનુભવે.

(૨૧) સ્વમાનભેર જીવી શકાય તેટલી મિલકત ઉપર આધાર રાખી વધારાની જવાબદારીમાંથી મુક્ત થાય.

(૨૨) શેષ જીવનના એક મંત્રરૂપે ભાવશે, ફાવશે અને ચાલશેની રીત અપનાવે.

(૨૩) પોતાની સંપત્તિનું વસિયતનામું કરી નાખે.

(૨૪) ઈશ્વર પ્રાર્થના-બંદગીની શક્તિમાં શ્રદ્ધા કેળવે.

સામાજિક જીવન અવિરતપણે ચાલતું રહે તેમ ઇચ્છનાર તમામ નાગરિકે પરિપક્વ બનતાં પોતાના જીવનનો પરિચય કરવાના અને બીજાને સ્નેહથી ઉપયોગી થવાના કાર્યમાં જોડાવું પડશે. એક સમયે પૈસા કમાવવામાં અને સંપત્તિ ખડી કરવામાં જે શક્તિ વપરાતી તે શક્તિ જીવનનાં શેષ વર્ષોમાં નિઃસ્વાર્થ હેતુ સાથે જોડવાથી વૃદ્ધાવસ્થાએ પહોંચતાં-પહોંચતાં જીવન વધુ આનંદિત અને પ્રેમસભર બની રહેશે. આખરે તો માનવદેહની પ્રાપ્તિનું એ જ તો મૂળ લક્ષ છે !!!

પૈસા વિના જીવન ચાલતું નથી એ વ્યવહારુ હકીકત છે, પરંતુ અતિ ધનવાન માણસને પણ મૃત્યુ બાદ રૂપિયા પૈસાના બંડલથી બાળવામાં આવ્યો હોય એવો એક પણ દાખલો સંસારમાં ઉપલબ્ધ નથી. આથી સંતાનોને ધન, પ્રતિષ્ઠા, સુવિધા અને વૈભવનો વારસો આપવાની ખેવનામાં વ્યક્તિ માનવદેહમાં રહેલ ઐશ્વર્યને દૂર હડસેલી મૂકે તો ફેરો ફોગટ જશે.

૫૦ વર્ષ પછીનાં ૧૦ વર્ષમાં વ્યક્તિએ પોતાના ધંધા, વ્યવસાય, પદ અને સાંસારિક અવલંબનોથી દૂર થવાની પ્રક્રિયા શરૂ કરવી જોઈએ. ૬૦થી ૭૦ વર્ષના દશકમાં જીવનને અંતર્મુખ બનાવવા ધગશ રાખવી જોઈએ અને ૮૦ વર્ષ પછી જીવનનું સાનિધ્ય ઈશ્વર સાથે જોડી જીવનને ગહન ભક્તિ અને ચિંતન તરફ દોરી જવું જોઈએ. પણ આ યાત્રાનો પ્રારંભ તો ૫૦માં વર્ષથી જ થાય.

જાણીતાં ચિંતક શ્રી વિમલાજીએ એક વાર્તાલાપમાં જણાવ્યું હતું, ‘‘સાવધાનતા જીવનને સહજ બનાવે છે. સહજતામાં હળવાશથી જિવાય છે. થાક લાગતો નથી. સંધ્યા ટાણે જીવનની કામનાઓ પૂરી થવામાં હોય, ત્યારે એક પ્રકારના સુખ, શાંતિ અને નિરાંતનો અનુભવ થાય છે. આથી વર્તમાનમાં જીવવું, સહજતાથી જીવવું અને આંતરનિરીક્ષણ કરવું. એમ થશે તો પ્રાપ્ત પરિસ્થિતિનો હસતે મોઢે સ્વીકાર કરી શકાશે.’’

જીવન માત્ર સંભાવનાઓ બક્ષે છે. આપણે એ સંભાવનાનું ક્યા સ્વરૂપે રૂપાંતર કરીશું તે આપણા ઉપર નિર્ભર છે. સુખની શ્લાઘા નહીં, દુઃખની નિંદા નહીં અને માત્ર પ્રેમનો સ્વર જેના જીવનમાં હોય એના જીવનમાં પ્રાર્થના ખાસ દૂર હોતી નથી.

‘‘પરમાત્માની સત્તામાં આપણો જન્મ છે, એની સત્તાથી જીવન છે અને એ સત્તામાં પાછા ફરવું તે છે મૃત્યુ. માણસ છેક છેવટ સુધી પ્રેમ વરસાવતો રહે તો મૃત્યુ થકી માણસાઈનું મંદિર રચાય.’’

# સત્ય-અસત્યની સાઠમારી

**રણછોડ શાહ**

મૅનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી સ્કૂલ, ભરૂચ.
સંપર્ક સૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧

સત છે અસત્ છે
સરતું જગત્ છે,
મંઝિલ બરાબર,
રસ્તો ગલત છે.
- શેખાદમ સાબુવાલા

માનવ મન સતત વિચારોથી ઊભરાતું રહે છે. તે સતત કલ્પનામાં વિહરતું હોય છે. માનવ ચિત્ત તો મનોરથોથી છલકાતું રહે છે. એક ઈરાદો પૂરો ન થાય ત્યાં તો બીજો શરૂ થઈ જાય છે. માણસ પાસે નફરત કરનારાઓ સામે નફરત કરવાનો સમય હોતો નથી કારણ કે તે એવા લોકોમાં વ્યસ્ત છે કે જે તેને પ્રેમ કરે છે. મનુષ્ય સમજે છે કે પૈસા ખર્ચવાથી શાળા જીવનના દિવસો પરત મળતા નથી. પૃથ્વી ઉપરના લીમડાનું નિકંદન કાઢતો વ્યક્તિ ઘરમાં કડવાશ વધારતો જાય ત્યારે આશ્ચર્ય થાય છે. જીભ ઉપર 'સુગર' ઘટી છે પરંતુ 'લોહી'માં ખૂબ વધી છે. પ્રેમ અને મૈત્રીમાં કોણ ચઢે ? રાધા કૃષ્ણને પ્રેમ કરે છે પરંતુ કૃષ્ણ તો સુદામા સાથેની મૈત્રી નિભાવવામાં વ્યસ્ત છે. વિચારોની ભાંજગડમાં માણસ નક્કી જ કરી શકતો નથી કે સાચું શું ?અને જૂઠું શું ? સત્ય અને અસત્ય વચ્ચે કેટલું અંતર હશે ? તેની વચ્ચેનો તફાવત શોધવાનું કાર્ય ખૂબ કઠિન છે.

" દયમાં જે માનવનો ગમ સાચવે છે,
અસલમાં એ સાચો ધરમ સાચવે છે."
- અમૃત 'ઘાયલ'

એકવાર 'સત્ય' અને 'અસત્ય' ભેગા મળી ગયા. બંને વચ્ચે ચડસાચડસી થઈ. 'સત્ય' કહે મારા વિના તો જીવન અધૂરું છે. 'અસત્ય'એ જવાબ આપ્યો : 'આજનો માનવી અસત્ય બોલ્યા વિના તો આગળ જ વધી શકતો નથી તેની તને ખબર છે ખરી ?' હવે સત્ય અને અસત્ય એકબીજાની હરીફાઈ કરવા લાગ્યા. બંને જણ ગામમાં ફરવા નીકળ્યા. સત્યએ આકાશ તરફ નજર નાખી જણાવ્યું કે કેટલો સુંદર દિવસ છે ? ચાલતા ચાલતા બંને જણ એક કૂવા પાસે આવીને ઊભા રહ્યા. સત્યએ કહ્યું, "કૂવામાં કેવું સરસ પાણી છે ! ચાલ, આપણે બંને સાથે સ્નાન કરીએ." સત્યને એકવાર તો શંકા ગઈ. તેને થયું આ અસત્ય મને છેતરવા તો પ્રયત્ન કરતું નથી ને ? તેમ છતાં સત્યે પાણીને ચાખ્યું અને પાણી ખૂબ મીઠું છે તેવું જાણી લીધું. બંને જણે કપડાં કાઢી નાખ્યાં. કૂવામાં પડી સ્નાનનો આનંદ માણવા લાગ્યા. બંનેને ખૂબ મજા પડી ગઈ. એકબીજા ઉપર પાણીની છોળો ઉછાળતાં ઉછાળતાં મસ્તી કરવા લાગ્યા.

અસત્ય ચાલાકી ભરી રીતે કૂવાના પાણીમાં ડૂબકી મારી ધીમે રહીને બહાર નીકળી ગયું. બહાર આવીને સત્યના કપડાં પહેરી ભાગી ગયું. ખિજાયેલું બૂમબરાડા પાડતું સત્ય પણ કૂવાની બહાર આવ્યું. તે પોતાના કપડાં અને અસત્યને શોધવા માટે આજુબાજુમાં દોડાદોડ કરવા લાગ્યું. સત્ય કપડાં વિહીન હોવાથી દુનિયા તેના તરફ સ્તબ્ધ થઈને જોવા લાગી. લોકો તેના તરફ ક્રોધિત અને તિરસ્કૃત નજરે જોવા લાગ્યા. ગરીબ સત્ય કૂવા તરફ પરત ફર્યું. શરમ અનુભવતું કૂવામાં સંતાઈ ગયું. બસ ત્યાર પછી સતત દુનિયામાં અસત્ય સત્યના કપડાં પહેરી ફર્યા કરે છે. તે દિવસથી અસત્ય સત્યનું મહોરું પહેરી સમાજમાં ફરી લોકોની જરૂરિયાતોની પૂરતી કર્યા કરે છે. દુનિયામાં કોઈપણ નિર્વસ્ત્ર સત્યને મળવા તૈયાર નથી. લોકોને સત્યના કપડાં પહેરી ફરતા અસત્ય તરફ વધારે લગાવ છે.

સત્ય હંમેશાં નગ્ન હોય છે કારણ કે તે કોઈની સાડાબારી રાખતું નથી. સત્ય સનાતન હોય છે, અસત્ય કામ ચલાઉ છે. સત્ય હંમેશાં સાચું જ સ્વીકારતું હોવાથી લોકો પોતાની અનુચિત માગણીઓ, અકલ્પ્ય ઈચ્છાઓ,

ન સંતોષી શકાય તેવી અપેક્ષાઓ લઈ સત્ય પાસે જાય છે, પરંતુ સત્ય તે બાબતે ના પાડે છે. તેથી લોકો અસત્યના સહારે જીવન જીવે છે. અસત્યને અનાવૃત કરી સત્યને શોધવાની પળોજણમાં કોઈ પડવા માંગતું નથી. તેથી આજે સર્વત્ર અનીતિ, ભ્રષ્ટાચાર અને અસહિષ્ણુતાની બોલબાલા છે. સત્યને જીરવવું અને પચાવવું કઠિન છે. અસત્યને આવી તકલીફો વેઠવી પડતી નથી તેથી સૌને તે ખૂબ વહાલું લાગે છે. અંતે તો સત્યનો જ વિજય થાય છે. પરંતુ રાહ જોવાની કોઈની તૈયારી હોતી નથી. સત્ય અને અસત્ય વચ્ચેની ભાંજગડ કાયમી છે અને રહેશે.

"ઓ ખુદા ! આ ફરેબોની દુનિયામહીં,
પ્રેમ તારો ખરેખર કસોટી જ છે.
સાફ કહી દે કે, રાજી તને રાખવા,
પૂજવા પડશે મારે સનમ કેટલા"

– 'શૂન્ય' પાલનપુરી

કોઈ વ્યક્તિ હેરાન થાય એનો અર્થ એવો નથી કે તેનું નસીબ ખરાબ છે. ખરેખર તો તેનો સ્વભાવ જરૂર કરતાં વધારે સારો હોવાથી તે સતત પરેશાન થાય છે. જીવનમાં આપણે બીજાના સારા મિત્ર છીએ તે કહેવું કઠિન છે, પરંતુ આપણને જેની સાથે મૈત્રી છે તે તો સારા છે જ કારણ કે આપણે તેમને મિત્ર તરીકે પસંદ કર્યા છે. મકાન મોટું હોય કે નાનું પરંતુ તેમાં 'મીઠાશ'નો વાસ ન હોય તો તે તરફ કોઈ નજર પણ નાખતું નથી. પરિસ્થિતિ સચવાઈ જાય તો તે યશ નસીબના ફાળે જાય છે. પરંતુ સાચું તો એ છે કે વ્યક્તિ સમજદાર હોય તો જ પરિસ્થિતિને સાચવી શકે છે. સત્યની નિસરણીના સહારે જે વ્યક્તિ ઉપર ચડે છે તે જ નિસરણીની ટોચે પહોંચી તેને ધક્કો મારે છે. સાપ ઘરમાં આવે તો લોકો મારવા દોડે છે. પરંતુ શિવલિંગ ઉપર હોય તો લોકો દૂધ પીવડાવે છે. સત્યનું આચરણ અનોખું હોય છે. બે મિત્રો વચ્ચેની મૈત્રી સત્ય આધારિત હોય તો સદાય સચવાયેલી રહે છે પરંતુ અસત્ય વચ્ચે ટપકી પડે તો ક્યારે તૂટી જાય તે કહેવાય નહીં.

કોઈને 'સારું' લગાડવા અસત્યનો રસ્તો લેવો શરૂઆતમાં યોગ્ય લાગે તો પણ લાંબા ગાળે તે ખોટનો ધંધો છે. તેને બદલે 'સત્ય'ને રસ્તે જતાં વધુ સમય અને શક્તિ વાપરવા પડે તો પણ તે જ રસ્તો ચિરંજીવ હોય છે.

યાદ રાખો : પાણીથી ન્હાય તે 'કપડાં' બદલી શકે છે,
પણ પરસેવે ન્હાય તે 'કિસ્મત' બદલી શકે છે.

આચમન : "કરી શકો તો કરી બતાવો, ને કોરી આંખે રડી બતાવો,
ગણિત તમારું જો હોય પાકું, વહ્યાં જે આંસુ ગણી બતાવો." – અજ્ઞાત

## હવે તો નીકળો ભેરુ...!

– ઈશ્વર પરમાર
(મો. ૯૪૨૭૨૮૪૭૪૨)

ગુજરાતની ગાથાંનાં ભાથાં લઈને હવે તો નીકળો ભેરુ,
ગાંધી-ચીંધ્યા ગુર્જર બાળને શું કાંચન શું ગેરુ ! -ગુજ૦
મીરા દીધી ભક્તિ લઈને, નર્મદ સિંચિત શક્તિ લઈને,
સત્યની સીધી વાટ લઈને હવે તો નીકળો ભેરુ ! -ગુજ૦
જલા-મેકણને યાદ કરીને, સેવા ઉર સંકલ્પ ધરીને
ઉદધિ અહિંસા તણા બનીને હવે તો નીકળો ભેરુ ! -ગુજ૦
વલ્લભ સમ લોખંડી બનીને, રાણક સમ રણચંડી બનીને
પરિગ્રહ અગ્રે પ્રચંડી થઈને હવે તો નીકળો ભેરુ ! -ગુજ૦
જેણે આપણ જીવન દીધાં, જીવનાને નવજીવન કીધાં
એ મહર્ષિનાં તર્પણ કરવાં હવે તો નીકળો ભેરુ ! -ગુજ૦

# મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન અને વર્તમાન સમયમાં ઔચિત્ય

**ડૉ. સંજય કે. કોરિયા**

**શ્રી એમ.બી. અજમેરા હાઈસ્કૂલ, વીંછિયા, જિ. રાજકોટ.**
ઈમેલ : sanjay.koriya@yahoo.com

**૧. પ્રસ્તાવના**

મહાત્મા ગાંધી વિશ્વના શ્રેષ્ઠ વિચારકોમાંના એક હતાં. વ્યક્તિ અને સમાજને લગતી તમામ બાબતો પર તેઓનું વિશેષ ચિંતન હતું. શિક્ષણ જેવા મહત્વપૂર્ણ વિષય પર પણ તેઓની એક મૌલિક અને ક્રાંતિકારી સિદ્ધાંતોની દૃષ્ટિ હતી. તેઓના બુનિયાદી શિક્ષણ વિપયક વિચારોના કેન્દ્રમાં ભારતના ગામડાઓ, ખેડૂતો અને શ્રમિકો હતાં. તેઓનું શિક્ષણ સંબંધિત તત્ત્વચિંતન માત્ર વૈચારિક જ નથી, પરંતુ પ્રત્યક્ષ અનુભૂતિ અને પ્રયોગ આધારિત છે. ગાંધીજીના વિચારો તથા કાર્યો પર ભારતીય ચિંતનમાં ઉપનિષદોનો વિશેપ પ્રભાવ જોવા મળે છે. તેમજ રસ્કિન, ટૉલ્સ્ટોય અને થોરો જેવાં વિદ્વાનોના સામાજિક અને આર્થિક દૃષ્ટિકોણનો પણ પ્રભાવ જોવા મળે છે. તેઓના શિક્ષણ દર્શનને લાગુ કરીએ તો સમરસ સમાજ અને માનવીય લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવામાં આપણે સફળ થઈ શકીએ.

આ સંશોધનપત્રમાં મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શનની મુખ્ય બાબતો અને વર્તમાન સમયમાં તેના ઔચિત્ય વિષેની માહિતી આપવાનો પ્રયાસ કરેલ છે.

**૨. સંશોધનના હેતુઓ**

(૧) મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શન વિષે માહિતગાર થવું.
(૨) બુનિયાદી શિક્ષણની વિશેષતાઓ જાણવી.
(૩) વર્તમાન સમયમાં મહાત્મા ગાંધીના શિક્ષણ દર્શનનું ઔચિત્ય જાણવું.

**૩. મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન**

**૩.૧ શિક્ષણ વિષયક મત**

શિક્ષણને વ્યાખ્યાયિત કરતી વખતે, મહાત્મા ગાંધી કહેતાં કે, "શિક્ષણ સંદર્ભે મારો હેતુ એ છે કે મનુષ્યમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શ્રેષ્ઠ શક્તિઓનો મહત્તમ વિકાસ કરવો." તેઓ વ્યક્તિ, સમાજ અને દેશની રાજકીય, આર્થિક અને સામાજિક ગુલામીનો વિરોધ કરી સ્વતંત્રતા અને સ્વાવલંબનના આગ્રહી હતાં. તેથી, તે સાર્વત્રિક રીતે શિક્ષણ ફેલાવવા માંગતા હતાં. તેઓ માનતા હતાં કે સાક્ષરતા શિક્ષણનો અંત કે શરૂઆત નથી, પરંતુ તે માત્ર એક સાધન છે, જેના દ્વારા સ્ત્રીઓ અને પુરુષો શિક્ષિત થઈ શકે છે. તેઓ માનતા હતા કે જે શિક્ષણ બાળકની આધ્યાત્મિક, માનસિક અને શારીરિક શક્તિઓ વિકસાવે છે તે જ સાચું શિક્ષણ છે. તેઓ ઈચ્છતા હતા કે મનુષ્યનું શરીર, મન,  દય અને આત્માની બધી શક્તિઓ શિક્ષણ દ્વારા સંપૂર્ણપણે વિકસાવવામાં આવે. નવાભારતનું નિર્માણ નિષ્ઠા અને શ્રમ પ્રત્યે સંતુલિત વલણવાળા વ્યક્તિઓથી જ કરી શકાશે.

ગાંધીજીએ શારીરિક શ્રમની નૈતિકતાના આધારે શિક્ષણ દર્શન વિકસાવ્યું છે. તે વસાહતવાદના આર્થિક અને સાંસ્કૃતિક પ્રભાવશાળી શોષણના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવ્યું હતું. તેમણે ગ્રામીણ સમાજમાં કામદારોના બાળકોની જરૂરિયાતો અને ઈચ્છાઓના લક્ષ્યાંક સાથે તેમનું શિક્ષણ દર્શન વિકસાવ્યું હતું. શારીરિક શ્રમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ગણતા હતા, કારણ કે કામદારો પાસે આ એક જ મૂડી હોય છે તેવું તેઓ માનતા હતા. ગાંધીજીના મનમાં આધુનિક મશીનરી સભ્યતા અનૈતિક હતી અને આખરે વિનાશ તરફ દોરી જનારી હતી. ભારતના નવનિર્માણ માટે તેમણે બુનિયાદી શિક્ષણ – 'નઈ તાલીમ'ના સિદ્ધાંતો રજૂ કર્યા. તે લોકોના સ્વરાજ મેળવવા માટે અને લોકોના શિક્ષણનો રાષ્ટ્રીય કાર્યક્રમ હતો.

**૩.૨ બુનિયાદી શિક્ષણનો સિદ્ધાંત**

મહાત્મા ગાંધીએ બુનિયાદી શિક્ષણના સિદ્ધાંતનો

વિકાસ દક્ષિણ આફ્રિકામાં તેમના રોકાણ દરમિયાન કર્યો હતો. સર્વોદયના સિદ્ધાંતો અનુસાર તેમણે ભારતીયોના સહકારી જીવન માટે ટૉલ્સ્ટોય આશ્રમની સ્થાપના કરી હતી. આ જ જગ્યાએ બુનિયાદી શિક્ષણના પ્રયોગો કર્યા હતા. આ બુનિયાદી શિક્ષણના પાયાની લાક્ષણિકતાઓ આ મુજબ હતી.

(૧) જેમાં ૬ થી ૧૪ વર્ષની વય જૂથના બાળકોને ફરજિયાત અને મફત શિક્ષણ લાગુ કરવું.
(૨) સમગ્ર શિક્ષણ પ્રણાલીના કેન્દ્રમાં કોઈ હસ્તકલા અથવા શિલ્પકલાને રાખવી.
(૩) શિક્ષણનું માધ્યમ બાળકની માતૃભાષા હોય.
(૪) શિક્ષણ સ્વાવલંબી હોય એટલે કે તેનો ખર્ચ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા ઉત્પાદન કરવામાં આવેલ વસ્તુઓમાંથી કાઢવામાં આવે.
(૫) સમગ્ર ભારતમાં હિન્દુસ્તાનીઓનું શિક્ષણ ફરજિયાત હોય.

**ગાંધીજીની દૃષ્ટિએ શિક્ષણના હેતુઓ**

ઈ.સ. ૧૯૨૧માં 'યંગ ઈન્ડિયા'માં ગાંધીજીએ પોતાની કલ્પના મુજબના શિક્ષણ વિષે લખ્યું હતું કે, 'શિક્ષણને આત્મનિર્ભર કરી શકે, બાળકના શરીર અને મનનો વિકાસ કરી શકે અને વિદેશી માલનો બહિષ્કાર કરી શકે, આ ત્રણેય હેતુઓ સિદ્ધ થાય તે માટે બાળકોને આત્મનિર્ભર અને સ્વતંત્ર કરવા તૈયાર કરવા.' ગાંધીજીએ શિક્ષણના મુખ્ય બે હેતુઓ - વ્યક્તિગત અને સામાજિક વિકાસને નક્કી કર્યા હતાં. જેમાં વ્યક્તિગત હેતુમાં ચારિત્ર્ય નિર્માણને સૌથી વિશેષ મહત્ત્વ આપે છે. તેઓ કહેતાં કે જો વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય મજબૂત હોય તો બીજી બાબતો સરળતાથી શીખી શકશે. તેઓ માનતા કે સર્વાંગી વિકાસના તબક્કામાં ત્રણ 'એચ' - હેડ(મગજ), હૅન્ડ(હાથ) અને હાર્ટ( દય)નો સમન્વયિત ઉપયોગથી વ્યક્તિને ઉચ્ચતમ વિકાસ સુધી લઈ જઈ શકાશે. સામાજિક હેતુમાં તેઓ શારીરિક પ્રવૃત્તિ દ્વારા ઉત્પાદન કાર્ય કરી સ્વાવલંબી નાગરિકનું નિર્માણ કરવા ઈચ્છતા હતા. તેમજ સર્વોદય સમાજના વિકાસ માટે સમાજના તમામ લોકોને વિકાસની તક આપવાની હિમાયત કરી હતી. સમાજના સૌથી ગરીબ લોકોનો પણ વિકાસ થાય તે માટે એક શક્તિશાળી સાધન તરીકે શિક્ષણના ઉપયોગના આગ્રહી હતા. તેઓ મનુષ્ય દ્વારા મનુષ્યના શોષણની દરેક શક્યતા દૂર કરવા માટે ગ્રામ સ્વરાજની સ્થાપના કરવા માંગતા હતા. આ રીતે મહાત્મા ગાંધી સમાજ અને રાષ્ટ્રના તમામ અનિષ્ટોને શિક્ષણ દ્વારા દૂર કરવા માંગતા હતા.

**૪. શિક્ષણનો અભ્યાસક્રમ**

ગાંધીજીએ બુનિયાદી શિક્ષણ સિદ્ધાંતો અનુસાર બાળકો, સમાજ અને દેશની જરૂરિયાતોને જોતાં ક્રિયાશીલ અભ્યાસક્રમ બનાવ્યો હતો. તેમણે હસ્તકલા, શિલ્પકલા, વણાટ, બાગકામ, કૃષિ, વ્યાવહારિક ગણિત, સામાન્ય વિજ્ઞાન, સંગીત, ચિત્રકલા, સ્વાસ્થ્ય વિજ્ઞાન, આચરણ શિક્ષણ, માતૃભાષા અને હિન્દી જેવા વિષયોને તેમના અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું હતું. અહી ગાંધીજીએ અભ્યાસક્રમમાં બાળકોના મસ્તિષ્ક,  દય અને હાથના સમન્વય દ્વારા શિક્ષણ પ્રાપ્તિની અને સર્વાંગી વિકાસ પર જોર આપ્યું છે.

**૫. શિક્ષણનું માધ્યમ**

શિક્ષણના માધ્યમરૂપે મહાત્મા ગાંધી માતૃભાષાની તરફેણમાં હતા. તેઓ અંગ્રેજી માધ્યમને શોષણના માધ્યમ તરીકે જોતા હતા, જે અમીર લોકો અને સામાન્ય લોકો વચ્ચેનું અંતર વધારે છે. આના માટે તેઓ માતાપિતાને દોષિત માને છે. તેમણે આત્મકથામાં કહ્યું હતું કે, "જે હિંદુસ્તાની માતાપિતા તેમનાં બાળકોને બાળપણથી અંગ્રેજી બોલે તેવા બનાવવા માંગે છે, તેઓ તેમના અને દેશ સાથે દ્રોહ કરે છે. આવા બાળકો તેના દેશની ધાર્મિક અને રાજકીય વારસાથી વંચિત રહી જશે." તેઓ અંગ્રેજી ભાષાના કટ્ટર વિરોધી હતા અને તેઓએ નીચે દર્શાવ્યા મુજબની ઘોષણાથી સ્પષ્ટ કર્યું હતું, "જો હું સરમુખત્યાર

હોત, તો આજે જ વિદેશી ભાષામાં શિક્ષણ આપવાનું બંધ કરવી દેત. જો કોઈ આનાકાની કરે તો તેમને બરતરફ કરી દેત.'' મહાત્મા ગાંધી પુસ્તકિયા શિક્ષણ, પરીક્ષા તરફી શિક્ષણ અને ગોખણપટ્ટીના વિરોધી હતા. તેઓ પાઠ્યપુસ્તક કરતાં શિક્ષકને વધુ મહત્ત્વનાં માનતા હતા. તેમણે કહ્યું કે, ''મને લાગે છે કે શિક્ષક જ વિદ્યાર્થીઓનું પાઠ્યપુસ્તક છે.''

**૬. ગાંધીજીની દૃષ્ટિએ વિદ્યાર્થી અને શિક્ષક**

ગાંધીજીના મતે - દરેક બાળક ભગવાનનું સ્વરૂપ છે. ગાંધીજી ૧૪ વર્ષની ઉંમર સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાના આગ્રહી હતા. તેઓ શિક્ષણને બાળકોનો મૂળભૂત અધિકાર માનતા હતા. ગાંધીજીની દૃષ્ટિએ વિદ્યાર્થીઓનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસમાં શિક્ષણ ભૂમિકાને મહત્ત્વપૂર્ણ ગણતા હતા. તેઓ માનતા કે શિક્ષકોનું આચરણ વિદ્યાર્થીઓ માટે અનુકરણીય હોવું જોઈએ. તેઓ માનતા હતા કે જે કાર્ય શિક્ષક નથી કરતો તે કાર્ય વિદ્યાર્થી પાસે ન કરાવવું જોઈએ. શિક્ષક માત્ર વેતન માટે જ કામ કરતો ના હોવો જોઈએ. શિક્ષણકાર્યમાં સમર્પણ જ સૌથી મહત્ત્વનું છે.

**૭. શિસ્ત અંગેના વિચારો**

મહાત્મા ગાંધીના શિસ્ત વિષયક વિચારો આ પ્રમાણે હતા. બાળકો જન્મજાત ખરાબ હોતા નથી, વાતાવરણ જ તેમને સારા અથવા ખરાબ બનાવે છે. કુદરતી અને સામાજિક વાતાવરણને સ્વચ્છ અને સહકારી બનાવીને શિસ્તની જાળવણી કરી શકાય છે. વિદ્યાર્થીઓના આચરણને સૌથી વધુ પ્રભાવિત શિક્ષકનું આચરણ જ કરે છે. અનૈતિક કાર્ય પણ એક પ્રકારનો રોગ જ છે. તેને દૂર કરવા શિક્ષકની સહાનુભૂતિ અને પ્રેમ જરૂરી છે, સજા નહીં ગાંધીજી સ્વશિસ્તના આગ્રહી હતા. તેમજ શારીરિક સજાના વિરોધી હતા.

**૮. વર્તમાન સમયમાં ગાંધી દર્શનનું ઔચિત્ય**

ગાંધીજીના શિક્ષણ દર્શનની વર્તમાન સમયમાં ઉપયોગિતાના સંદર્ભમાં યુનેસ્કોનો ''ડેલર્સ રિપોર્ટ'' (૧૯૯૫)માં શિક્ષણના મુખ્ય ચાર સિદ્ધાંતો દર્શાવ્યા છે, જે આ પ્રમાણે છે.

(૧) જાણવા માટે શીખવું (Learning to know)

(૨) જીવન માટે શીખવું (Learning to be)

(૩) કાર્ય કરવા માટે શીખવું (Learning to do)

(૪) સાથે રહેવા માટે શીખવું (Learning to live together)

આ સિદ્ધાંતોમાંથી Learning to know અને Learning to do ગાંધીજીના વિચારોને સંબંધિત છે. આ શીખવાની પ્રક્રિયામાં બાળકને કેન્દ્ર સ્થાને ગણવા પર ભાવ મૂકવામાં આવ્યો છે. તે ગાંધીજીના બુનિયાદી શિક્ષણને સંબંધિત છે.

તે ઉપરાંત ગાંધીજી શિક્ષણને રસપ્રદ બનાવવા માટે રમત, અભિનય, કાર્ય કરવું, શ્રવણ અને મનન જેવી શિક્ષણ પદ્ધતિનો પ્રયોગ કરવાના આગ્રહી હતા. શિક્ષણના મનોવિજ્ઞાનનો મહત્ત્વનો સિદ્ધાંત 'કાર્ય કરીને શીખવું' પર ભાર મૂકે છે. આજે બાળકોને શીખવું-શીખવવુંની પ્રક્રિયામાં આ પદ્ધતિ ઉપયોગી સાબિત થઈ રહી છે. આજે નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ દ્વારા આમ જનતા સુધી શિક્ષણ પહોંચે તે માટે પ્રયત્ન છે. આ જ બાબત ગાંધીજીના સર્વોદય સમાજના ખ્યાલમાં હતી.

આજના સમયમાં બાળકોને શ્રમ પ્રત્યે નિષ્ઠાનો અભાવ જોવા મળે છે. તેમજ અભ્યાસક્રમમાં પણ શ્રમને મહત્ત્વ આપવામાં આવતું નથી. ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે, ''પ્રત્યેક મનુષ્યએ પોતાનું કાર્ય સ્વયં રીતે જ કરવું જોઈએ કોઈ વ્યક્તિ પર નિર્ભર રહેવું ન જોઈએ.'' આમ ગાંધીજી હંમેશાં શ્રમને મહત્ત્વ આપતા હતા. તેઓ કૌશલ્ય અને શ્રમ આધારિત શિક્ષણના આગ્રહી હતા. આજના સમયમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેવાની ઘેલછા વધતી

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# પાયાની હૂંફ

**ડૉ. હિતેષ બી. શાહ**

અમરેલી. મો. ૯૮૭૯૩૨૩૪૭૮

"હલ્લો બૉયઝ... મજામાં...?" સાંજે ઘરમાં પ્રવેશતાવેંત જ ડૉ. શીલ પોતાના દીકરાઓને સંબોધી રહ્યો. તે હંમેશાં આ રીતે ઘરે પ્રવેશતો. તેનો લગભગ ૧૦ વર્ષનો મોટો દીકરો ટેબ્લેટની કોઈ ગેમમાં માથું નાખીને પડ્યો હતો. ને નાનો સાતેક વર્ષનો દીકરો ટી.વી.માં કાર્ટૂન ચેનલ જોઈ રહ્યો હતો. તેને હતું કે હમણા દીકરાઓ તેને વળગી પડશે ને નવી શું ગિફ્ટ આવી (ડૉક્ટરોને મેડિકલ રિપ્રેઝેન્ટટિવ એમ.આર. તરફથી અવારનવાર ગિફ્ટ મળતી રહે છે) તેની પૃચ્છા કરશે. પરંતુ તેમ ના થયું. કોઈ હલ્યું નહિ. દીકરાઓએ તેના આગમનની જરાય નોંધ ના લીધી. કદાચ દીકરાઓ તેની સાથે વાત નહિ કરવા માંગતા હોય. તેની પત્ની રસોડામાં મગ્ન હતી. તેણે ઈશારાથી વૉશબેઝિનમાં હાથ ધોવાનું કહ્યું. આયુર્વેદિક હેન્ડવૉશથી હાથ ધોતા ધોતા શીલ બોલ્યો. "આજે સરસ ગિફ્ટ આવી છે. એમ.આર. તરફથી" દીકરાઓ લલચાયા નહિ, કોઈ હલ્યું નહિ. તેની પત્ની શિલ્પીએ ડાઈનિંગ ટેબલ પર થાળી પીરસી ને પોતે જમવા બેઠો.

"શું થયું છે છોકરાઓને ?" સ્પષ્ટતા કરવા ખાતર તેણે શિલ્પીને પૂછ્યું.

"સાંજે તમે અમને લોકોને તાત્કાલિક બોલાવ્યાને હૉસ્પિટલે તમારા બાલમંદિરના મેડમને પગે લાગવા. ને મોબાઇલમાં ફોટા પડાવવા. એટલે બંને નારાજ છે. એ લોકોને રમવું હતું. એમને એમ લાગ્યું કે તમે એમનો ટાઈમ બગાડ્યો..." શિલ્પી પાણીનો ગ્લાસ ભરતા બોલી.

એકાદ બટકુ ખાધા પછી શીલે કહ્યું, "શું તને પણ એવું લાગે છે ?"

"કેવી વાત કરો છો ?"

મનમાં એક હાશકારા સાથે તેણે જમવાનું શરૂ રાખ્યું. તેની પત્નીએ ટીવી ઑન કરી ન્યૂઝ ચેનલ જોવા માંડી. આજે શિક્ષકદિન હોવાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આખાય ભારતના બાળકો સાથે વાર્તાલાપ કરી તેનું રિપીટ ટેલિકાસ્ટ આવવાનું હતું. શીલ જમતો હતો ખોરાકના બટકાના ચાવવાની સાથે સાથે તેનું મન સાંજની ઘટનાઓને વાગોળી રહ્યું.

એક ઊંચો દેહ, પ્રસન્ન મુખ ને ગાયત્રી પરિવારના અનુયાયીઓની કાયમી પહેચાન જેવી સફેદ સાડીમાં એક વૃદ્ધ માજી દાખલ થયા પોતાની કન્સલ્ટિંગ ચેમ્બરમાં સાંજે. તેમને જોતાં જ પોતે તેમનાં પગમાં પડી ગયો હતો. "તમે અરૂણાબહેન કે નહિ ?" એવી ખરાઈ કરીને પેલા અરૂણાબહેન કંઈ સમજે એ પહેલા પોતે બધી ચોખવટ કરી, કે આજથી ૩૫ વર્ષ પહેલા એક નાનકડા ગામમાં તમે મને બાલમંદિરમાં ભણાવેલો. મેડમને પણ શીલ અને તેની માતા યાદ આવી ગયા. ને પછી પોતે ફોન કરીને પત્ની તેમજ બાળકોને ઘરેથી તાત્કાલિક બોલાવી, સહપરિવાર પગે લાગીને ફોટા પડાવ્યા હતા. તે વિચારી રહ્યો, અત્યાર સુધી તેણે જીવનમાં હજારો વખત એ બહેનને યાદ કર્યા હતા એટલે તેના માનસપટ પર અરૂણાબહેનની સ્મૃતિઓ તાજી જ હતી. બાલમંદિરના શિક્ષક હજીયે કેમ યાદ રહી ગયા. એક ચારેક વર્ષના બાળકને તેના જીવનપર્યંત ? કદાચ ઘણીબધીવાર એમણે એ રડતા બાળકને પોતાના ખોળામાં લઈ રમાડીને જે રીતે ભણતરની સમજ આપી હતી. તે હૂંફ ને વહાલ તેના માનસપટ પર અંકિત થઈ ગયા હશે. અને એટલે જ એ અરૂણાબહેનની સ્મૃતિ ચિરકાળની બની રહી. પ્રાથમિક શિક્ષણ, હાયર સેકન્ડરી, મેડિકલ કૉલેજ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએશન આ બધી જ જગ્યાએ શિક્ષકો તો હતા જ અસંખ્ય પરંતુ જે થોડાક શિક્ષકો એને કાયમી યાદ રહી ગયા હતા. તેમાંના આ પ્રથમ કરૂણામૂર્તિ અરૂણાબહેન હતા.

"અબ આઈએ... વડાપ્રધાનને આજ શિક્ષકદિન કે અવસર પર પૂરે દેશ કે બચ્ચોં કે સાથ ક્યા બાતચીત કી યે દેખીયે..." સાંભળતા જ ડૉ. શીલ પાછો વર્તમાનમાં

આવી ગયો. તેની પત્નીએ ચેનલ બદલી હતી. શ્રી નરેન્દ્ર મોદી બધા વર્ગોમાં લોકપ્રિય છે.

જમવાનું પતાવીને તે દીકરાઓની પાસે આવ્યો સોફા પર.

"અપલોડ કરી દીધા ફોટાઓને વૉટ્સઍપ અને ફેસબુકમાં ડેડી ? મજા આવી ?" મોટા દીકરાનો ગુસ્સો હજુ એ બરકરાર હતો.

"બેટા, ફોટા અપલોડ કરી તેનું પ્રદર્શન કરવા ન્હોતા પડાવ્યા ! ગુરુ એટલે શું ખબર છે તમને ? ક્યાંથી ખબર હોય ? તમે કોન્વેન્ટ સ્કૂલોમાં ચીપી-ચીપીને અંગ્રેજી બોલવાવાળા બાળકો ગુરુ-શિષ્યના સંબંધના મહત્ત્વને નહિ સમજી શકો..."

નાનો દીકરો પણ નજીક આવ્યો તેને સાંભળવામાં રસ પડ્યો. મોટો દીકરો નહિ સાંભળવાની ઇચ્છાથી સાંભળતો હતો.

"જો બેટા... આજથી લગભગ ૩૫ વર્ષ પહેલાં અમારા નાના તાલુકામાં અત્યારની જેમ પ્લે હાઉસ કે નર્સરી જેવું ન્હોતું, ત્યારે ફક્ત 'બાલમંદિર' હતાં. શિક્ષા મેળવવાનું સ્થાન મંદિર કહેવાતું. હું લગભગ ચારેક વર્ષનો હોઈશ ને મારી મમ્મી એટલે કે તારા બા મને બાલમંદિરે મૂકવા આવતાં. એક બાજુ એની આંખો ભીની હોય ને બીજી બાજુ હું પણ રડું શરૂઆતમાં ભણવું કોને ગમે ? ને તે પણ વ્હાલસોયી માતાથી છૂટા પડીને ? ત્યારે આ અરૂણાબહેન મને પોતાના ખોળામાં વહાલથી બેસાડતા જે મને હજુએ યાદ છે. તેમના ખોળાની હૂંફના કારણે મારો ભણતર પ્રત્યેનો ડર - અણગમો જતો રહ્યો. ને જો આજે હું એક નામી સર્જન બની ગયો છું. ફક્ત ભણી ભણીને... આજના છોકરાઓની જેમ પૈસાથી ડિગ્રી ખરીદીને નહિ ! તમે તો તમારી કોન્વેન્ટ સ્કૂલમાં રડો તો ટીચર પનીસમૅન્ટ આપે જ્યારે અમને અમારા ટીચર વહાલ કરતાં ! આ જ ફર્ક છે સંસ્કૃતિનો, મને લાગે છે કે આજે હું જે કંઈ છું ને તમે લોકો જે કંઈ પણ 'જાહોજલાલી' ભોગવો છો તેની ભવ્યતાની ઇમારતના પાયામાં આ કરૂણામૂર્તિ અરૂણાબહેનનું વહાલ રહેલું છે. આવા તો કેટલાયે છોકરાઓને તેમણે વહાલથી ભણાવ્યા હશે. કહી ડૉ. શીલ પોતાની ભીની થયેલી આંખો કોઈને ન દેખાય તે માટે બેડરૂમમાં જતો રહ્યો !"

---

**મહાત્મા ગાંધીનું શિક્ષણ દર્શન અને વર્તમાન સમયમાં ઔચિત્ય**

જાય છે. તેનાથી બાળકોમાં રાષ્ટ્રપ્રેમ અને આત્મગૌરવની ભાવનાની સતત ઊણપ દેખાઈ રહી છે. આ પરિસ્થિતિમાં ગાંધીજીના મતે માતૃભાષામાં શિક્ષણ આપવાથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતા ઉત્પન્ન કરી શકાય છે.

આમ, ઉપરોક્ત સમીક્ષાથી સ્પષ્ટ થાય છે કે ગાંધીજીનું શિક્ષણ દર્શન વર્તમાન સમયમાં ખરેખર ઔચિત્ય ધરાવે છે. આજના સમયની શૈક્ષણિક સમસ્યાઓ અને વિવિધ પડકારોના નિરાકરણ માટે ગાંધીજીનું શિક્ષણ દર્શન આપણને ચોક્કસ દિશા તરફ વિચારવા પ્રેરણા આપે છે.

**૯. ઉપસંહાર**

બુનિયાદી શિક્ષણના રૂપમાં ગાંધીજીએ રાષ્ટ્રીય શિક્ષણની વ્યવસ્થાના વિકાસનો પ્રયત્ન કર્યો હતો. આ રાષ્ટ્રીય નવનિર્માણની એક મહત્ત્વપૂર્ણ યોજના હતી. આ યોજનામાં બાળકોના સર્વાંગી વિકાસ, હસ્ત ઉદ્યોગ દ્વારા વ્યક્તિ અને સમાજને જોડવા પ્રયાસ કરેલ હતો. તેનાથી સામાજિક વિષમતાને દૂર કરી સર્વોદય સમાજની રચના કરવાનું લક્ષ્ય હતું. પરંતુ દુર્ભાગ્યવશ પ્રભાવશાળી અને અમીર વર્ગે ગાંધીજીની આ ક્રાંતિકારી યોજનાનો સ્વીકાર કર્યો નહીં. પરિણામે સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રપિતાના અનેક સપનાઓ અધૂરાં રહી ગયા. જેમાં આ શિક્ષણ સિદ્ધાંતો પણ હતા.

(જી.સી.ઈ.આર.ટી. - ગાંધીનગર ખાતે તા. ૦૧.૧૦.૧૮ના રોજ રાજ્યકક્ષાની કૉન્ફરન્સ 'ગાંધીજીનું શિક્ષણ દર્શન : આજ અને આવતીકાલ' માં આ થીમ પેપર રજૂ કરેલ હતું.)

# કામચોરીનો કીમિયો - ૧

**ડૉ. વિજય ઠક્કર**

મ.શિ. આંકલાવ હાઈસ્કૂલ, આંકલાવ.
મો : ૯૪૨૬૩૩૧૨૩૭

આ ચાર સરકારી શિક્ષકની વાર્તા છે. તેઓના નામ હતા : દરેક, અમુક, કોઈક અને કોઈ નહીં. શાળાનું એક અતિ અગત્યનું કાર્ય કરવાનું હતું. દરેકને ખાતરી હતી કે અમુક આ કાર્ય જરૂર કરશે. પરંતુ અમુકે એવું વિચાર્યું કે આ કાર્ય કોઈક કરશે. કોઈક આ વાતે ગુસ્સે થઈ ગયો. કારણ કે આ કાર્ય તો દરેકનું હતું. એટલે કોઈકે 'ખો' દીધી કોઈ નહીં ! અને કોઈ નહીં ને તો આપ જાણો જ છો ! અંતે આ કાર્ય થયું જ નહીં. હવે લ્યો બોલો : તમને ક્યું નામ શોભશે ? હા હા થોડી વાર જાતે જ ફોઈબા થઈ જાવ. આમેય કામ ના કરનારને તો લોકો ફોઈબાના હુલામણા નામથી જ બોલાવે છે ને !

હવે બહુ બંધબાજી નથી રમવી નહીં તો મૂળ વાત વાંચવાની તમને આળસ આવી જશે. વાત જાણે એમ છે કે હમણાં જ CCTV ના નેજા હેઠળ બોર્ડ દ્વારા SSC અને HSC ની પરીક્ષાઓ પૂર્ણ થઈ. જ્યારે વર્ગનિરીક્ષણ માટે શિક્ષકોના નામ લખવાના શરૂ થયાં એટલે ઘણા શિક્ષકોને પોતાનું બાળક આ વર્ષે જ બોર્ડની પરીક્ષા આપવાનું છે એ યાદ આવી ગયું. (જો કે એમનું ચાલે તો તો એમનું બાળક ત્યાંનું ત્યાં જ રહે તેવું તે ચોક્કસ ઇચ્છે જેથી સુપરવિઝન તો ના કરવું પડે.) ઘણાં શિક્ષકોને જૂના ભૂલાઈ ગયેલા દર્દો, બીમારી યાદ આવી ગઈ જે બીમારી તો બિચારી ગઈ પરીક્ષા પછી સાવ ભુલાય જ ગયેલી. કોઈક તો વળી શિક્ષક હાથપોથી લઈ શોધવા મંડી પડ્યું કે આ સુપરવિઝન ના કરીએ તો આ બોર્ડ વાળા આપણું કરી શું લે ? એવો કોઈ પરિપત્ર ક્યાંય જડે છે ! પેલા એમણે તો આટલી વારમાં સ્થળ સંચાલકની મૈત્રી પણ ગોઠવી લીધી જેથી રિલીવરમાં ગોઠવે તો જલસા પડી જાય. એક-બે તો શિક્ષક હાજરી પત્રક લઈ આ માટે બચાવેલી રજાઓની નોંધ કરવા બેઠાં. અમારા જેવા નવા સહાયકો ફાંફાં મારવા માંડ્યા કે અચાનક આટલી અફડાતફડી કેમ ? પરીક્ષા પહેલાં સ્કોડ આવી કે શું ? આખું વર્ષ સિનિયરનું ભૂત વળગેલું જ રહે તેવા બે જણ તો સંતાઈને અનોંધનીય થવાં માંડ્યા. અંતે અન્ય શાળાના શિક્ષકો પણ બોલાવા પડ્યા, સરેરાશ દરેકને ત્રણ-ચાર સુપરવિઝન આવે તેના બદલે અમારા જેવા શિક્ષણ સહાયકોને ભાગે છ-સાત આવ્યાં અને માંડ માંડ પરીક્ષા ગઈ.

પરીક્ષા દરમિયાન પણ પેલા કામચોરોની રિલીવર થવાની અને બ્લોક નંબર-૧માં સુપરવિઝન માટે ગોઠવવાની દાદાગીરી તો ખરી જ ! (જે બ્લૉક દિવ્યાંગો માટે હોય જેમાં માંડ બે-ચાર વિદ્યાર્થી પરીક્ષા આપે જેથી બહુ કાગળકામ ના કરવું પડે. જો કે મોટે ભાગે આ દિવ્યાંગ શિક્ષકો જ આ વર્ગનું સુપરવિઝન માંગી લેતા હોય છે. અહીં દિવ્યાંગતાનું સ્તર શારીરિક જ હોય તેવું માનવાનું કોઈ કારણ નથી.) પેપરચેકિંગ માટે થનગનતા, પોસ્ટમૅનની કાગડોળે રાહ જોતાં, સેવકભાઈ ઉપર રૂઆબ મારતાં અને ઑર્ડર માટે વોટસઍપ પર આંટા મારતાં આપણે સુપરવિઝનમાં આટલા શિથિલ કેમ ? હા હું જાણું છું કે ૭૫ રૂપિયા, કેમેરો, સ્ટિકરો, ફૉર્મ અને ગાંધીનગરની પૂનમો સાથે કામ કરવું કેટલું અઘરું છે એમના માટે... (આ ૭૫ રૂપિયા પણ આવે તો આવે... કેટલાક આચાર્યોનો શું ભરોસો !) જે ખુરશીમાં બેસે તો જ બોલી શકે અને તો જ તેમને ભણાવ્યું હોય તેવું લાગે તેવા માટે તો સુપરવિઝન ભારે કપરું કામ. કેમેરા નહોતા ત્યારે તો સમજ્યાં બેસાતું, લખાવાતું, સગવ્હાલુંય સચવાતું અને ટ્યૂશનવાળુંય ધમધોકાર ચાલતું. બાળકોની હોય કે આપણી ચોરી કહેવાતી જ નહીં. દર પિરિયડે બૅલ સાંભળી ફ્રેશ થવા જવાની ટેવ હોય અને પછી ત્રણ કલાકમાં કોઈ

માત્ર દસ જ મિનિટ રિલીવ કરે તો સાલ્લું લાગી તો આવેજ ને ! વર્ગશિક્ષકમાંથી છૂટવા સિનિયર થયા હોય અને તમે પાછાં બધા વિદ્યાર્થીની હાજરી પુરાવો, સહી કરાવો, સ્ટિકર લગાવડાવો, કેટલા પાનાં લખ્યાં તે લખાવડાવો તો તેમને દુઃખ ના થાય તો બીજું થાય પણ શું ? દિવસમાં ચાર કે પાંચ તાસ નિષ્ઠાથી ભણાવે તો વધુમાં વધુ ત્રણ કલાક ભણાવવાના સરકાર રોજના બે-અઢી હજાર આપતા હોય તેના બદલે ખાલી ૭૫ તો સાવ ફીક્કા કેવા કહેવાય ??? (નિષ્ઠાવાન ને તો ક્યારેય સુપરવિઝન કરવામાં વાંધો હોતો જ નથી તેવી મને જાણ છે.) અને આ'તો નિષ્ઠાથી ભણાવે તો... બાકી તો કેટલાક શાળાએ આવીને ચા-બીડી પીવે ત્યાંતો પહેલી રિસેસ પડી જાય. કોઈક તો એક માવો ચોળે ને મોઢામાં ભરે ત્યારે એમ લાગે કે હવે હું શિક્ષક કહેવાઉં. તેવા શિક્ષકો ને સરકાર ત્રણ ત્રણ કલાક સુધી ચા, બીડી, માવો, કે મોબાઈલ વગર બોર્ડની પરીક્ષામાં ગોંધી રાખે તો એમને કંટાળો ના આવે તો જ નવાઈ. શાળાની પરીક્ષાઓમાં તો વિદ્યાર્થી પોતાની શાળાના જ હોવાથી પ્રમાણમાં સમજદાર હોય એટલે ટીચરને (ટીચર એટલા માટે કે શિક્ષક અને શિક્ષિકા બંનેનો સમાવેશ કરી શકાય) બહુ હેરાન ના કરે. શિક્ષક બાજુના બ્લૉકના બીજા શિક્ષક સાથે ગપ્પા મારતો હોય, મોબાઈલ મંતરતો હોય, હાજરીપત્રક બનાવતો હોય કે મંત્ર લખતો હોય તોય જરાય અડચણરૂપ થયા વગર વિદ્યાર્થી બાજુમાં બેઠેલાને કોણી મારીને, ખસેડીને જાતે પોત્તે પુરવણી લઈ લે પણ આ બોર્ડની પરીક્ષાનો નિયમ તો ભારે ભઈ, ખંડ નિરીક્ષકે પાટલીએ પાટલીએ જઈને પુરવણી આપવાની, સહી કરવાની અને નંબર પણ લખવાનો. આપણી વર્ષો જૂની ટેવોને આમ તરત બદલી નાંખવાની તો કેમ ફાવે ?

મિત્રો, જે કામ માટે હું જોડાયો છું, મેં પસંદ કર્યું છે, મને તગડો પગાર મળે છે, મારી જવાબદારી છે તે કામ માટે આ અણગમો કેમ ? પરીક્ષાનું કામ કંટાળાજનક છે સાચું પણ તે વખતે હસતું મોં રાખી બાળકોનો ઉત્સાહ આપણે વધારી ના શકીએ ? ક્યાંક હળવી રમૂજ કરી બધાને હસાવી ના શકીએ ? આપણા આ કાર્યને ઉત્સાહથી વધાવી ના શકીએ ? આ કુદરત પાસેથી મને જે મળ્યું છે તે જીવતા જીવત થોડું ઉમેરીને, સુધારીને, વધારીને, સમૃદ્ધ કરીને પાછું ના સોંપી શકીએ ? જહોન રસ્કિન કહેતા કે 'જ્યારે માણસ પોતાનામા જ વીંટળાયેલો રહે છે ત્યારે તે ખરેખર એક નાનકડું પેકેટ બની રહે છે.' આપણું વિશ્વ ચોમેર વિસ્તરો તેવી અભ્યર્થના...


**ધી રજિસ્ટ્રેશન ઓફ અન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો : | માસિક |
| ૩. મુદ્રકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. પ્રકાશકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| સામયિક માલિકી ધરાવનાર : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ)**, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામાંમાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૧૯** **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**

**પ્રકાશકની સહી**

# ગાંધીજી અને કાકા કાલેલકર : હિન્દુ ધર્મમાં તપ અને ભક્તિયુક્ત કર્મની કેળવણી

**પ્રવીણ કે. મકવાણા**

આચાર્યશ્રી, આંગણકા પ્રાથમિક શાળા, તા. મહુવા, જિ. ભાવનગર.
મો. ૯૪૨૮૬૧૯૮૦૯, ૮૧૪૦૧૯૪૧૧૯,
pravinmakwana23@gmail.com

ગાંધીજી નવજીવન ૧૨-૧૦-૧૯૨૪માં કહે છે કે ''હિંદુ ધર્મમાં ડગલે ડગલે તપ છે. પાર્વતીને શંકર જોઇએ તો તેણે તપ કરવું. શિવથી ભૂલ થઇ તો તેમણે તપ કર્યું. વિશ્વામિત્ર તો તપની મૂર્તિ હતા. રામ વનમાં ગયા તો ભરતે યોગારૂઢ થઇ ઘોર તપશ્ચર્યા આદરી અને શરીરને નિચોવી નાખ્યું.

ઈશ્વર બીજી રીતે મનુષ્યની કસોટી નથી જ કરી શકતો. જો આત્મા દેહથી ભિન્ન છે તો દેહને કષ્ટ આપીએ છતાં આત્મા પ્રસન્ન રહે. અન્ન શરીરનો ખોરાક છે, જ્ઞાન અને ચિંતન આત્માનો. આ વસ્તુ પ્રસંગોપાત દરેક સારુ સિદ્ધ કરવી રહી છે, પણ જો તપાદિની સાથે શ્રદ્ધા, ભક્તિ, નમ્રતા ન હોય તો તપ એ મિથ્યા કષ્ટ છે. તે દંભ પણ હોય. એવા તપસ્વી કરતાં સુખપૂર્વક ખાનારા પ્રભુભક્ત હજારગણા સારા છે.

મારા તપની કથા લખવા જેટલી આજે મારી શક્તિ નથી; પણ એટલું કહી જાઉં કે એ તપ વિના મારું જીવવું અશક્ય હતું.''

આમ ગાંધીજી હિંદુ ધર્મમાં તપની કેળવણી સરળ અને સમજાય તેવી છે. માનવીના ખોટા આડંબરો અને શ્રદ્ધાયુક્ત આંધળી ભક્તિને વખોડે છે. શરીરને ખોટા કષ્ટ આપ્યા વિના સારા માનવીય ગુણો કેળવી માનવતા સાથે જીવન જીવવું જોઇએ.

કાકા સાહેબ કાલેલકરે હિંદુ ધર્મમાં ભક્તિયુક્ત કર્મયોગ વિશે સુંદર વાત કહી છે. તેઓ કહે છે કે ઈશ્વર વિશે જેને કશું જ જ્ઞાન નથી તેણે તે મેળવવું જોઇએ. ઈશ્વર પરમ કલ્યાણી છે. સર્વસમર્થ હોવા છતાં ઘણું સહન કરે છે, દયાળુ તો છે જ. એ તો એક ન્યાયાધીશ છે, એના કરતાં વધારે તો કેળવણીકાર છે. ઈશ્વરનું એ સાચું સ્વરૂપ જાણ્યા પછી એના પ્રત્યે ભક્તિભાવ જાગ્રત થવાનો જ. ઈશ્વરને ઓળખવાનો સતત પ્રયત્ન ચાલવો જ જોઇએ. એની કલ્પનાતીત અસર જીવન ઉપર પડવાની.

દેહધારી છીએ અને સમાજના ઘટક છીએ એટલે જીવન સેવામય હોવું જ જોઈએ; એ સેવા ટાળી ન શકાય. એની પાછળ જે 'દુનિયાદારી 'હોય છે તે મટાડીને એ જ સેવાને 'ઈશ્વરદારી' બનાવીએ. સેવા તો એ ને એ જ કરતા જઈએ. ફક્ત એ સેવા પાછળની સ્વાર્થી અને મતલબી વૃત્તિ કાઢી નાખી, એને ઠેકાણે સર્વકલ્યાણકારી વૃત્તિ વાપરીએ તો એમાં આપણી ઈશ્વરભક્તિ ખીલે છે. પછી એ જ આપણો ભક્તિયોગ બની જાય છે. કર્મયોગ ટાળીને ભગવાનના ગુણગાનમાં મસ્ત રહીએ તો એ મસ્તી નશાનું રૂપ લે છે. દરેક કામમાં ઈશ્વરનું સ્મરણ જાગ્રત થતું હોય, તો એ જ કામ જીવનસાધનાનું રૂપ લે છે. ખરેખર આને જ ભક્તો અખંડ નામસ્મરણ કહી શકે છે. એ જ સંપૂર્ણ જીવનસાધના ગણાય. આવી જીવનસાધનામાં, કેવળ વ્યક્તિ કે સમાજ, નજર આગળ ન હોય. બંને એકરૂપ થાય.

જીવન કર્મમય હોય છે. જ્ઞાન છે એનું મોવણ અને ભક્તિ છે એની સુગંધ.

આમ કાકા સાહેબ કાલેલકરે હિંદુ ધર્મમાં રહેલા કર્મયોગને સમાજજીવન સાથે જોડવાની વાત સમજાવી છે. જીવનને કર્મકાંડથી મુક્ત કરી માનવસેવા કરવાની કેળવણી ધાર્મિકોને આપે છે. કર્મકાંડ પૂજા પાઠ છોડી સમાજમાં આપણી સાથે જીવન જીવતા માનવીઓનું કલ્યાણ કરવાનો બોધ આપે છે. આ જ ખરો 'ઈશ્વરદારી' રાહ છે.

# કેળવણીનાં મૂળતત્ત્વો

**કાકાસાહેબ કાલેલકર**

જ્યાં સુધી કેળવણી સત્તાને સ્વીકારે છે ત્યાં સુધી કેળવણી કસરત કરતાં વધારે મહત્ત્વ ભોગવવાની નથી. કેળવણીને સાર્વભૌમ બનાવવી હોય અને એ વાટે દુનિયાને નવો રસ્તો દેખાડવો હોય તો કેળવણીમાં સત્તાનો સંપૂર્ણ બહિષ્કાર હોવો જોઈએ. કેળવણીના આદર્શમાં, કેળવણીની રચનામાં અને કેળવણીની સંસ્થાઓમાં વ્યવસ્થા ગમે તેટલી આગ્રહ ભરેલી હોય પણ એમાં સત્તાને તો સ્થાન ન જ હોવું જોઈએ. કેળવણીનો પ્રથમ ઉદ્દેશ સત્યની શોધ કરવાનો છે. સત્યનો પ્રચાર કરવાનો છે, સત્યને આત્મસાત્ કરવાનો છે. એ સત્તાથી કોઈ કાળે થાય નહી. સત્ય અને સત્તાનો વિરોધ આત્યંતિક છે. જ્યાં સત્તા છે ત્યાં સત્ય નિષ્પ્રાણ થાય છે. સત્તાને ઓગાળી નાખ્યા વગર સત્ય પ્રસ્થાપિત થાય જ નહીં.

કેળવણીનું બીજું તત્ત્વ તે શ્રદ્ધા અને નમ્રતા છે. બીજા આગળ શિર ઝુકાવવાની વૃત્તિને લોકો નમ્રતા તરીકે ઓળખે છે. ખરી નમ્રતા એ નથી. મોટેરાં જે કહે, શાસ્ત્રો જે કહે તે વગર વિચાર્યે સ્વીકારવાની જડતાને લોકો શ્રદ્ધા તરીકે ઓળખે છે. ખરી શ્રદ્ધા એ નથી. ડૉ. ભાંડારકરે એક વખત શ્રદ્ધાનો અર્થ કર્યો હતો The Open Mind શ્રદ્ધાની આટલી સુંદર વ્યાખ્યા બીજી ન હોઈ શકે. કોઈ પણ વસ્તુ વિશે વગર વિચાર્યે અનુકૂળ કે પ્રતિકૂળ ગ્રહ ન બાંધવો અને એ વસ્તુને અનુભવની કસોટીએ ચડવાની તક આપવી એનું નામ તે શ્રદ્ધા. એ શ્રદ્ધા પાછળ રહેલી નમ્રતા એટલી જ કે આપણે સર્વજ્ઞ નથી. મનુષ્ય જાતિનો અનુભવ અલ્પ છે. અનુભવના ક્ષેત્રમાં આજે ન આવી શકે એવી કેટલીય વસ્તુ પડેલી છે  જે આપણા જીવન ઉપર જબરદસ્ત અસર કર્યે જ જાય છે. આપણે ઘણું જાણવાનું છે, સત્યનો નવો નવો સાક્ષાત્કાર કરવાના છીએ, એ જાતની અપેક્ષા ને ઉત્કંઠા એનું નામ નમ્રતા. શ્રદ્ધા ને નમ્રતા દરેક વિદ્યાર્થી માટે સ્વાભાવિક હોવા જોઈએ. એ જયાં નથી ત્યાં કેળવણી શક્ય નથી. શ્રદ્ધા-નમ્રતાનો અભાવ એ જડતાનું એટલે ઘડપણનું લક્ષણ છે.

કેળવણીનું ત્રીજું તત્ત્વ હિંમત ગણાય. કેળવણીનો અર્થ જ એ છે કે આપણે અજ્ઞાનના ક્ષેત્રમાં મુસાફરી કરવા માંગીએ છીએ. જે સમુદ્રના નક્શાઓ આપણી પાસે નથી એવા સમુદ્રમાં આપણે આપણું સર્વસ્વ સાથે લઈ આપણું વહાણ હંકારવાના છીએ. હિંમત વગર એ થઈ ન શકે. માણસ પોતાનું સર્વસ્વ-જીવનસર્વસ્વ-જોખમમાં મૂકી શકે એ વૃત્તિનું નામ આસ્તિકતા છે એ આસ્તિકતા પણ કેળવણીના પાયામાં રહેલી છે કે હું કલ્યાણ માર્ગે જાઉં છું, મારું અકલ્યાણ થવાનું નથી, મારો વિનાશ નથી. ભારે ખમવું પડે તો ફળ પણ એટલું જ ભારે મળવાનું છે. મારો પ્રયોગ એળે તો જવાનો જ નથી, એ જાતનો વિશ્વાસ તે આસ્તિકતા. એ જ્યાં હોય ત્યાં ગમે તેટલી હિંમત કરતાં, હામ ભીડતાં, માણસ અચકાય નહીં. આજના કેળવણીકારો, અધ્યાપકો અને શિક્ષકો આ કસોટીએ કસતાં એવા તો પામર દેખાય છે કે એમના હાથમાં કેળવણી જેવું પવિત્ર કાર્ય શી રીતે ગયું એનું જ આશ્ચર્ય થાય છે. સાચી કેળવણી જાગશે ત્યારે આખું ટોળું એની મેળે ખરી પડશે. અગ્નિને જોઈ જાનવરો જેમ ભાગે છે તેમ.

કેળવણીનું ચોથું તત્ત્વ તે અમીદષ્ટિ છે. પોતાનો સ્વાર્થ જરાય આડે આણ્યા વગર બધાનું હિત થાઓ. હંમેશનું હિત થાઓ એ જાતની સદ્ભાવના એ અમીદષ્ટિ છે. પરોપકાર કેળવણી માટે કેળવાયેલો સદ્ગુણ ન હોય, એ સ્વાભાવિક જ હોવા જોઈએ. "મારે આ જિંદગીમાં શું સાથે લઈ જવાનું છે કે હું પક્ષપાત કરું ? મારે મન બધા સરખા, બધાનું હિત જોઈને જ રાજી થાઉં. બીજું સુખ હું જાણું જ નહીં તો પછી તેને માટે હું મથું શી રીતે !" એ જાતની વૃત્તિ તે કેળવણીની વૃત્તિ. સત્તા સાથે છૂટાછેડા કર્યા પછી કેળવણીને હાથે દુનિયાનું અકલ્યાણ થવાનું કારણ જ નથી. જો અજ્ઞાન સાથે, રૂઢિ સાથે અથવા આળસ સાથે કેળવણી માંડવાળ કરે તો તે કેળવણીની આત્મહત્યા છે. પછી એને હાથે દુનિયાનું કયું અહિત નહીં થાય એ કહેવું જ મુશ્કેલ છે. કેળવણી એટલે અખંડ જાગૃતિ, અખંડ શુદ્ધિ અને અખંડ પ્રગતિ. તે આવી અમીદષ્ટિ વગર સંભવે નહીં. જેટલાં એકાંગી તત્ત્વો છે તે બધાં કેળવણીનાં વિરોધી છે. જે સંપૂર્ણ છે, સર્વાંગીણ છે, વ્યાપક છે, ચિરંતન છે, તે જ કેળવણીને અનુકૂળ છે.

**'જીવનનું કાવ્ય' - કાકાસાહેબ કાલેલકરમાંથી સાભાર...**

# નિષ્ઠાવાન શિક્ષકનો જાદુ

**અશોક સોમપુરા**

૭, એપેક્ષનગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪.
મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

શાળામાં રિસેસનો ઘંટ વાગ્યો. થોડી વારમાં તો આખીય શાળા વિદ્યાર્થીઓના કલરવ અને વિવિધ રમતોથી ગુંજી ઊઠી.

રિસેસ દરમિયાન અમારી શાળાના કાર્યાલયમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની અવર-જવર રહ્યા કરતી. શાળાના સામાન્ય પ્રવાહના શિક્ષક શ્રી હિરાલાલ છોડવડિયા આ રિસેસ દરમિયાન શાળા કામથી કાર્યાલયમાં આવ્યા. સૌ પોતપોતાના કામમાં વ્યસ્ત હતા. વિદ્યાર્થીનું એક નાનું ટોળું તેમના કામ માટે મારી પાસે લાઈનમાં ઊભું હતું. બરાબર તે જ વખતે એક વિદ્યાર્થીને સંબોધીને અમારા શિક્ષક શ્રી છોડવડિયા સાહેબ બોલ્યા :

‘‘અરે રાહુલ, તું આજે શાળાના કાર્યાલયમાં દેખાયો પણ શાળાએ ભણવા કેમ આવતો નથી ?’’

સ્હેજ ઉદ્ધતાઈ અને તોછડાઈભર્યા અવાજે પેલો વિદ્યાર્થી રાહુલ તેના વર્ગશિક્ષક હિરાલાલને જવાબ આપતા બોલ્યો, ‘‘તમેય શું સાહેબ, હું માંદો છું એવા કારણો દર્શાવતું મારું મેડિકલ સર્ટિફિકેટ તો તમને મોકલી આપ્યું છે, પછી મારું તમારે શું કામ છે ?’’

સાહેબ બોલ્યા,

‘‘બેટા રાહુલ, મારે તારા મેડિકલ સર્ટિફિકેટની જરૂર નથી. મારે તારી જરૂર છે. મારે તું જોઈએ છે. તું શાળાએ ન આવે તે કેમ ચાલે બેટા ?’’

પોતાના વર્ગશિક્ષકની આ વાત સાંભળી રાહુલ ધ્રુસકેને ધ્રુસકે રડવા માંડ્યો. કાર્યાલયના અમે સૌ સ્તબ્ધ બની ગયા. હું મારી જગ્યાએથી ઊભો થઈ રડતા રાહુલને ખુરશીમાં બેસાડ્યો તેને પાણી આપ્યું. રડતા રાહુલે શાંત થઈ થોડીવાર પછી પાણી પીધું. તેના આવા અચાનક રડવાથી અમારા સૌ વચ્ચે ગમગીની છવાઈ ગઈ.

થોડી ક્ષણો પસાર થયા બાદ વર્ગશિક્ષકે તેના માથે હાથ ફેરવી સાંત્વન આપતા કહ્યું, ‘‘બેટા રાહુલ, તને શાનું ખોટું લાગ્યું ? આટલું બધું તું કેમ રડ્યો ?’’

રડમસ અવાજે રાહુલે તેના વર્ગશિક્ષક હિરાભાઈને કહ્યું કે, ‘‘સાહેબ હું દુઃખી છું. હમણાંનું મારું શાળાકીય પરીક્ષાનું પરિણામ નબળું આવ્યું છે. મારા આવા નબળાં પરિણામને લઈને મારા પિતાજી મારા ઉપર ખૂબ જ ગુસ્સે થયા અને મને ખૂબ જ ધમકાવતા કહ્યું કે, ‘‘તું સાવ નકામો છે, તું કશું જ કરી શકવાનો નથી. અમારું તારે કોઈ જ કામ નથી. સૌ માટે તું ભારરૂપ છે.’’

‘‘પિતાજીના આવા ગુસ્સાથી સાહેબ, માનસિક રીતે હું સાવ પડી ભાંગ્યો છું. મને ક્યાંય ગમતું નથી. મને આ દુનિયા પણ ગમતી નથી. કેમ કે હું કોઈ કામનો નથી.’’ આટલું બોલતા રાહુલ ફરી રડી પડ્યો.

તેને ફરીથી શાંત થવા દઈ હિરાભાઈએ પોતાના વિદ્યાર્થી રાહુલને બાથમાં લીધો. પ્રેમથી ખૂબ જ સમજાવ્યો. તેણે કહ્યું કે, ‘‘બેટા, તારા પિતાજી ઘરના-બહારના અનેક કામોની ચિંતામાં હોય. એવી અનેક ચિંતાઓને કારણે કદાચ તને બોલી ગયા હશે. પણ યાદ રાખ બેટા, કોઈપણ દિવસ મા-બાપની વાતનું કે તેમના ઠપકાનું ખોટું લગાડવું નહી. તેમની આજ્ઞાનું પાલન કરવું તેમના કહ્યામાં રહેવું. તેમની વાતો સાંભળી ખરાબ વિચારો કરવા નહિ. કુટુંબ સાથે ખૂબ પ્રેમથી રહેવું.

ત્યારબાદ એ વિદ્યાર્થી શાળામાં નિયમિત આવ્યો. સારા રેન્ક સાથે પાસ થયો. આજે સમાજમાં મોભાદાર માણસ તરીકે તેની ગણના થાય છે. ઘરડાં મા-બાપની ખૂબ સેવા કરી ઉત્તમ જીવન જીવે છે.

સલામ છે આ નિષ્ઠાવાન શિક્ષક શ્રી હિરાલાલ છોડવડિયાને કે જેણે એક વિદ્યાર્થીને સારું જીવન જીવવાની પ્રેરણા અને શિખામણ આપી.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**

૭, એપેક્ષનગર સોસાયટી, પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪.
મો. : ૯૪૨૬૫૨૫૨૪૨

**નોંધ : "ઘરશાળા" માસિક્માં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો ક્રવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● ગુજરાતમાં ૬.૫ લાખ વિદ્યાર્થી માટે સરકાર હવે ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ કરશે :**

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૫માં અભ્યાસ કરતા બાળકો નબળા હોવાનું સરકારને લાગતા સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ સરકારી શાળાઓમાં ધોરણ-૨ના વિદ્યાર્થીઓની ગઈ ૩૧મીથી ૫હેલી ફેબ્રુઆરી સુધી નિદાન કસોટી લેવામાં આવી હતી. આ પરીક્ષા બાદ નીકળેલા તારણોમાં બાળકો ગણિતમાં થોડા નબળાં છે અને ૮૦ ટકા જેટલા બાળકો સાદા વાક્યો જ વાંચી શકે છે. આ વિદ્યાર્થીઓને ધો-૩ના પ્રવેશ પહેલાં ગુજરાતી અને ગણિત વિષયમાં અધ્યયન કરાવાશે. આ માટે પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ શરૂ કરાશે. એપ્રિલ માસ સુધી ચાલનારા આ કાર્યક્રમમાં શિક્ષકો દ્વારા બાળકોને જરૂરી અભ્યાસક્રમ ભણાવાશે.

**ખેલો ઈન્ડિયામાં ગુજરાતના ખેલાડીઓનો ડંકો :**

ખેલ મહાકુંભમા ગુજરાતના યુવાનોએ ડંકો વગાડ્યા બાદ હવે તેઓએ ખેલ ઇન્ડિયા યૂથ ગેમ્સ - ૨૦૧૯માં ૧૫ ગોલ્ડ, ૯ સિલ્વર અને ૧૫ કાંસ્ય પદક સાથે કુલ ૩૯ મેડલ મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ટૉપટેન રાજ્યોમાં ગુજરાતે આઠમો ક્રમ મેળવ્યો છે. ૮૫ ગોલ્ડ સાથે કુલ ૨૨૭ મેડલ જીતીને મહારાષ્ટ્રના ખેલાડીઓ દેશભરમાં અવ્વલ રહ્યા છે.

ખેલો ઇન્ડિયા યૂથ ગેમ્સ - ૨૦૧૯માં
મેડલ મેળવનાર ટૉપટેન રાજ્યો

| રાજ્ય | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| મહારાષ્ટ્ર | ૮૫ | ૬૧ | ૮૧ | ૨૨૭ |
| હરિયાણા | ૬૨ | ૫૬ | ૬૦ | ૧૭૮ |
| દિલ્હી | ૪૮ | ૩૭ | ૫૧ | ૧૩૬ |
| કર્ણાટક | ૩૦ | ૨૮ | ૧૯ | ૦૭૭ |
| તામિલનાડુ | ૨૭ | ૩૬ | ૨૫ | ૦૮૮ |
| ઉ.પ્રદેશ | ૨૩ | ૨૫ | ૪૦ | ૦૮૮ |
| પંજાબ | ૨૩ | ૧૯ | ૩૦ | ૦૭૨ |
| ગુજરાત | ૧૫ | ૦૯ | ૧૫ | ૦૩૯ |
| પશ્ચિમબંગાળ | ૧૩ | ૧૫ | ૧૬ | ૦૪૪ |
| કેરાલા | ૧૨ | ૧૬ | ૩૦ | ૦૫૮ |

**એશિયન ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓએ એક (૧) ગોલ્ડ અને ત્રણ (૩) બ્રોન્ઝ મેડલ જીત્યા :**

વર્ષ ૨૦૧૮માં જકાર્તા ખાતે યોજાયેલી એશિયન ગેમ્સમાં ખેલ મહાકુંભમાંથી પસંદગી પામેલા કુલ છ(૬) ખેલાડીઓને દેશનું પ્રતિનિધિત્વ કરવા મોકલાયા હતા. જેમાંથી એક ખેલાડી કુમારી સરિતા ગાયકવાડે ઍથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું હતું. ઉપરાંત ટેનિસ અને ટેબલ ટેનિસમાં ત્રણ બ્રોન્ઝ મેડલ ગુજરાતના ખેલાડીઓએ મેળવ્યા હતા. વર્ષ : ૨૦૧૦માં ગુજરાતમાંથી ફક્ત (૧) એક જ ખેલાડીએ સ્વિમિંગમાં ભાગ લીધો હતો. હવે ઉત્તરોતર એશિયન ગેમ્સમાં ગુજરાતના ખેલાડીઓની સંખ્યા વધતી જઈ રહી છે.

**આ વર્ષે ખેલ મહાકુંભના બે હજાર પ્રતિભાશાળી ખેલાડીઓને સ્પૉર્ટસ્ સ્કૂલમાં વિશેષ તાલીમ આપવામાં આવશે :**

રાજ્યમાં વર્ષ ૨૦૧૮માં રમાયેલા ખેલ મહાકુંભમાંથી પ્રતિભાશાળી ૨૦૦૦ ખેલાડીઓને અલગ તારવીને આવા ખેલાડીઓને જિલ્લા કક્ષાની કુલ ૪૧ સ્પૉર્ટસ્ સ્કૂલોમાં શિક્ષણની સાથે ખેલકૂદને લગતી તાલીમ આપવાનો નિર્ણય લેવાયો છે. આ ખેલાડીઓ સ્પૉર્ટસ્માં તેમની કારકિર્દી

બનાવીને આગળ વધે અને દેશ માટે મેડલ જીતી લાવે તે દિશામાં પ્રયાસો હાથ ધરાયા છે. હાલમાં ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓમાંથી ૪,૨૮૦ ખેલાડીઓ વિવિધ સ્પૉર્ટ્સ્ સ્કૂલોમાં શિક્ષણ-તાલીમ મેળવી રહ્યા છે.

આ કાર્યના ભાગરૂપે તમામ જિલ્લામાં સ્પૉર્ટસ્ સંકુલ બનાવાશે. નરોડામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનો સ્વિમિંગ પૂલ અને ઍથ્લેટિક્સ ટ્રેક બનશે. તેમજ વહીવટી શાખાની બિલ્ડિંગ અને ૨૦૦ ખેલાડીઓ રહી શકે તે માટેની હોસ્ટેલ બનાવાશે.

શાળાઓ ઉપરાંત કોલેજ કક્ષાએ પણ રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે અર્બન સ્પૉર્ટસ્ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ યુનિવર્સિટીઓને ગ્રાન્ટ આપીને સ્વિમિંગ પૂલ, વૉલીબૉલ, બાસ્કેટ બૉલ સહિતની સુવિધાઓ ઊભી કરાઈ છે.

**સી.એ. ફાઈનલ પરીક્ષાનું એકંદરે ૪૧.૨૬ ટકા પરિણામ** : આઈસીએઆઈ (ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ્ એકાઉન્ટસ્ ઑફ ઈન્ડિયા) દ્વારા ગયા ડિસેમ્બર માસમાં લેવાયેલી સીએ ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર થયું. જેમાં જૂના અને નવા કોર્સનું મળીને એકંદરે ૪૧.૨૬ ટકા જેટલું પરિણામ રહ્યું છે. જૂના અને નવા કોર્સમાં મળીને અમદાવાદના પાંચ વિદ્યાર્થી ઑલ ઈન્ડિયા રેન્કિંગમાં આવ્યા છે. જૂના અને નવા કોર્સમાં કુલ મળીને ૧૪૯૬૯ CA બન્યા.

અમદાવાદ બ્રાન્ચમાં જૂના કોર્સમાં બોથ ગ્રૂપમાં ૬૬૬ વિદ્યાર્થીઓમાંથી ૨૮૪ પાસ થતા ૪૨.૬૬ ટકા પરિણામ રહ્યું છે અને નવા કોર્સમાં ૮૬ વિદ્યાર્થીઓમાંથી ૩૯ વિદ્યાર્થી પાસ થતાં ૪૫.૩૫ ટકા પરિણામ રહ્યું છે. અમદાવાદ ચેપ્ટરનું જૂના અને નવા કોર્સનું પરિણામ ગયા મે માસના પરિણામની સરખામણીએ વધ્યું છે.

**પીજી-મેડિકલની NEETનું પરિણામ જાહેર થયું :**

પીજી-મેડિકલમાં પ્રવેશ માટેની નીટ (નૅશનલ ઍલિજિબિલિટિ કમ ઍન્ટ્રન્સ ટેસ્ટ)નું પરિણામ જાહેર થયું છે. જેમાં ગુજરાતનો વડોદરાનો વિદ્યાર્થી અશરફ કેશરાણી પ્રથમ ક્રમે આવ્યો છો. આ વર્ષે કટ ઑફ સ્કોરમાં ૧૯ માર્કસનો વધારો થયો છે. ૧.૪૩ લાખમાંથી ૭૯,૬૩૩ વિદ્યાર્થીઓ સમગ્ર દેશમાં ક્વૉલિફાઈ થયા છે.

પીજી-નીટના પરિણામ બાદ દેશની વિવિધ સરકારી મેડિકલ કૉલેજોની પીજીની કુલ બેઠકોના ૫૦ ટકા બેઠકો ઉપર ઑલ ઈન્ડિયા ક્વૉટા માટે કેન્દ્રની પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયા થશે અને બાકીની બેકઠો માટે જે તે રાજ્યની મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

હાલ રાજ્યમાં પીજી મેડિકલની ૧૮૦૦થી વધુ બેઠકો છે અને સમગ્ર દેશમાં ૩૦ હજાર જેટલી બેઠકો છે.

**કન્યાઓ શિક્ષણથી વંચિત :** ઍન્યુઅલ સ્ટેટસ ઍજ્યુકેશન રિપૉર્ટમાં દર્શાવ્યા અનુસાર રાજ્યમાં ૧૪ થી ૧૬ વર્ષની ૨૪.૯ ટકા કન્યાઓ શિક્ષણથી વંચિત છે. આ અહેવાલ મુજબ ગુજરાતમાં ૧૪ થી ૧૬ વર્ષની ૨૪.૯ ટકા દીકરીઓ શિક્ષણ મેળવવાથી બાકાત રહી છે વંચિત રહી છે. બિહારમાં આ ટકાવારી ૯.૮ ટકા, ઝારખંડમાં ૧૧.૨ ટકા અને કેરાલામાં ૦.૬ ટકા રહી છે. જ્યારે ભારતમાં ૧૩.૫ ટકા કન્યાઓ શિક્ષણ મેળવવાથી વંચિત રહી છે.

**ટૂંકાવીને**

● સી.એ. ફાઈનલ પરીક્ષામાં દેશના ટૉપ-૫૦ વિદ્યાર્થીઓમાં અમદાવાદના છ વિદ્યાર્થીઓ ઝળક્યા.

●૨૦૧૮ના વર્ષમાં પ્રોફેશનલ કોર્સની ૨.૨૨ લાખમાંથી ૧.૧૦ લાખ બેઠકો જ ભરાઈ. ૬૦ થી ૯૦ ટકા બેઠકો ખાલી.

● યુજીસીના ઑટોનોમસ કૉલેજો અને રિસર્ચ-ઈનોવેશન વધારવા માટે નવા નિયમો. દસ વર્ષથી ચાલતી અને નેકમાં "A"-ગ્રેડ ધરાવતી કૉલેજને હવે યુજીસી સ્વાયત્તાનો દરજ્જો આપશે.

● કોચિંગ વગર અમદાવાદની વિદ્યાર્થીની ફાર્મસી માટેની GPAT પરીક્ષામાં દેશમાં પ્રથમ. એલ.એમ. ફાર્મસી કૉલેજની વિદ્યાર્થિની યવલકર અંકિતા ૧૦૦ પર્સન્ટાઈલ સાથે સમગ્ર દેશમાં પ્રથમ.

● નવા અને જૂના કોર્સ સાથેનું સીએ CA ઈન્ટરમીડિએટનું એકંદરે ૨૮.૯૧ ટકા પરિણામ. અમદાવાદમાંથી ૬ રેન્કર્સ.

● ગુજરાતમાં વધુ એક સરકારી ડેન્ટલ કૉલેજમાં હવે PG ભણાવાશે. PG ની બેઠકો વધી. કેન્દ્ર સરકારે જામનગર કૉલેજને PGની મંજૂરી આપી.

## સરસ્વતી બાળવિહાર - સરસપુર











## સરસ્વતી કુમારશાળા નં.૧









Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
ઘરશાળા ● માર્ચ - ૨૦૧૯ PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

"શિક્ષક મિત્રો જે બાળકો તમને સોંપાયા છે તેમને ચાહો;
અને પછી તમારામાં અને તેમનામાં માણસાઈ ખીલવી શકશો
તો આપણો ઉદ્ધાર નજીક છે"



**પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક**

૧૫-૮-૧૯૦૭ ● ૩૧-૩-૨૦૦૩

હે શિક્ષક અધિનાયક, વંદનીય ગુરુવર્ય આપને કોટી કોટી વંદન - સરસ્વતી પરિવાર

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.